॥ શ્રી યોગેશ્વરોવિજયતેતરામ્ ॥

ગીતા સંદેશ

કર્યા વગર કંઇ મળતું નથી. - મફતનું લઇશ નહિ.

કરેલું ફોગટ જતું નથી. - નિરાશ થઇશ નહિ.

કામ કરવાની શક્તિ તારામાં છે. - લઘુગ્રંથી બાંધીશ નહિ.

કામ કરતો જા, હાંક મારતો જા,
મદદ તૈયાર છે. - વિશ્વાસ ગુમાવીશ નહિ.

પ.પૂ. પાંડુરંગ શાસ્ત્રી આઠવલે

॥ યત્ર યોગેશ્વરઃ કૃષ્ણો યત્ર પાર્થો ધનુર્ધરઃ ।
તત્ર શ્રીર્વિજયો ભૂતિર્ધ્રુવા નીતિર્મતિર્મમ ॥

પૂર્વજોની ગૌરવ ગાથા

(ખરક જ્ઞાતિ)

શ્રી ગણેશાય નમઃ
॥ શ્રી યોગેશ્વરોવિજયતેતરામ્ ॥
શ્રી લક્ષ્મૈય નમઃ

પૂર્વજોની ગૌરવ ગાથા

ખરક જ્ઞાતિ

"ખરક ખેતિમાં રસિયો, મહેમાનમાં મોળો નહિં,
નહિં વણસતી વાત, ખાનદાની તો ખરકની."

॥ શ્રી લક્ષ્મી માતાય નમઃ ॥

સિદ્ધલક્ષ્મી મોક્ષ લક્ષ્મી, જય લક્ષ્મીઃ સરસ્વતી ।
શ્રી લક્ષ્મી વર લક્ષ્મી ચ, પ્રસન્ના મમ સર્વદા ॥

પૂર્વજોની ગૌરવ ગાથા

-: ખરક જ્ઞાતિ :-

-: સંપાદક :-

શ્રી વાલજીભાઈ ભવાનભાઈ કામળિયા

મુ.પો. રાણીવાડા, તાલુકો - મહુવા,
જિલ્લો - ભાવનગર (સૌરાષ્ટ્ર)

-: સંકલન કર્તા :-

શ્રી નાથાભાઈ વીરાભાઈ વાયક

(ભાદ્રોડવાળા)
એ-૨૦૨, દેવપૂજા કોમ્પલેક્ષ,
રોઝવુડ એસ્ટેટ પાસે, જોધપુર ચાર રસ્તા,
સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
ફોન : (૦૭૯) ૬૯૨૯૫૨૦

પ્રાપ્તિસ્થાન : (૧) **શ્રી ઉકાભાઈ ડી. પટેલ**
"આનંદ",
૬૪, ગુજરાત સોસાયટી,
મુ. મહુવા, જિલ્લો-ભાવનગર,
પિન : ૩૬૪ ૨૯૦.
ફોન : (૦૨૮૪૪) ૨૨૨૯૬૯
૨૨૩૨૯૯

(૨) શ્રી નાથાભાઈ વીરાભાઈ વાયક
એ-૨૦૨, દેવપુજા કોમ્પ્લેક્ષ,
રોઝવુડ એસ્ટેટ પાસે,
જોધપુર ચાર રસ્તા, સેટેલાઈટ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૧૫.
ફોન : (૦૭૯) ૨૬૯૨૯૫૨૦

નકલ : **પ્રથમ આવૃત્તિ - ૨૦૦૦ તા. ૨૫-૧-૨૦૦૪**
બીજી આવૃત્તિ - ૨૦૦૦ તા. ૨૧-૫-૨૦૦૬

કિંમત : **૨૦/-**

પ્રકાશક : **વાયક કોમ્પ્યુટર્સ,**
સેટેલાઈટ રોડ,
અમદાવાદ.

-: આભાર દર્શન :-

આપણી ખરક જ્ઞાતિના અણમોલ ઐતિહાસિક વારસા સમાન ''પૂર્વજોની ગૌરવ ગાથા'' ખરક જ્ઞાતિ. પુસ્તકને જ્ઞાતિ બંધુઓ તેમજ જ્ઞાતિના હિતેચ્છુઓ તરફથી સારો એવો પ્રતિસાદ સાંપડ્યો છે. પ્રથમ આવૃત્તિ થોડા જ સમયગાળામાં વેચાય જતા, ફરી જ્ઞાતિબંધુઓની માંગને ધ્યાનમાં લઈને આ બીજી આવૃત્તિ અમો છપાવીને સમગ્ર જ્ઞાતિજનો વચ્ચે મુકતા અતિઆનંદની લાગણી અનુભવી છીએ.

આપણી ખરક જ્ઞાતિનો આ પુસ્તક સ્વરૂપે ઈતિહાસ, આપણી આવનાર પેઢીઓને ગૌરવ પ્રદાન કરે અને પ્રેરણાદાયી સાબિત થાય તેવી સદ્‌ભાવનાના ઉદ્દેશ્ય સાથે તૈયાર કરેલ. તેની પાછળનો પરિશ્રમ અમને તેના વાંચનાર અને તેમાના વિષયોં પર ચિંતન કરનારના પ્રતિસાદથી સાર્થક થતો જણાય છે.

આ પુસ્તક આમ સમાજને ખરક જ્ઞાતિની કાયમી ઓળખ અને પરિચય પુરો પાડવા સક્ષમ છે અને જ્ઞાતિજનો માટે પેઢીઓ સુધી ગૌરવ બક્ષતું અણમોલ રતન સમાન બની રહેશે.

આ ક્ષણે ફરીને અમો આ પુસ્તક તૈયાર કરવા તથા જ્ઞાતિના હાથમાં મુકવા સુધીની સર્વકામગીરીમાં સહયોગ આપનાર સર્વજ્ઞાતિજનો અને હિતેચ્છુ બંધુજનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.

અંતમાં સર્વનો આભાર.

જ્ઞાતિબંધુ



-: લેખકશ્રી :-
વાલજીભાઈ ભવાનભાઈ કામળિયા
મુ. રાણીવાડા, તા. મહુવા, જિ. ભાવનગર

ખરક જ્ઞાતિનું રહેઠાણ

ખરક સ્ત્રીઓનો પહેરવેશ

ખરક પુરુષની પાઘડી



ખરક સ્ત્રીઓના બલોયા



ખરક સ્ત્રીઓનું ભરતકામ

ખરક સ્ત્રીઓનું ભરતકામ (સાંકળા)



દીકરીને આણામાં અપાતી પેટી

ખરક જ્ઞાતિમાં ગણેશ સ્થાપનનું ભરત

શ્રી ખરક જ્ઞાતિમાં શિક્ષણક્ષેત્રે જ્યોત પ્રગટાવનાર

શ્રી રામજીભાઈ ગણેશભાઈ કોરડીયા

મુ.પો. મહુવા, ઠે. બારપરા (મહુવા)
જિ. ભાવનગર (સૌરાષ્ટ્ર) પિન : ૩૬૪ ૨૯૦.

શ્રી ખરક જ્ઞાતિમાં કેળવણીથી પરિણામ સ્વરૂપ તારલા

ડૉ. ભીખાભાઈ ટી. વળિયા
એમ.બી.બી.એસ.
મહુવા

ડૉ. પરસોત્તમભાઈ એસ. ભૂત
એમ.ડી. (લીલીવાવવાળા)
મહુવા

ડૉ. ભટુરભાઈ આર. ભૂત
એમ.ડી. (લીલીવાવવાળા)
મહુવા

ડૉ. બાલાભાઈ ડી. ખોડીફાડ
એમ.ડી. (પીથલપુરવાળા)
ઉના

ડૉ. મગનલાલ આર. કામળિયા
એમ.ડી. (સ્ત્રીરોગ નિષ્ણાત)
(રાણીવાડાવાળા) મહુવા

ડૉ. નાથાભાઈ એન. વાળાંકી
એમ.ડી. (બાળરોગ નિષ્ણાત)
(માળવાવવાળા) મહુવા

ડૉ. ધીરજભાઈ એન. ખોડીફાડ
એમ.ડી. (બાળરોગ નિષ્ણાત)
(કુંભણવાળા) મહુવા

ડૉ. ગોવિંદભાઈ વાળાંકી
એમ.ડી.
(નેપવાળા) મહુવા



શ્રી કાનજીભાઈ એમ. ભૂત
એમ.કોમ., એલ.એલ.બી.
જોઈન્ટ ડીસ્ટ્રી. એન્ડ એડી. સે. જજ

ડૉ. ઓધવજીભાઈ બી. કામળિયા
એમ.બી.બી.એસ.
(રાણીવાડાવાળા) તળાજા

ડૉ. રાઘવભાઈ એસ. સેંતા
બી.એસ.એ.એમ.
(ગુંદરણાવાળા) ભાવનગર

પ્રસ્તાવના

સુજ્ઞ જ્ઞાતિજનો,

હું મારા ગામ "રાણીવાડા"ની ગામઠી શાળામાં પાંચમા ધોરણમાં અભ્યાસ કરતો હતો, ત્યારે એક દિવસ મારા શિક્ષકે વર્ગમાં હસતા-હસતા એક પ્રશ્ન (ઉખાણું) પૂછ્યો હતો.

"ગોળ ગોળ પાઘડી
ને કાનમાં મોટા સોણ,
જુવાર - બંટીનું ખાય ધાન
ઈ વરણ કોણ ?"

આ ઉખાણાના અનુસંધાને મેં ખરક જ્ઞાતિ વિષયક ચાર પાંનાનો નિબંધ લખીને મારા વર્ગશિક્ષકશ્રીને આપેલ. આ નિબંધ પાછળથી "જીવનપ્રકાશ" નામના ત્રિમાસિક અંકમાં પ્રસિદ્ધ થયો હતો. આ પછી મને આપણી જ્ઞાતિ વિષે માહિતી એકઠી કરવાનો શોખ જાગતા બારોટ પાસેથી, જાણકારો પાસેથી તથા અમુક સ્થળોની જાત મુલાકાત લઈને વિસ્તૃત માહિતી મેળવતો ગયો. આમ જ્ઞાતિ ઈતિહાસનાં છૂટાં પડેલ પાનાંઓ એકઠા કરતો ગયો. તેમાંથી આપણી જ્ઞાતિની પ્રગતિ, પ્રવૃત્તિ અને પરિચયના તૂટક તૂટક પ્રસંગો વર્ણવતા ૫૦૦ પાનાં તૈયાર કર્યા હતા.

જેમાં શ્રી પરશુરામજીના યુગથી માંડી રાજપૂત યુગ, મોગલ સામ્રાજય અને છેલ્લે શ્રી ભાવસિંહજીની જાગીરને લઈ, આજ સુધીમાં જ્ઞાતિએ અનુભવેલ આરોહ-અવરોહ, પડકારો અને પરિવર્તન, બાદશાહો અને જાગીરદારો તરફથી મળેલ સહયોગ અને ત્રાસ, તેમજ લોહીનાં સંસ્કારો, ધાર્મિક ભાવના, સહનશીલતા અને પ્રમાણિકતાના ગુણો સાથોસાથ થોડા ઘણા ડરપોકતા અને લોભના ગુણોની વિસ્તૃત માહિતી સમાયેલ હતી. આ સંદર્ભમાં એકઠું કરેલ સાહિત્ય, લખાયેલ નોટબુકો અને કાગળો મારે ત્યાં હજુ સંગ્રહાયેલ છે.

કોઈ કોઈવાર મારાં સંતાનો મજાકમાં કહેતા કે બાપુજી ! તમો પરલોક જશો ત્યારે અમારે લાકડાંની જરૂર નહીં પડે, આ તમારાં ચોપડાં - પુસ્તકો - કાગળો જ તમોને બાળવા - અગ્નિદાહ માટે પૂરતા છે.

મને મનમાં થતું કે મેં છેલ્લાં ૬૦-૬૫ વર્ષથી લખી લખીને તૈયાર કરેલ શ્રી ખરકજ્ઞાતિના ગૌરવવંતા ઈતિહાસના પ્રસંગો (પૃષ્ઠો) આમ ને આમ પડ્યા રહેશે તો ! મને મારી મહેનતની ફિકર ન હતી, પરંતુ આ જ્ઞાતિનો ઈતિહાસ જ્ઞાતિનાં યુવાન તેમજ શિક્ષિત વર્ગ પાસે પહોંચે અને વંચાય, તેઓ જ્ઞાતિનાં ગૌરવ અને લોહીનાં સંસ્કારોથી માહિતગાર બને, પૂર્વજો પ્રત્યે કૃતજ્ઞતા પ્રગટે અને આ સંસ્કારોને ટકાવી રાખવાની પ્રેરણા અને માર્ગદર્શન મેળવે.

હું પોતે અશક્તિને કારણે, ગામઠી ભાષામાં તૂટક તૂટક સ્વરૂપે લખાયેલ ઈતિહાસ, તેને તે જ રીતે જ્ઞાતિજનો વચ્ચે મૂકી શકું તેમ ન હતો. આ લખાણ વ્યવસ્થિત રૂપે તૈયાર કરનાર બુદ્ધિ-શક્તિની જરૂરત હતી. સાથોસાથ નાણાંની પણ જરૂર હતી.

મારા અંતઃકરણની આ વાત મારાં અંગત સ્નેહીશ્રી ઉકાભાઈ ડી. પટેલ - કુંભણવાળાના ધ્યાનમાં આવતા તેમણે જ્ઞાતિ મિત્રોના ધ્યાન પર લાવવાનો પ્રયત્ન કરેલ. કામ કપરું અને અટપટું હતું; અભ્યાસ ને ચિંતન કરવા સમય માગી લે તેવું હતું.

જ્ઞાતિના સદ્‌ભાગ્યે, મારાં અંતઃકરણની પ્રાર્થનાને અને મહેચ્છાને કૃતાર્થ કરવાને, આપણી જ્ઞાતિના અગ્રેસર કાર્યકર શ્રી નાથાભાઈ વીરાભાઈ વાયક ભાદ્રોડવાળા - જેઓ અભ્યાસ અને નોકરીને કારણે ભારતનાં જુદાં જુદાં સ્થળોએ રહીને મહુવા નોકરી અર્થે આવેલ. તેમણે જ્ઞાતિ પ્રત્યે લાગણીથી પ્રેરાઈને, જ્ઞાતિની સાંસ્કૃતિક અસ્મિતા, વારસા અને ગૌરવવંતા ઈતિહાસને વાચા આપવા જ્ઞાતિજનોની જાગૃતિના શુભ હેતુથી જુદાં જુદાં ગામોએ જ્ઞાતિજનોનાં સ્નેહ-મિલનો યોજયા. આવું જ એક સ્નેહ-મિલન રાણીવાડા ગામે પણ યોજ્યું, જ્યાં મેં તેમને ખૂબજ ધ્યાનપૂર્વક સાંભળ્યા. મને તેમનામાં એક આશા કિરણનાં

દર્શન થયા. તેઓને મારા પ્રત્યે લાગણી અને આદરભાવ હોવાથી તેમજ શ્રી ઉકાલાલ ડી. પટેલની ભલામણથી તેઓશ્રીએ (શ્રી નાથાભાઈ વાયકે) મારાં આ કાર્યને પોતાનું જ સમજીને જ્ઞાતિ પ્રત્યે કૃતજ્ઞભાવ દાખવી, મારા લખાયેલાં આડાં-અવળાં પાનાંઓને વ્યવસ્થિત કરીને સંક્ષિપ્ત રૂપ આપી. "શ્રી પૂર્વજોની ગૌરવગાથા" ખરકજ્ઞાતિની પૂર્વ જ્યોતને પુસ્તક રૂપે તૈયાર કરી આપેલ છે. ગામઠી ભાષામાં વિસ્તૃતપણે લખાયેલ વાતોને વર્તમાન સમયને અનુરૂપ ભાષામાં અલંકૃત કરી, લોકભોગ્ય બનાવેલ છે. તેઓશ્રીએ ઊંડો અભ્યાસ અને ચિંતન કરી દરેક પ્રસંગ અને ઘટનાને યોગ્ય ન્યાય આપેલ છે. તેમનાં આ કાર્યથી હું ખૂબજ સંતુષ્ટ થયો છું.

આ પૂર્ણ લખાણ શ્રી ખાટાભાઈ રાજાભાઈ વળિયાની હાજરીમાં મને વાંચી સંભળાવેલ ત્યારે મારા આનંદનો પાર ન રહ્યો અને ખૂબજ ગદ્‌ગદિત થઈ ગયેલ. હું આ શ્રી ખરકજ્ઞાતિની "પૂર્વજોની ગૌરવગાથા"ને પુસ્તક રૂપે પ્રસિદ્ધ કરવાની જ્ઞાતિજનોની માગણીને સહર્ષ સ્વીકારું છું અને પ્રસિદ્ધ કરવાની પ્રસન્નતા સાથે મંજૂરી આપું છું. આશા છે કે આ આપણી ખરક જ્ઞાતિનો ઈતિહાસ આપણી ભાવિ પેઢીને તેમનાં સંસ્કારો જાળવી રાખવામાં મદદરૂપ થાય, એ જ મારા જીવનની શાન્તિ અને ફળશ્રુતિ માનીશ.

આ મારાં કાર્યમાં તમામ જ્ઞાતિબંધુઓએ જાણ્યે-અજાણ્યે સાથ-સહયોગ આપેલ હશે તેઓ સર્વેનો હું ઋણી છું અને સહયોગ માટે આભાર વ્યક્ત કરું છું. સાથે સાથે જૈનાચાર્ય પૂ.આ.વિ. રત્નસુંદરસૂરિ મહારાજ, જેમણે આ પુસ્તકનું નામ "પૂર્વજોની ગૌરવગાથા" તરીકે પ્રકાશિત કરવાની પ્રેરણા અને આશીર્વાદ આપેલ છે. તેમનો પણ આભાર માનું છું.

આપનો સ્નેહાધીન ભાઈ
વાલજીભાઈ ભવાનભાઈ કામળિયા
રાણીવાડા.

સંકલનકર્તાનું નિવેદન

શ્રી નાથાભાઈ વીરાભાઈ વાયક
(ભાદ્રોડવાળા)

વિશ્વના નકશામાં ભારતનું સ્થાન કેટલું ? તેમાં ગુજરાત રાજ્ય, તેનાં જિલ્લાઓમાં ભાવનગર જિલ્લાના માત્ર ભાવનગર, સિહોર, ઘોઘા, તળાજા, મહુવા અને રાજુલા તાલુકાઓમાં જ મુખ્યત્વે વસ્તી ધરાવતી "ખરક જ્ઞાતિ"નો ઈતિહાસ અનેરો છે.

સ્વમાની, અસ્મિતાવાન અને કૃતજ્ઞતાના ગુણો ધરાવતી, મહેનતુ અને સરળ સ્વભાવવાળી આ જ્ઞાતિએ પોતાનાં સંસ્કારો, અનેક ચડતી-પડતીનાં વમળોમાંથી પસાર થતાં થતાં પરિભ્રમણ અને પ્રતિકૂળતાઓની પછડાટ વચ્ચે પણ જાળવી રાખ્યા છે. આજનાં રાજકારણનાં તેમજ ભોગવાદ અને ભૌતિકવાદનાં વાદળો તેમને ઘેરી શક્યા નથી. શિક્ષણક્ષેત્રે અને સામાજિક વ્યવહારથી હંમેશાં પછાત રહેનારી જ્ઞાતિ, પોતાની રીતે એક અનેરી જીવનશૈલી ધરાવે છે.

એક સંશોધન મુજબ આ ખરક જ્ઞાતિ મૂળ શક, ક્ષહરથ (ક્ષત્રપ) માંથી હિન્દુજાતિની એક જ્ઞાતિ બની એમ ઈતિહાસ કહે છે.

ઈ.સ.પૂર્વેની પ્રથમ સદીમાં કાબુલના પહાડી મુલકમાંથી આવેલ શકોએ, ભારતનાં યવન રાજ્યકર્તાઓને મહાત કરી, પંજાબ અને

મથુરાનાં રાજ્યો મેળવેલ. આ શકોની શાખા ક્ષહરથનાં મૂળ પુરુષો ધારક અને ભૂમક હતાં. આમાનાં ભૂમકે માળવા તેમજ સૌરાષ્ટ્રમાં ઈ.સ. ૧૦૦ માં પોતાનો અધિકાર સ્થાપ્યો હતો. આશરે પહેલી સદીથી ભૂમકે દરિયાકિનારે ઘોઘાથી મહુવા સુધીના કાંઠા પર પોતાનું આધિપત્ય જમાવ્યું હતું.

આ શક-ક્ષહરથ રાજા ભૂમકે પોતાના નામ પરથી "ભૂમિલિકા નગર" વસાવ્યું, જે નગર હાલ "ભૂંભલી" નામે ઓળખાય છે, જે ભૂંભલીમાંના ખરકની વસ્તીની પ્રાચીનતાની ગવાહી પૂરે છે. ચંદ્રગુપ્તના સૈનિકોએ ઈ.સ. ૩૯૫ માં શકોના રાજ્યનો નાશ કર્યો. આમ, ત્રણસો વર્ષ સુધી શક-ક્ષહરથનું શાસન સૌરાષ્ટ્રમાં રહ્યું હશે.

આ શક-ક્ષહરથ પ્રજા સૌરાષ્ટ્રમાં સ્થિર થઈ હિન્દુધર્મ અપનાવી લીધેલ અને મૂળ પ્રજા સાથે ભળી ગયા. સમયાંતરે ક્ષહરથમાંથી ખરક જ્ઞાતિ થયેલ એમ મનાય છે.

બીજું આ પ્રજા શ્રીમાળ માળવા ગઈ અને ત્યાં વેપાર-વણજનો ધંધો પોઠો પર કરતા. ખર-ખચ્ચર-ગધેડા-ઘોડા પર માલ લાદીને એક સ્થળેથી બીજા સ્થળે વેપાર અર્થે હંકારી જતાં તેથી તળપદી ભાષામાં ખરહંકાથી ઓળખાતા હશે. આ શબ્દ ઉજ્જૈનમાં જમણવારના નોતરા વખતે ખરહંકા શબ્દ વપરાયેલ. જેના પરથી સમયાંતરે ખરક શબ્દ પ્રયોજાયો હશે એમ મનાય છે.

શ્રીમાળ ભાંગતા આ પ્રજા સમયના વહેણ સાથે અટવાતી - પછડાતી અહીંથી તહીં કઈ સ્થાનોએ ભટકતી રહી. તેઓએ ચડતી-પડતીના દિવસો પસાર કરી ફરી ધોળકા તથા ગારીયાધાર થઈ ભાવનગર જિલ્લામાં મુખ્યત્વે ત્રણ તાલુકાઓમાં સ્થિર થઈ. અહીંયા કણબી અને કોળી લોકો સાથે રહી, તેના રીત-રિવાજો અને પહેરવેશ અંગીકાર કરેલ તથા ખેતીવાડી અને પશુપાલન-ઢોર ચરાવવાનો વ્યવસાય-ધંધો અપનાવેલ.

ખૂબજ રખડતા - રઝળતા રહેલ હોવાથી શિક્ષણક્ષેત્રે પછાત રહ્યા અને જીવન સંકુચિત બન્યું. પોતાના જ વ્યવસાય-ધંધામાં રચ્યા પચ્યા રહેવાથી ગ્રામ્ય સમાજમાં પ્રભાવશાળી બન્યા નથી. આ જ્ઞાતિને રાજકારણ સ્પર્શી શક્યું નથી છતાં સ્વભાવે સરળ અને મહેનતુ પ્રજા તરીકે સ્થાનિક લોકોમાં માન-પાન મેળવનાર જ્ઞાતિ જરૂર બની.

તેથી ખરક શબ્દનો અર્થ એમ પણ કરી શકાય કે ખ=ખરા (સાચાં), ર=હૃદયપૂર્વક અને ક=કર્મ કરનાર અર્થાત્ ખરા હૃદયથી કામ કરનારી જ્ઞાતિ-ખરક. આ જ્ઞાતિ જે ક્ષેત્રમાં હશે તે ક્ષેત્રમાં પુરુષાર્થથી હટશે નહીં. આ જ્ઞાતિ પરિશ્રમી, ખંતીલી, ઉદ્યમી અને અસ્મિતાવાન જ્ઞાતિ તરીકે પ્રતિષ્ઠિત થયેલ છે. અત્યારે શિક્ષણમાં જ્ઞાતિને પાંખો આવતા, કેવળ ૭૨ જ ગામોમાં બંધાય ન રહેતા, સમગ્ર ગુજરાત તેમજ ગુજરાતની બહારના પ્રદેશોમાં પણ નોકરી-ધંધા વ્યાપાર અર્થે ફેલાયેલ છે. સરળ-સાદી જીવનશૈલી સાથે પોતાનાં આગવાં સંસ્કારો ભૂલી નથી. ભૌતિકવાદ અને ભોગવાદના તાંડવ નૃત્ય વચ્ચે પણ આ જ્ઞાતિ શાન્ત, સમાધાની તેમજ સુખી જીવન પ્રણાલી અપનાવી, જીવનનાં નૈતિક મૂલ્યો અને ધર્મ-ભક્તિના આગ્રહી રહેલ છે.

શ્રી ખરક જ્ઞાતિનો ઈતિહાસ અનેરો અને પ્રેરક છે. ભાવી પેઢીને સંસ્કાર સિંચનના શુભ આશયથી તેમજ જ્ઞાતિના અંતિમ સદસ્ય સુધી પ્રચલિત અને જ્ઞાત થાય તેવી ઈચ્છા જ્ઞાતિના વયોવૃદ્ધ વડીલ શ્રી વાલજીભાઈ ભવાનભાઈ કામળિયા - ગામ રાણીવાડાની હતી. તેઓશ્રીએ પોતાના જીવનકાળમાંજ ઓછી શૈક્ષણિક લાયકાત હોવા છતાં, જ્ઞાતિ ગૌરવના ઈતિહાસનાં પાનાંઓ ખોલવાનો, તેને ગ્રંથીત કરવાનો અથાગ પ્રયત્ન કરેલ છે. તેણે આ કાર્ય માટે વાંચન, મનન, ચર્ચા વિગેરે કરેલ છે. સ્થળોની જાત મુલાકાત પોતાના સ્વખર્ચે કરેલ છે. જે પ્રશંસાપાત્ર છે. સહજ પ્રેરણાથી આ જ્ઞાતિનો ઈતિહાસ તૈયાર કરવામાં આવ્યો છે, જે જ્ઞાતિજનો વાંચશે, તેઓને જરૂર જ્ઞાતિ વિષે જાણવા મળશે અને જીવનમાં પ્રેરણાદાયી નીવડશે જ.

આ ઈતિહાસ સંપૂર્ણ નથી, તેના ઐતિહાસિક પુરાવાઓ પણ બધા જ લભ્ય નથી, પરંતુ શક્ય એટલા મેળવવાનો પ્રયત્ન કરેલ છે. સંશોધનાત્મક દષ્ટિથી જ્ઞાતિ પ્રત્યેની લાગણીભાવથી શ્રી વાલજી બાપાના સ્વહસ્તે લખાયેલ ઐતિહાસિક પ્રસંગોને વ્યવસ્થિત સંકલન કરી તૈયાર કરેલ છે. તેમાં ક્ષતિઓ હોઈ શકે. કાળ-સમયની ગણતરીમાં પ્રસંગોને યથાર્થ ન્યાય ન આપી શકાયો હોય તેમ પણ બન્યું હશે. આપણા જ્ઞાતિના પૂર્વજો વણઝારા રૂપે વ્યાપાર કરતા હતા. તેથી અનેક સ્થળોએ ફર્યા, કેટલાં કુટુમ્બો ક્યાં ગયા, ક્યાં સ્થિર થયા ? પ્રતિકૂળતાને કારણે સ્થાન છોડી ક્યાં અને ક્યારે ગયા ? તેનો ક્યાસ કાઢવો અઘરો છે. પૌરાણિક કાળને છોડી દઈએ તો પણ ઓછામાં ઓછાં ૨૦૦૦/૨૫૦૦ વર્ષના સમયગાળાનાં અનેક પરિવર્તનોના સાક્ષી, આ પ્રજાના પૂર્વજોના ઈતિહાસને ક્રમબંધ ગ્રંથીત કરવાનું કામ કપરું તો હતું જ. કદાચ આ કાર્યમાં કોઈ ક્ષતિ રહી ગઈ હોય, તે સંકલનકર્તાની ગણીને ક્ષમ્ય કરશો. આપણે તેમના વંશજ, તેમના ઈતિહાસના અભ્યાસથી તેઓના સદ્‌ગુણો અને ગૌરવને જાળવી રાખવા દઢ સંકલ્પિત થઈશું આ જ તેની પાછળ કરેલ પરિશ્રમનું શ્રેય પાસું ગણાશે.

આભાર.

-: સંકલનકર્તા :-

શ્રી નાથાભાઈ વીરાભાઈ વાયક

(ભાદ્રોડવાળા)

એ-૨૦૨, દેવપૂજા રેસીડેન્સ કોમ્પલેક્ષ,
રોઝવુડ એસ્ટેટ સામે, જોધપુરગામ,
જોધપુર ચાર રસ્તા, સેટેલાઈટ રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૧૫. (ગુજરાત)

અનુક્રમણિકા

-: પૂર્વજ્યોત :-

૧. શ્રી ગુર્જર વણિક ખરક જ્ઞાતિ પૂર્વજ્યોત ૧૩
૨. શ્રી ખરક જ્ઞાતિના રક્ષિત પિતાશ્રી પરશુરામજી ૧૪
૩. અધિષ્ઠાત્રી દેવીશ્રી મહાલક્ષ્મી ૧૬
૪. શ્રી પરશુરામજીની શીખ - આશીર્વાદ ૧૬
૫. પણીયા વૈશ્યોનું પરિભ્રમણ ૧૯

-: પરિવર્તન :-

૬. પણીયા જાતિનું રાજપૂતમાં પરિવર્તન ૨૦
૭. વાછડાવીર પૂજાય છે તેનું કારણ ૨૧
૮. ગુર્જર વણિકની વિકટવેળા ૨૩
૯. આપણા પૂર્વજોના ઉચ્ચ વિચાર અને જીવનધારણા ૨૪
૧૦. પૂર્વજોનું ગોઝારું પ્રભાત - બન્યા ખરક ૨૭
૧૧. પાંચાલમાં વસવાટ ખરક તરીકે ઓળખાયા ૨૯
૧૨. પાટણમાં ફરી પ્રગતિ ૩૦
૧૩. સિદ્ધપુરાગોરનું યજમાનપદ ૩૧
૧૪. શ્રી બારોટ રાજનું આગમન ૩૨
૧૫. પાટણનું પતન ૩૨
૧૬. સ્ત્રીઓમાં લાજ પ્રથાની શરૂઆત ૩૩
૧૭. ધવલપુરનો યાદગાર પ્રસંગ ૩૩
૧૮. પંજાબથી ગોહિલવાડમાં વસવાટ ૩૫
૧૯. જેઠાદાદાની કરમ કહાણી ૩૬
૨૦. બુઝર્ગ બાલચંદની બુદ્ધિમત્તા ૩૭
૨૧. ગારીયાધારમાં વસવાટ ૪૦
૨૨. ખરક જ્ઞાતિના રીતરિવાજો ૪૧
૨૩. લોદીવંશના ત્રાસે અવદશા ૪૧

-: બારોટનું બલિદાન :-

૨૪. બારોટજીના જીવાઈ ખાતર જીવનાં બલિદાન ૪૫
૨૫. ગારીયાધારથી હીજરત ૫૧
૨૬. ગોહિલ દરબારની જાગીરમાં ૫૨
૨૭. વસવાટ - પહેરવેશ અને અટકો સ્થિર થઈ ૫૨

-: ઉચડી ગામે આગમન :-

૨૮. ઉચડી ગામે આગમન વસવાટ ૫૮
૨૯. આપણા પૂર્વજોની ધર્મભાવના ૬૦
૩૦. પૂનર્લગ્ન પ્રથાનો સ્વીકાર ૬૪
૩૧. શ્રી ભાવસિંહજીની નજરમાં વસ્યાં ખરક ૬૪

-: ખરક જ્ઞાતિનો સુર્યોદય :-

૩૨. ગોહિલ રાજની જાગીરમાં ૬૮
૩૩. જ્ઞાતિનું પ્રથમ ધારાધોરણ ૬૯
૩૪. રાઘવ પટેલની રાજભક્તિ ૭૦
૩૫. મુળાભાઈ ચભાડીયા પ્રત્યે રાવબાપુની રખાવટ ૭૧
૩૬. મહુવા પરગણામાં વસવાટ ૭૨
૩૭. કામદાર વાલજી પારેખના ગામોમાં વસવાટ ૭૩
૩૮. મોરંગી બન્યું મોહ રંગી ૭૪
૩૯. ભાણાવાવમાં મહેક ભલમનસાયની ૭૪
૪૦. ખરકની ખાનદાનીનો પુરાવો ૭૫
૪૧. જ્ઞાતિનું સંગઠન ૭૭

-: કેળવણી :-

૪૨. શ્રી ખરક જ્ઞાતિમાં કેળવણીનો ઉદય ૮૩
૪૩. શિક્ષણ જ્યોતને ઝંઝાવાતી થપાટ ૮૫
૪૪. અભણ જ્ઞાતિની સૂઝનું દ્રષ્ટાંત ૮૭
૪૫. જ્ઞાતિ બંધારણમાં સંગીન ફેરફાર ૮૯
૪૬. સમૂહ લગ્ન આગવું સોપાન ૯૧
૪૭. જ્ઞાતિનો સામાજિક ઉત્કર્ષ ૯૨

-: સંદેશયાત્રા :-

૪૮. શ્રી ખરકજ્ઞાતિ ગૌરવ સંદેશયાત્રા ૯૬

જ
ય
ય
ર
શુ
રા
મ

જ
ય
ય
ર
શુ
રા
મ

अग्रत श्चतुरो वेदाः पृष्ठतः सशरंधनः ।
इदंब्राह्मं इदंछात्रं शापादपिशरादपि ।।

ç{ç}æç{ç}æç{}æì. ç{ç}æô{ç{ç}æô{ç{ç}æ.Îé¢Îéç|æÁéÎ ¨¨Ðê}æï}æ²ï
{é}æ{é}æ{é¢{é}æ{é¢{é}æ{é¢{é}æàæ¶ÇÝÁéÎ ¨ëæÝé¸ï J
±ïÎÐéÍJæ}æäç¸ãæ¨¨ëÐêç.¸¸ï ±ñçÎÜJæææïÐíÎæïºé¸ï
...² ...² ãï. }æ{é¨êÎÝ ÜJæç}æçÝ Ÿæè{ÝHçÿ}æÐæH² }æè}æì. JJ

-: પૂર્વજોની ગૌરવગાથા :-

૧) શ્રી ગુર્જર વણિક ખરક જ્ઞાતિ - પૂર્વજ્યોત :-

આપણો વિશાળ ભારત દેશ મહાન છે. તેની ત્રણેય બાજુઓએ સમુદ્રનાં મોજાંઓ પગ પખાળી રહ્યા છે, તો બીજી બાજુ સંત્રી બનીને બરફાચ્છાદિત હિમાલય અડીખમ ઊભો છે.

આ ભૂમિએ અનેક અવતારો, પ્રાતઃ સ્મરણીય ઋષિઓ અને મહામાનવો આપ્યા છે. ગંગા, યમુના, સરસ્વતી, નર્મદા, કૃષ્ણા, કાવેરી અને બ્રહ્મપુત્રા જેવી પાવન નદીઓનો પ્રવાહ ખળખળ વહી રહ્યો છે. તેમજ તેના પેટાળમાં અનેક પ્રકારનાં ખનિજો, ઔષધસભર વનરાજીઓ, હવામાનની ભેટ-સોગાદોથી ભરપૂર એવો આ દેશ અદ્‌ભુત - અજોડ છે. તેથી જ કહેવાનું મન થાય કે - **"મેરા દેશ મહાન."** આ દેશમાં અનેક જ્ઞાતિઓ, જાતિઓ, વિવિધ ધર્મ અને પંથના ભિન્ન ભિન્ન લોકો વસે છે. ઉત્તરે હિમાલય, સપ્ત સિન્ધુના પ્રદેશથી દક્ષિણે નર્મદાનો, પશ્ચિમ ઉત્તર કિનારાનો પ્રદેશ આર્યાવર્તને નામે ઓળખાતા પ્રદેશમાં વસતા લોકો આર્ય કહેવાયા. વિંધ્યાચલ પર્વતના જંગલોવાળા પ્રદેશથી દક્ષિણના સિંહલદ્વીપ સુધીનો પ્રદેશ અનાર્યવર્ત તરીકે ઓળખાતો. આ પ્રદેશમાં વસતા લોકો અનાર્ય કહેવાતા, જેઓ દુરાચારી, દુરાગ્રહી, માંસાહારી અને પાપાચારી હતા.

શ્રીમદ્ ભાગવત પુરાણ પ્રમાણે ભગવાન નારાયણ શેષનાગની શય્યા પર સૂતા છે. તેમના નાભિકમળમાંથી બ્રહ્માની ઉત્પત્તિ થઈ. અનેક જળચર, વનચર અને વાયુવિહાર કરવાવાળા જીવો નિર્માણ થયા અને કાળ વીતતા બ્રહ્માએ સૃષ્ટિનું નિર્માણ કર્યું અને સંચાલન કરવા જ્ઞાની, તેજસ્વી મનુષ્યો ઉત્પન્ન કર્યા.

બ્રહ્માએ પ્રકૃતિ (માયા) ઉત્પન્ન કરી અને પુરુષ ઉત્પન્ન કર્યો અને સૃષ્ટિની રચના, રક્ષણ અને વ્યવસ્થા કરવા આદેશ આપ્યો, જેમાં દક્ષ, મરીચી અને મનુભગવાન જેવા મહાનુભાવો ઊભા થયા.

વ્યવસ્થાના ભાગરૂપે શ્રી વેદવ્યાસે ચાર વેદ (ઋગ્વેદ, સામવેદ, યજુરવેદ, અથર્વવેદ), ચાર વર્ણો (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, ક્ષૂદ્ર), ચાર આશ્રમ (બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ) સ્થાપી. દરેકની જીવનશૈલી, કર્તવ્યાચરણ નક્કી કર્યા. આમ, શ્રી વેદ વ્યાસ આપણા વૈદિક ધર્મના સંસ્કારદાતા પિતા છે. તેમણે વાગ્મયના વૈભવ દ્વારા માનવ જીવનનું ઘડતર કર્યું.

૨) શ્રી ખરક વૈશ્ય વર્ણના રક્ષિત પિતાશ્રી પરશુરામજી :-

ઘણા યુગ પરિવર્તન પછી ભારત દેશના ખંભાતના અખાતને મળતી નદીઓ નર્મદા અને તાપી વચ્ચેનો પ્રદેશ ભૃગુકચ્છ નામે ઓળખાતા પ્રદેશમાં તૃપ્સુગ્રામ અને મહિષ્માવતીમાં અનર્ત નાગલોકની ભૂમિ ગણાતી હતી. શ્રી પરશુરામજીનો જન્મ ભૃગુકચ્છમાં માતા રેણુકા અને પિતા જમદગ્નિને ત્યાં થયો હતો. તેઓ ક્ષત્રિયોના અત્યાચાર રૂપી ભારને ઉતારવા તેમજ વામમાર્ગીને રાહ દર્શાવવા જન્મ્યા હતા. માતા રેણુકા પરની ચારિત્ર્ય શંકાથી ઋષિ જમદગ્નિએ તેમના પુત્રોને માતાનો વધ કરવાનો આદેશ આપેલ, પણ તે કામ કોણ કરે ? પરશુરામ અભ્યાસાર્થે ઋષિ આશ્રમે ગયેલ, ત્યાંથી પાછા આવતાં તેને જાણ થઈ પિતા પ્રત્યેની કૃતજ્ઞતાના ભાવે, માતા રેણુકાને મારી નાખવાના હેતુથી ગાંધર્વનગર ગયા. પાછા ફરતા ભૃગુકચ્છથી ૧૦૦ કિ.મી. દૂર શેત્રુંજીના રેતાળ પ્રદેશનાં ઉપવનોમાં વિશ્રાંતિ કરવા ઝૂંપડી બાંધીને માતા સાથે રોકાયા.

તે સમયે એક ઘટના બની કે દસ્યુ લોકો બ્રાહ્મણ કન્યાઓને ઉપાડી જતા હતા. ઋષિઓના સહકારથી તે વખતના દશ (દક્ષ) રાજાઓ એકત્રિત થઈ, દસ્યુઓનો ખુડદો બોલાવવા લાગ્યા. તે જ સમયે મારવાડીપ્રદેશમાં વસનારા આપણા પૂર્વજો પણીયા વણઝારા નામે ઓળખાતા ૫૦૦ જેટલી પોઠો અને ૧૫૦ ગાડાઓ લઈ સહપરિવાર, યુદ્ધના સપાટ પ્રદેશમાં રાતવાસો રહેલાં. યુદ્ધમાં પરાભવ થયેલ દસ્યોનાં ૫૦ જેટલા સૈનિકો પાછળથી નાસીને ભાગતા ભાગતા, આપણા

પૂર્વજોની પોઠો લૂંટતા ગયા અને રક્ષકો અને બાળબચ્ચાંને મારતા ગયા. તેમાંના ભાગેડુ બે દસ્યો ધનપાલની પુત્રી કલ્યાણીનું અપહરણ કરી જંગલમાં નાસી ગયા. આ સમાચાર પર્ણીયા વણઝારના મુખ્ય ગણાતા વૃશ્ચિક, ધનપાલ અને ગોપાલ, જેઓ વ્યાપારઅર્થે તુષ્સુગ્રામ ગયેલ, તેમને જાણ થઈ. તેઓ રેણુકા માતાની પર્ણકુટીરે આવી, આર્તનાદ કરી વિનંતી કરી કે અમારી કન્યાને દસ્યુઓ ઉપાડી ગયા છે તેને બચાવો.

આ ભયભીત પણીયાઓને માતા રેણુકાએ આશ્વાસન આપ્યું. તેવામાં શ્રી પરશુરામ આવ્યા. તેઓ પરિસ્થિતિ પામી જઈ, દુષ્ટોને ત્રાડ પાડી ખબરદાર કર્યા ! પણીયાઓએ પરશુરામજીને વિગતે વાત કરી, પોતાની કન્યાને બચાવી લેવા વિનંતી કરી કહ્યું કે, ભલે અમારું લૂંટાઈ ગયેલ બધું જ ધન પરત ન આવે, પરંતુ અમારી ઈજ્જત લુંટાશે તો અમે કંઈના નહીં રહીએ. અમારી પારેવડા જેવી ગભરુ કન્યાને બચાવી લ્યો. શ્રી પરશુરામજીએ સર્વેને આશ્વાસન આપી કહ્યું કે આ જ મારો ધર્મ છે. તમો કોણ છો ? ક્યાંથી આવ્યા છો તે જણાવો.

આપણા પૂર્વજો પણીયા વણઝારાએ પોતાનો પરિચય આપ્યો કે અમો મારવાડ પ્રદેશના વતની છીએ. જાતે વૈશ્ય, શાખા પણી અને કશ્યપ ગોત્રનાં છીએ. ભૃગુકચ્છ બાજુએ વેપાર-ધંધો કરવા આવીએ છીએ. તાપસ લોકો સાથે વહેવાર હોવાથી તેઓ વહેવારીયા નામે ઓળખે છે. પરિચય અને સમય પારખી શ્રી પરશુરામજીએ જણાવ્યું કે સમય ખરાબ છે, ચારે બાજુએ અંધાધુંધી ફેલાયેલ છે, ક્ષત્રિયો ઉન્માદી થયેલા છે, દસ્યુઓ ત્રાસ વર્તાવી રહ્યા છે, ત્યારે હું માત્ર મારું જ ગોત્ર બચાવી શકું તેમ છું. જો તમો મારું ગોત્ર સ્વીકારો અને શિવને ઈષ્ટ દેવ તરીકે અપનાવો તો તમોને શરણાગતિ આપું.

ભયભીત બનેલા પણીયાઓએ સમયાનુસાર ભાર્ગવગોત્રનો સ્વીકાર કરી લીધો. તુરત જ પરશુરામે દુષ્ટ દસ્યો પાછળ પડી, બાણ છોડી, ભાગતા દસ્યુનો હાથ કાપી નાખીને તેમના હાથમાંથી કન્યાને છોડાવી અને દસ્યુઓને મારી નાખ્યા.

કલ્યાણી કન્યા મુક્ત થતાં, શ્રી પરશુરામજીનાં ચરણોમાં પડી, કૃતજ્ઞતાભાવે બોલી કે બાપજી ! આપ જ મારા પ્રભુ છો. આપે જ મને દુષ્ટોનો ભોગ બનતા બચાવી છે. શ્રી પરશુરામજી તેને પોતાનાં માતાજી રેણુકાજીની પર્ણકુટીરે લઈ આવ્યા. તેમના પિતાજી અને બીજા વડીલોએ કન્યાને હેમખેમ આવેલી જોઈ બધાં ગદ્‌ગદિત થયા અને શાન્તિનો શ્વાસ લીધો. કલ્યાણી કન્યા રેણુકાજીના ચરણમાં પડી અને રેણુકામાતાજીએ તેને આશીર્વાદ આપ્યા કે ભગવાન શંકર તારું કલ્યાણ કરે. આમ, શ્રી પરશુરામજી આપણા પ્રથમ રક્ષિત પિતા બન્યા, ત્યારથી જ આપણે ભાર્ગવગોત્રી બન્યા.

શ્રી પરશુરામજીએ આપણા પૂર્વજોને ઉપદેશ આપેલ :-

"આચાર પ્રથમો ધર્મ, દ્વિતીયો સંત સન્માન, સ્ત્રીયા રક્ષણ તૃતીયો કહ્યો, ચતુર્થો ધર્મ સ્વમાન." ગૃહસ્થાશ્રમમાં રહી નીતિ-ન્યાયથી આજીવિકા મેળવજો. ખેતી, પશુપાલન, વેપાર વિગેરે દ્વારા અન્ન-ધન મેળવજો અને તેને વિવેકથી વાપરજો, તો સુખી થશો. આપ ધર્મ-ઉપદેશને બરાબર પાળજો. કદી વ્યાજ-વટાવની કમાણી ન કરશો. તમારી કન્યાને મેં બચાવી છે, તો તમો તમારી કન્યાઓનું કન્યાદાન દેજો પરંતુ કન્યાવિક્રય કદી ન કરશો.

૩) વૈશ્ય પણીયાના અધિષ્ઠાત્રી દેવી શ્રી મહાલક્ષ્મી :-

શ્રી પરશુરામ ગુર્જર વણિક પણીયા જ્ઞાતિના રક્ષક પિતા થયા. તેના આદેશથી ભાર્ગવગોત્રનો સ્વીકાર કર્યો. આપણે ભાર્ગવપુત્રી શ્રી મહાલક્ષ્મીજીને (કુળના) અધિષ્ઠાત્રીદેવી તરીકે સ્વીકાર્યા. જેનું આજે પણ આપણે પૂજન-અર્ચન કરતા રહ્યા છીએ. માતાજીનાં શિખરબંધ મંદિરો ઠળિયા તથા મહુવા મુકામે આપણી જ્ઞાતિ દ્વારા બંધાવાયા છે.

૪) શ્રી પરશુરામ દ્વારા પણીયા-વૈશ્યના સ્વભાવ અને સંસ્કારની પરીક્ષા અને માતા રેણુકા તથા સંસ્કારદાતા શ્રી પરશુરામની શીખ અને આશીર્વાદ :-

કન્યા કલ્યાણી મળ્યા પછી માતા રેણુકાની પર્ણકુટીરે બે દિવસ

રોકાયા. ત્રીજે દિવસે જવાની તૈયારી કરી. પોઠો તૈયાર કરી. ત્યારે પૂર્વ દિશામાં ગીધો ઊડતા જોઈ, અપશુકનનાં ચિહ્નો જણાતા, તેઓએ પોઠો પરથી સામાન ઉતારવા લાગ્યા, ત્યારે શ્રી પરશુરામજીએ પૂછ્યું - કેમ તમે લોકો પોઠો પરથી સામાન ઉતારવા માંડ્યા ? શું તમારે આગળ વેપાર અર્થે નથી જવું ? શું તમોને હજુ પણ ડર લાગે છે ? ડર લાગતો હોય તો તમોને વસ્તીવાળા પ્રદેશ સુધી મૂકી જાઉં ? ત્યારે પણીયા લોકોએ જણાવ્યું કે અમોએ આકાશમાં ગીધોને ઊડતા જોયા, જેને અપશુકન સમજીને અમો આજે અહીંજ રોકાઈ જઈશું.

શ્રી પરશુરામજી તેમનો ભ્રમ ભાંગવા તેમની સાથે શેત્રુંજીના કિનારે - અનુપ્રદેશની સરહદે - સમરાંગણને સ્થળે તેમને લઈ ગયા. ત્યાં તેઓએ અસંખ્ય યોદ્ધાઓ, હાથીઓ અને અશ્વોને તરફડતા જોયાં. સરહદપાર વિજયનાં વાજાંઓ અને શંખનાદો થતાં હતાં તેમજ શ્વેત ઘોડાવાળા, શ્વેતરથમાં ગુરુવશિષ્ઠ અને સંત દીવોદાસને પણ દૂરથી જોયા.

પણીયા વણઝારાઓનાં સ્વભાવ અને સંસ્કારની કસોટી કરવા, તેમણે કહ્યું કે સમરાંગણમાં પડેલાં મૃતદેહો પરથી તમારે જે કાંઈ જોઈતું હોય તે લઈ લ્યો. ભયભીત થયેલા તેઓ થોડાં ઝંખવાણા; પરંતુ પરશુરામજીએ ડર્યા વિના જે લેવું હોય તે લઈ લ્યો - એમ જણાવ્યું. પણીયા વણઝારાઓએ વણિક સ્વભાવના લોભીવૃત્તિવાળા હોવાથી શબો પરથી સોના-ચાંદીનાં ઘરેણાંઓ, હીરા-રત્ન જડિત શણગારો લઈ લીધાં. ઘોડાઓ પરથી સોનાની ઘુઘરમાળા, રથની રત્નજડિત કાંગરીઓ, કાનનાં કુંડળો, કાળા રંગનાં દોરાની દડીઓ વિગેરે ઉતારી લઈ, પર્ણકુટીર પર પાછાં ફર્યા અને માતા રેણુકા સમક્ષ રજૂ કર્યું. માતાજીએ પૂછ્યું, બેટા આ બધું ક્યાંથી ઉઠાવી લાવ્યા ? માતાજીએ વિગત જાણીને નિઃશ્વાસ નાખતાં કહ્યું કે - લોભની પણ કંઈ હદ હોય છે. આવી બિનઅધિકૃત કમાણીથી - વ્યાપારમાં વૃદ્ધિ થશે પણ આવી નબળી સંપત્તિ તમારો વિનાશ નોતરશે - આમાંથી દસમો ભાગ પુણ્યાર્થે વાપર્યા પછી જ ઉપયોગ કરજો. અલંકારો વચ્ચે કાળા રંગની દોરી, આંજણની દાબડી

જોઈને કહ્યું કે પણીયાઓ, કાળો રંગ દાનવી છે. વૈશ્યોએ તેમને ન અડકાય. ભવિષ્યમાં નીચેનાં કાર્યો ન કરવા આદેશ આપ્યો.

૧) છોકરાંઓનાં ચાપા ન વિંધાવવા ને કુંડળ ન પહેરાવવાં.
૨) કાળો બળદ ન પાળવો.
૩) કાળો ગોળો પણિયારે ન મૂકવો.
૪) દીકરાની વહુના ચણિયાઓને કાળી કોર ન મુકાવવી.
૫) અભેરાય કંડારવી નહીં, કોઠલા, કબાટને કાંગરી ન કંડારવી.
૬) બળદને ઘુઘરમાળ ન બાંધવી.
૭) કાજલ ન આંજવું.
૮) તમોએ સમરાંગણમાંથી સોનું ઉપાડ્યું છે તેથી તમોને કાયમી સોનાનો મોહ રહેશે. તમો કમાશો પણ તૃપ્તિ નહીં થાય.
૯) તમોએ સમરાંગણમાંથી હથિયારો-શસ્ત્રો નથી ઉપાડ્યા તેથી તમારી જાતિ સદાય ડરપોક રહેશે. માટે કોઈની સાથે વેરઝેર ન કરશો.

"વ્યાપારે વિકસો સદા, વ્યાજે વિપરીત વાત,
કન્યા વિક્રય કરશો નહીં, વેરથી વલોપાત."

શ્રી પરશુરામજી પાસેથી પણ દીક્ષા ગ્રહણ કરી, ગુરુમંત્ર અંગીકાર કર્યો. નીચેના આદેશો સ્વીકાર્યા.

(૧) કંઈ પ્રાપ્ત કરવા, મહેનત કરવી તે માનવતા છે, પરંતુ અધિકાર વગરની વસ્તુ પ્રાપ્ત કરવા રક્ત વહેવડાવવું તે નરી દાનવતા છે.
(૨) કદી પણ હઠાગ્રહ ન કરવો.
(૩) વિજયનો ગર્વ ન કરવો.
(૪) આત્મબળ, સત્યનિષ્ઠા અને આત્મશ્રદ્ધાથી જીવવું.
(૫) સ્વમાન જાળવી રાખજો.

આમ, માતા રેણુકા અને પરશુરામજીનાં આશીર્વાદ અને આદેશ અંગીકાર કરી અનુપ્રદેશ વટાવી ભૃગુકચ્છ વેપાર અર્થે આવ્યા અને ત્યાં વેપાર કરવા લાગ્યા.

શ્રી પરશુરામે તેમનાં માતાનું શ્રાદ્ધ-તર્પણ સિદ્ધપુરમાં કરેલ. પિતાજીનું પીંડદાન ગયાજી કરેલ અને તર્પણ પ્રયાગ (અલ્હાબાદ) કરેલ.

આપણે ભાર્ગવગોત્ર સ્વીકાર્યું હોવાથી, આપણે પણ શ્રાદ્ધ, પીંડદાન અને તર્પણ અનુક્રમે સિદ્ધપુર, ગયાજી અને પ્રયાગમાં કરવાનું ઉત્તમ માનીએ છીએ.

૫) પણીયા વૈશ્યોનું પરિભ્રમણ પણ સંસ્કારના આગ્રહી રહ્યા :-

શ્રી પરશુરામજીએ ભારત ખંડના તમામ પ્રદેશોમાં જયાં જયાં આસુરી ક્ષત્રિયો - રાજ્યકર્તાઓ હતા તેવા ક્ષત્રિયોને રાજ્યકર્તાઓને હણતા હણતા ફર્યા હતા. જેમાં હૈહયકુળને તો નિર્મૂળ બનાવી દીધું. ઘણા રાજ્યકર્તા - ક્ષત્રિયો ભયથી જંગલો અને પહાડોમાં નાસી ગયા. રાજ્યવ્યવસ્થા તૂટી પડી, પ્રજા વેરવિખેર થઈ ગઈ. ધંધા, વિદ્યાભ્યાસ, યજ્ઞો અને હુન્નર કળાઓ સાથે ખેતી વિગેરે છિન્ન-ભિન્ન થઈ ગયા.

આવા પરિવર્તન સમયે વૈશ્ય પણીયા લોકો પણ ભયના માર્યા અલગ અલગ સ્થાનો પર ચાલ્યા ગયા. એક અંદાજ મુજબ આપણા પણીયા પૂર્વજો ફરી મારવાડ દેશ પાછા ગયા હશે. પણીયા ક્યાં, કેટલાં અને ક્યાં સુધી જઈને વસ્યા હશે તેનો પુરાવો મળવો મુશ્કેલ છે. અનુમાન પ્રમાણે ઓછા ભયવાળા પ્રદેશો તરફ ગયા હશે. સમય અનુસાર વૈશ્ય પણીયાઓનું પરિભ્રમણ અનિશ્ચિત બની ગયું. છતાં આ વૈશ્ય પણીયાઓએ તેમના સ્વભાવ અને સંસ્કારો જાળવી રાખ્યા. વારસાગત સંસ્કારને કારણે હજારો વર્ષ પછી અધિકારવાળો ધંધો કરતા હતા.

મદ્યપાન, માંસાહાર, નરમેધ કે પશુવધ કરતા ન હતાં. આ પણીયાઓ ખૈબરઘાટ ઓળંગી, સિન્ધુનદીના પ્રદેશોમાં થઈ ૨૫૦૦ વર્ષ પહેલાં હાલના રાજપુતાના સ્થાનમાં વસવાટ કર્યો. ખેતી, વેપાર, પશુપાલન અને વનઔષધિઓનો ધંધો કરતા હતા.

બાબરૂ નામના જાતક કથાઓના લેખકના અભિપ્રાય પ્રમાણે સૌરાષ્ટ્રના દરિયાકિનારે આર્યોનો વસવાટ હતો - પણીયા વૈશ્યો વેપાર અર્થે મિતુર બંદરેથી - હાલના સોમનાથના સ્થાનેથી દરિયાઈ માર્ગે ઈરાન સુધી વેપાર અર્થે આવતા-જતા. તે પ્રમાણે શ્રી પરશુરામના વખતના ઈતિહાસમાં જાતિ - વૈશ્ય - શાખા પણી એ હકીકત મળે છે.

-: પરિવર્તન :-

૬) પણીયા જાતિનું - રાજપૂત જાતિમાં થયેલું પરિવર્તન :-

અંદાજે એકસો વર્ષ રાજપુતાના પ્રદેશમાં વસવાટને કારણે - વૈશ્ય પણીયા લોકો રાજપૂત તરીકે ઓળખાવા લાગ્યા. સમયાંતરે સોળ જેટલી રાજપૂત શાખામાં પરિવર્તન પામ્યા. ઉત્તમ ધંધો, સાત્વિક ખોરાક, સ્વભાવે સરળ અને મળતાવડા જ રહ્યાં. બીકણ - ડરપોક પ્રજા દેવ-દેવીઓનું પૂજન-અર્ચન કરતા સંસ્કૃતિ અને રીતરિવાજમાં જરા પણ ફેરફાર થયો નહીં. એક પત્નીવ્રત, ખાનપાન અને ભક્તિભાવમાં કોઈ ફેરફાર થયેલ નહોતો. માત્ર રાજપૂતોની અટકો બોલાતી હતી. રાજપૂત જાતિમાં બે વિભાગો જોવા મળતા. એક રાજ્યવ્યવસ્થા સંભાળનાર અને બીજો રક્ષિત વર્ગ. આ રક્ષિત વર્ગ રાજ્યકર્તા વર્ગ નીચે રહીને જીવતા. આ સોળ રાજપૂત શાખામાંથી આજે આપણી ખરક જ્ઞાતિની અટકો નીચે પ્રમાણે ફેરવાઈ ગયેલ છે. અમુક ગામ, નામ, ધંધા અને સ્વભાવ પ્રમાણે નવી અટકો પ્રચલિત થયેલ છે.

૧)	સિસોદીયા - ઠંઠવળિયા - વળિયા		
૨)	ચાવડા - ખોડીફાડ		
૩)	ચુડાસમા - કાપડિયા	૪)	ચૌહાણ - ભૂત
૫)	સોલંકી - સોલંકી વળિયા	૬)	તુંવાર - સેંતા
૭)	યાદવ - કામળિયા	૮)	ઝાલા - કંસારા
૯)	પરમાર - કાગડા	૧૦)	રાઠોડ - પટેલિયા
૧૧)	વાઘેલા - ટાઢા	૧૨)	મકવાણા - કુચા
૧૩)	ડોડીયા - ભોજાણી	૧૪)	સિન્ધા - વાયલુ, વાયક
૧૫)	- દેસાઈ	૧૬)	- ભંડેરી

પહેલાંની રાજપૂત શાખાઓ આજે ખરકજ્ઞાતિમાં મુખ્યતઃ ૧૬ અટકોમાં બોલાય છે. ત્યારબાદ અટકો વધી પણ છે.

રાજપૂતના નવ વંશો રાજ્યકર્તા તરીકે હતા. આ રાજ્યો-પ્રદેશોમાં આપણા પણીયા ગુર્જર વણિક વસતા હતા. આ વણિકો મુખ્યત્વે ખેતી, વેપાર-વણઝાર, પશુપાલન - રાજ્યમાં નોકરી કરતા હતા. જરૂર પડ્યે સૈન્યમાં પણ જોડાઈ લડતા પણ હતાં. રાજપૂત રાજ્યોમાં સ્થિર થયેલ પ્રજા સુખ-સંપત્તિ-વૈભવથી રહેતી હતી. તેમની પ્રામાણિક, મહેનતુ અને વિશ્વાસુ તરીકેની શાખ દૂર દૂર સુધી પ્રસરેલી હતી.

રાજપૂત આપસ આપસમાં ઈર્ષ્યા-દ્વેષ અને કુસંપને કારણે પ્રજાનું રક્ષણ કરવામાં પાછા પડતા હતા અને અશાન્તિનું વાતાવરણ ઊભું થયું. સમૃદ્ધિ જવા લાગી. પણીયા વણઝારાઓ ભિન્નમાળમાં આવ્યા. આ પ્રદેશ રાવી અને ચિનાબ વચ્ચેનો રક્ષિત અને રસાળ પ્રદેશ હતો. જે પંજાબની પશ્ચિમે ગુજરાત (ગુજરાલ) નામે પ્રસિદ્ધ હતો. આ પ્રદેશ પર પરમાર વંશનું રાજ્ય હતું. અહીંના રાજ્યકર્તા પ્રજાના રક્ષણ કર્તા હતા. આ ભૂમિ ફળદ્રુપ હતી. પણીયાઓમાં ઘણાં ખેતી કરવા લાગ્યા. થોડાં પરિવારોએ ગામડાંઓમાં સ્થાયી વસવાટ કર્યો અને પરિહાર (પરમાર) વંશી રાજા સાથે ઓતપ્રોત બની રાજ્યમાં સેનાધિપતિ સુધીની નોકરી કરવા લાગ્યા. અમુક લોકો વેપાર-ધંધો કરવા લાગ્યા અને તેઓ સુખી અને સમૃદ્ધ બન્યા. વેપાર કરનાર રાજપૂતો ગુર્જર વેણીયાના મોટા નામે ઓળખવા લાગ્યા. વણઝાર દ્વારા કે દરિયાઈ માર્ગે દૂર-દૂર સુધી શરાફી ધંધા કરવા લાગ્યા.

૭) વાછડાદાદા પુજાય છે તેનું કારણ :-

પરિહાર (પરમાર) વંશના છેલ્લા મહાપ્રતાપી રાજા વચ્છરાજાનું રાજ્ય હતું. તે આઠમા સૈકામાં ભિન્નમાળની ગાદી પર આવ્યા. તેઓએ મંદોર, કનોજનાં રાજ્યો પર ચડાઈ કરી, રાઠોડ વંશની સત્તા તોડીને પરિહારવંશની ધ્વજા ફરકાવી.

"ધન્ય ભાગ્ય ભીનમાળના,
વિજય વર્યો વચ્છરાજ;
આનંદ ભયો આજથી,
પારેહ વધ્યો પરિહાર."

આપણા રાજપૂત વેણીયા મોખરે રહીને લડ્યા અને ઈ.સ. ૮૨૬ માં પરિહાર વંશને વિજય અપાવ્યો.

આ વંશના ગાદીપતિ રાજા નાગભદ્ર ઉપર યવનોના મોટા સમૂહે આક્રમણ કર્યું ત્યારે રાજપૂત વણીયાઓ યવનોની સામે લડ્યા. વિજયી યવનોએ રાજ્યધુરા પલટાવી નાખી. રાજા નાગભદ્ર ભિન્નમાળ મૂકીને કનોજ બાજુ નાસી ગયો. પરિહારવંશને વિજય અપાવવા જેમણે બલિદાન દીધા, તેમની અબલાઓ નિરાધાર બની અને તેમનાં બાળબચ્ચાંઓને રોટલાના ટુકડા માટે ટળવળવું પડ્યું.

આ યવનો ભિન્નમાળનાં રાજપૂત વણીયાઓની સંપત્તિ લૂંટી ગયા. રાજ્યની તિજોરી પણ ખાલી કરી ચાલ્યા ગયા. રાજા નાગભદ્ર પાછો ફર્યો. રાજ્યની તિજોરીનાં તળિયાં સાફ થઈ ગયા હોવાથી નાગભદ્રે પ્રજા પર કર નાખ્યા. પ્રજાની હાલત કફોડી બની. વેપારી વર્ગો સુંવાળા હોવાથી તેમને કનડગત થવા લાગી. ભયંકર દુષ્કાળ પડ્યો. અન્ન અને પાણીના સાંસા પડવા લાગ્યા. બહેન-બેટીઓની ઈજ્જતની સલામતી ન રહી. વૈશ્ય - વૃશ્ચિકનાં - પણીયાઓનાં ૨૫૦ પરિવારો પોતાની ઘરવખરી ખચ્ચર, ગધેડા અને બળદો પર લાદીને ચિનાબ નદીના સૂકી રેતાળ જમીનના માર્ગે ચાલતા થયા.

વચ્છરાજ રાજાના રાજ્યમાં આપણાં પૂર્વજોને આદર મળતો હતો, સુખી હતા તેથી આજે પણ વચ્છરાજની યાદમાં પરંપરાથી આપણી જ્ઞાતિના સોલંકી પરિવારો - વાછડાદાદા અને દેવાંશી માતાની પૂજા કરે છે.

૮) ગુર્જર વણિકની વિકટવેળા - બાપા રાવળના ચિત્તોડગઢમાં આશ્રિત :-

એક બાજુ ભયંકર મુખફાડ દુષ્કાળ, બીજી બાજુ રક્ષક જ ભક્ષક થતાં, આવા કપરા સંજોગોમાં ગુર્જર વણિક પૂર્વજોએ વિકટ પરિસ્થિતિમાં પોતાની તેજસ્વિતા અને ખાનદાની છોડી ન હતી.

"ભલે વિદેશ જઈ વસો, રીત રાખજો યાદ,
કાળ ભયંકર વહી જશે, કહેણી કરશે બરબાદ."
"મરજો પણ નહીં માંગશો, ભૂંડી કીધી ભીખ,
ગુજરીયો કહે ગુર્જરી, રહે જો રૂડી રીત."
"હતા શાહ-શાહુકાર, આજ રખડતાં રાંકા બન્યા,
ભડકા થાય ભેંકાર, ભાગી નીકળ્યા ભીનમાળથી."

ભિન્નમાળ પ્રદેશની ભૂમિને છેલ્લા પ્રણામ કરીને દુઃખી ગુર્જર-વણિકોનાં રંગ, શાહુકારી, ઝવેરી, સેનાના નાયક, રાજ્યના માનીતા સર્વોપરિતાના સ્વાંગ ત્યજી, ચિનાબ નદીનાં કાંઠાળ ભૂમિ પર ચાલી નીકળ્યા. ૫૦૦ ખચ્ચરો, ૨૦૦ બળદો ઉપર પોતાની ઘરવખરી લાદી, વૃદ્ધો અને બાળકોને ખચ્ચર પર બેસાડી, કુમળી કળી જેવી ગુર્જરણો જેના કપાળમાં કરચલીઓ પડી ગયેલ, માથાના વાળની લટો લબડતી હતી, તેઓ લથડતા પગે ચાલતી હતી.

શેઠ-શાહુકારનો મિજાજ ઉતારીને, ગુર્જરો ખચ્ચરોને ચલાવતા, હરિયાળી ખેતરોવાળી ભૂમિ જોવામાં આવે, ત્યાં સાંજ પડતાં, થાક્યા પાક્યા હોઈ જળાશયનો આશરો લઈ રાત્રી વિસામો કરતા હતા. થોડા દિવસોમાં સૂર્યકુળના સિસોદીયા દયાળુ દાનવીર રાજા બાપા રાવળના રાજ્યમાં આવી ચડ્યા. તેના રાજ્યમાં સુકાળ હતો. બાપા રાવળની ખ્યાતિ દૂર-દૂર સુધી પ્રસરી હતી. તેઓ આશ્રિતોને આશરો અને રક્ષણ આપતા હતા. આપણા ગુર્જર પૂર્વજો રાજા પાસે જઈ, પોતાની આપવીતી સંભળાવી તેમનાં રાજ્યમાં ગામડે ગામડે ફરી ફરીને વ્યાપાર કરવાની રજા માંગીને ઈ.સ. ૯૬૧માં રહેવા લાગ્યા.

નદીઓનાં રેતાળ મેદાનો પર કુદરતી વર્ષા આધારિત ખજુરની ખેતી તેમજ બાજરી, જુવાર, મકાઈ, ચણા અને વટાણાની ખેતી થતી હતી. અઢળક પાક થતો. અહીંની પ્રજા સુખી હતી. તેથી ચોરી, અત્યાચાર જેવા ગુન્હા ન હતા. આપણા પૂર્વજો નિર્ભય થઈ, વસવાટ કર્યો. ખેતમજૂરી, વણઝારી કરી, આજીવીકા કમાવા લાગ્યા.

થોડાંક કુટુંબો રાજસ્થાનનાં પાટનગર ઉજૈનથી પશ્ચિમમાં ગયા - જ્યાં કીંમતી પત્થરો, ખનીજો નીકળે છે. આજે આ લોકો ત્યાં ખરક વાણિયા તરીકે ઓળખાય છે તેમ જાણવા મળે છે. રાજસ્થાન પ્રદેશમાં તે સમયે રાજાભોજ પ્રતાપી દયાળુ રાજા હતો, કળા-જ્ઞાનનો શોખીન હતો. તેણે રાજસ્થાનને મહારાજ્ય બનાવ્યું. બાપારાવલ અને રાજાભોજના રાજ્યમાં ગુર્જર વણિકો આશરે તેર વર્ષ રહ્યા હશે. સ્થાયી ધંધો અને વસવાટને અભાવે માંડ માંડ રોજી-રોટી રળતા હતા. રાજસ્થાનમાંથી ગુર્જરજાતિઓ મોટા પ્રમાણમાં ગુજરાત (સૌરાષ્ટ્ર) તરફ જવા લાગી અને હાલાર - સોરઠ તરફ ગઈ. ૨૦૦ જેટલાં કુટુંબો પૂર્વ બાજુએ ઉજૈન થઈ આગળ ગયા. ૫૦ જેટલાં કુટુંબો "ધારા" પરમારના વસાવેલ નગરમાં સ્થાયી થયા તેમ જણાય છે.

૯) આપણા પૂર્વજોના અગવડતામાં પણ ઉચ્ચવિચાર અને જીવનધારણા :-

ઈ.સ. ૯૭૪ વિક્રમ સંવત ૧૦૩૦ ચૈત્ર સુદ આઠમને દિવસે સૂર્યનારાયણ અસ્ત પામતા હતા, પંખીઓ પોતાના માળાઓમાં પાછા ફરી રહ્યા હતા. ગાયો-ભેંસો પોતાનાં ઘર તરફ પાછા ફરી રહ્યા હતા, ત્યારે આશરે ૧૫૦૦ જેટલાં સ્ત્રી-પુરુષોનો સમૂહ ગુર્જર વણિકો પોતાનાં ખચ્ચર બળદોની વણઝાર સાથે ક્ષિપ્રા નદીના રેતાળ પટમાં ઉતારો કરતાં હતા. લોકમાતાના નિર્મળજળમાં થાક્યા-પાક્યા બળદો-ખચ્ચરોને નવરાવ્યા, પાણી પાયા અને વણઝારાઓએ હાથ-પગ મોં ધોયા, જલપાન કર્યા. ગુર્જરણોએ જુવાર-મકાઈના રોટલા તૈયાર કરવા લાગી.

સર્વે જમી-પરવારી રેતીમાં પથારીઓ કરી, સુખદુઃખની વાતો વાગોળતા પોતપોતાના ઓથારમાં લપાયા.

આઠમનો અર્ધચંદ્ર આથમણા આભમાં જઈ રહ્યો હતો. ત્યારે ગુર્જર વણિક દંપત્તી, જેની પત્નીનું નામ ગૌરાંગી અને પતિનું નામ ગોવિંદજી હતું. તેઓની આંખો ઉઘડી ને, જુએ છે કે ઉજ્જૈનના શ્વેતભુવનમાં સોનાની સાંકળોથી લટકાવેલ ઝુલાઓ પર મદોન્મત્ત શેઠ અને તેમની સ્ત્રી હીંચકા ખાતા હતા. ગાયિકા અને ગવૈયા તાલ, મૃદંગ અને ઘુઘરીના તીણાસૂર વહાવે છે, તે જોઈને આ ગુર્જર કુટુંબ વાર્તાલાપ કરે છે.

"ગૌરાંગી કહે ગોવિંદજી, ગર્વ કીસીકો હોય ?
કઈ (કરી) કમાણી ન વાપરે, શાને બુદ્ધિ ન હોય."

હે પ્રાણનાથ, અભિમાન શાથી થાય છે ?

મદ માનવીને કેમ નચાવે છે ? અને તેનું અંતિમ પરિણામ શું આવે ?

"ગોવિંદજી કહે ગૌરાંગી,
ગર્વ તો મૂરખને હોય."
વ્યાજુ કમાણી જે વાપરે,
તેને બુદ્ધિ ન હોય.

હે શાણી ગુર્જરી ! તમો પેલા ભુવનમાં રમતા યુગલને જોઈને કહો છો ને ? તો આજે તેમની પાસે અનધિકૃત કમાણી છે. વ્યાજના નશામાં તેનું મગજ ફરી ગયું છે. હું કોણ ? હું કોનો ? હું ક્યાંથી આવ્યો છું ? ક્યાં જવાનું છે ? આ બધી વાતોનો વિવેક ભૂલાયો છે.

"કુડી કમાણી વ્યાજની, કુડાં કાયાનાં રૂપ,
કુડુ ધન કૃપણ તણું, વ્યાજ મરચાંનો ધૂપ."

આજે એ વૈશ્યો પોતાનો ધર્મ ચૂક્યા છે. ગમે ત્યાંથી ગમે તેનું અને ગમે તેવું ધન મેળવવા ભાઈ-ભાઈનો દ્વેષ કરતા થયા છે. બેફામ

વ્યાજની કમાણી કરે છે અને કન્યાના ભારોભાર નાણા યા હીરા-માણેક લે છે.

અહીંયાં પરમાર વંશના કૃષ્ણચંદ્રનું રાજ છે. તેમનું રક્ષણ સારું છે. પ્રજા તેમના ઉપકાર પર અપકાર કરી રહેલ છે, બધા જ કૃતઘ્ની થયા છે. શાણી સતી ગુર્જરી, આપણા ધર્મશાસ્ત્ર કહે છે કે પરિવારનો નશો દુર્યોધનને ચડ્યો ત્યારે કુળ, કુટુમ્બ કે ગુરુગોત્રનો પણ વિચાર ન કર્યો, પાંચાલી જેવી મહાસતીને ભરસભામાં બોલાવી, ચીર ખેંચાવ્યા. અરે, આવા નીચવૃત્તિના માણસનું અન્ન ખાવાથી ગુરુદ્રોણ, કૃપાચાર્ય અને ભિષ્મ પિતામહ જેવા મહાપુરુષોની પણ બુદ્ધિ બગડી જતાં, નીચી મૂંડીએ જોવું પડ્યું. આ અન્યાય સામે એક અક્ષર પણ બોલી ન શક્યા. ધિક્કાર છે એની સંપત્તિને ! સવારના મંગળ પ્રભાતે જીવનના શાશ્વત-નૈતિક મૂલ્યોની ચર્ચા કરી, ગૌરવશાળી જીવનશૈલીનો આગ્રહ મનમાં દૃઢ કરતા હતાં. ધન્ય છે આપણા પૂર્વજોને કે પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ તેમના ઉચ્ચ વિચારો અને ભાવનાનો સાથ છોડ્યો ન હતો. ગૌરાંગીએ કાંટાળા ઝાડ પર ભૈરવનો ચિત્કાર સાંભળ્યો, ને બોલી ઊઠી કે હે પ્રાણનાથ ! મારું કાળજું કમકમી રહ્યું છે. આ ભૈરવ(ભેરબ) નો ચિત્કાર અપશુકનની નિશાની છે. તેથી આજે આપણા સમૂહ પર વિપત્તિ આવશે.

"દુઃખને ઠેસ્ય અને વિરહી ને વેઠ્ય."

આ હૃદયના સાફ એવા આપણા પૂર્વજોની દીર્ઘદ્રષ્ટિ હતી કે આગળનું ભાખી શકતા હતા.

"ગૌરાંગી કહે ગોવિંદજી, શુકન ભુંડા થાય.
વળા અગર વિવાદના, કાળજા કમ કમ થાય."
વણ માંગી આવે વિપત્તી, વણ જાણ્યું આવે મોત,
ગોવિંદ કહે ગૌરાંગી, અન હોનારી હોત.
અખંડ આનંદ હરિનાં હાથમાં, ચિંતા કરો શીદ શાણી,
વિલાસો મળે કે આવે વિપત્તી, જેના કરમે જે મંડાણી.

૧૦) આપણા ગુર્જર પૂર્વજોનું ઊગ્યું ગોઝારું પ્રભાતને બન્યા ખરક :-

રાત્રીના ચોથા પ્રહરમાં ગુર્જરો ઊઠી દાતણ-પાણી કરી, નદીના કાંઠે ચરતાં ખચ્ચરો અને બળદોને પોતાના પડાવ તરફ લાવ્યા. ગાલે કરચલીઓ પડેલી ગુર્જરણો માટીનાં વાસણોમાં જીવસટોસટ દૂધ-દહીંને સાચવીને રાખતી હતી. બાળકો રડારોળ કરતા હતાં. વૃદ્ધો ક્ષિપ્રા નદીની રેતમાં ભાગ્યના ચોપડા ચૂંથતા ચર્ચા કરતા હતા.

ઉજ્જૈન નગરીમાં કોઈ મોટો સમારંભ હતો. ગામમાં આજે ગામ-ધુમાડો બંધ હતો. જમણવારનું નિમંત્રણ આપણા પૂર્વજો જે નદીના પટમાં ઉતારા કરી રહ્યા હતાં ત્યાં મોકલવાનું નક્કી થયું. મદોન્મત પાંચ જુવાનિયાઓ, નદીના પટમાં આળોટતાં અર્ધનગ્ન બાળકો, બથમાં રાખેલ ડફણા સાથેના વૃદ્ધો, ઘરવખરી લાદતા પગપાળા વણઝારા જેના માથાના વાળ વિખરાયેલા છે, કપાળમાં કરચલીઓ પડી ગઈ છે, એવી ગુર્જરણો અને દૂબળા થાકેલાં ગુર્જર પુરુષો પાસે આવીને, જાણે આ વણઝારાની ગરીબીની મજાક કરતા હોય તેમ આ લક્ષ્મીપુત્રો પોતાની સંપત્તિના નશામાં તિરસ્કારપૂર્ણ ભાવે જમવાનું નોતરું આપતા બોલ્યા કે **"ઓ અલ્યા ખરહંકા !"** તમોને સહકુટુંબ બપોરના જમવા આવવાનું છે તો આવજો.

બસ ! તેજીને ટકોરો ! ભલે દૂબળા - પાતળા અને ગરીબીમાં દિવસો પસાર કરનારા તેમ છતાં સ્વમાની ગુર્જરોથી આ તિરસ્કાર સહન ન થયો. નમ્રતાથી નિમંત્રકોને જણાવ્યું કે અમો પણ તમારા જેવાં જ વાણિયા વહેવારિયાથી ઓળખાઈએ છીએ. તમોએ અમારી મજાક ઉડાવી છે એટલે તમારું અમૃત સરખું ભોજન ન ખપે. અમારો બંટીનો રોટલો સારો છે, તે પણ આજે અમારા ભાગ્યમાં લખાયો નહીં હોય. તેથી અમો આ ક્ષીપ્રાનું પાણી પીવા પણ નહીં રોકાઈએ, અને તેઓએ જવાની તૈયારી કરી. ગુર્જર વાણીયા - પૂર્વજોનો તેજસ્વી રણકાર સાંભળી આગંતુક યુવાનોને પસ્તાવો થયો. તેઓ વિચારવા લાગ્યા કે આપણે તેઓને જમવાનું નોતરું નહીં પણ ભૂખ્યા રહેવાનો સંદેશ આપ્યો છે.

આવા સમયે આપસમાં વિચાર વિમર્શ કરતા -

"ગૌરાંગી કહે ગોવિંદજી, કયું વધે વહેવાર,
કોણ બંધાવે કર્મ ને ? કોણ વધારે ભાર ?"

ત્યારે -

"ગોવિંદ કહે ગુર્જરી એ, કમાણી કળા નું મુખ,
વિકૃતિએ વ્યાજે કરી ને, નશો નાશનું મુળ."

સતી ગુર્જરણોનો ઉજ્જૈન યુવાન નાગરિકોને શ્રાપ !

અપમાનિત થયેલી સમૂહની તેજસ્વી ગુર્જરણો ક્રોધે ભરાણી અને નિમંત્રક - યુવાનોને સંબોધીને કહેવા લાગી કે હે વ્યાજખોર વણિક પુત્રો તમારે અમને જમાડવા હતા મીઠાં ભોજન, તેના બદલે અવિવેકપૂર્ણ વાણી બોલીને અમારા સુકલ-પાકલ શાકરોટલાનો પણ ત્યાગ કરાવ્યો અને તેઓની જીભેથી શ્રાપ નીકળી પડ્યો.

"જેવી દશા અમ આજ, એવી જ તમારી આવશે,
લોભે જાશે લાજ, આંખો થશે અળખામણી,
કામ બળ કપરૂં થશે, વણીક વ્યાપારે વણસજો,
જશે મોભોને માન, શ્રીમંતાઈ ચાલી જશે,
કાળ અમારો જાય, પણ કહેણી તમારી રહી જશે.
એક દી આવશે અંત, રામ તમારો રૂઠી જશે."

વિફરેલી વાઘણો જેવી ગુર્જરણો પેલા યુવાનોને કહે છે, ધિક્કાર છે તમારી સંપત્તિને, ધિક્કાર છે તમારી વિલાસિતાને અને તમારી વાણીને ! નરાધમો, તમારી સંપત્તિ સર્પિણી બનીને તમનેજ ડંખશે.

નિમંત્રક યુવાનો પસ્તાયા અને નિરાશ થઈ ભારે પગે પાછા ફર્યા. વડીલોને વીગતે શરમથી ઝૂકીને વાત કરી કે વટેમાર્ગુ વણઝારાઓ નોતરાનો અસ્વીકાર કરીને ચાલતા થયા છે. ક્ષીપ્રા નદીનું પાણી પણ ત્યાગી દીધું છે અને ક્રોધિત નારીઓએ અમોને શ્રાપ આપ્યો છે. ગામના વડીલોએ યુવાનોને ઠપકો આપ્યો. તુરત જ પાંચ ઘોડેસવારોને સીમાડા તરફ મોકલ્યા ને તેઓની માફી માંગી, સમજાવીને પાછાવાળી આદર-સન્માનપૂર્વક જમાડવા જણાવ્યું.

આ પાંચ ઘોડેસવારોએ લાખ ઉપાયો કર્યા, છતાં અસ્મિતાવાન મનોપ્રકૃતિવાળા પૂર્વજો પાછા ન જ ફર્યા. **આ આપણા પૂર્વજોની તેજસ્વિતાનો આદર્શ પ્રસંગ આપણી જ્ઞાતિનું ખરક જ્ઞાતિ તરીકે નામ થવામાં નિમિત્ત બન્યું.** ગૌરવથી માથું ઊંચું કરવા જેવી વાત છે. આમ ખરહંકામાંથી ખરક થયું હશે.

"કર્મે આજ કંગાલ બન્યા, રઝળે રણ વગડયે તોય
ચૂક્યા નહીં ધ્યેય, ભલે ભાંગીને ભૂકો થાય."

હતાશ ઘોડેસવારો શહેર તરફ પાછા ફર્યા. આપણા પૂર્વજોમાં રાજપૂતના સંગનો રણકાર જોવા મળ્યો. ખાનદાનીનું લોહી પોકારી ઊઠ્યું. અમને તિરસ્કારનું ન ખપે, મફતનું ન ખપે - આ મર્દાનગી હતી પૂર્વજોની ! આ રણકાર અને ખાનદાની સાચવવાની જવાબદારી આપણી છે.

દુહો : જાડા લુંગડા પહેરતા, ખાંડીને ખાતા ધાન,
નેવે નમીને ચાલતા, પણ કહેવાતા ખાનદાન !

૧૧) પાંચાલમાં વસવાટ અને ખરક તરીકે ઓળખાયા :-

આપણા પૂર્વજો પરિભ્રમણ કરતા કરતા ઈ.સ. ૯૭૪ પછી પાંચાલ પ્રદેશના આટકોટ વિસ્તારમાં રહેવા લાગ્યા. ત્રીસ વર્ષ સુધી ભટકતા રહ્યા, રક્ષણ અને ધંધાનો અભાવ, જીવનની અનિશ્ચિતતા, લગ્ન-મરણોત્તર ક્રિયાકાંડો અને સંસ્કારો છિન્ન-ભિન્ન થઈ ગયા. હવે રાજપૂત ગુર્જર વાણિયામાંથી ખરક વહેવારિયાના નામથી પાંચાલ પ્રદેશમાં ઓળખાવા લાગ્યા.

પહેલા મૂળરાજ સોલંકીનો પુત્ર કુમારપાળ રાજ્યકર્તા હતો. તે જૈનધર્મી હોવા છતાં શીવ ધર્મ પાળતો, દયાળુ અને પ્રજાપ્રેમી હતો. આપણા પૂર્વજો મહેનતુ હોવાથી ધંધો કરવા, રહેવા આશ્રય આપ્યો. તેના સાનિધ્યમાં નૈતિકતા અને નમ્રતાથી વ્યાપાર કરવા લાગ્યા. થોડા સમયમાં પ્રભાળશાળી વ્યાપારી બન્યા. માંગરોળ તથા દીવબંદર ભારતના અરબીસમુદ્ર પાર કરીને વિજયનગર સુધી વ્યાપાર અર્થે જતા

હતા. વિજયનગરમાં હરિહર અને બુક્કારરાય નામના બ્રાહ્મણોનું શાસન હતું. પ્રજાપ્રેમી હોવાથી આ રાજ્યકર્તાઓએ આપણા કુટુંબોને પોતાના રાજ્યમાં સ્થાયી થવા દીધેલ. વિજયનગરનું પતન થતાં આ કુટુંબો આંધ્રપ્રદેશ તરફ ચાલ્યા ગયા હશે.

૧૨) પાટણમાં ફરી પ્રગતિનાં એંધાણ :-

પાંચાલ સોલંકીના તાબાના રાજ્યમાં ખરક વાણિયાઓની ૨૫૦ જેટલી પેઢીઓ થયેલ અને ધવલપુર, મહેસાણા, કામળી અને ગોધરા સુધી ફેલાયા હતા. અહીં આવ્યા પછી રાજપૂત અટકોમાંથી આપણા પૂર્વજોની અટકો તેમના રહેઠાણનાં ગામ, ધંધા, સ્વભાવ કે પછી પ્રભાવિત વ્યક્તિના નામ પરથી પડવા લાગી. રાજપૂત શાખો તદ્દન બંધ થઈ અને **ખરકજ્ઞાતિની અટકોથી** ઓળખાવા લાગ્યા.

"ભલું ભલું રે પાટણ, પછી ધોળકાને મહેમદાવાદ જાય,
જાશે પારેખ, જાય પદમશી, સાયલ લાવજો બે-ચાર."
"પહેલું સાયલ માતા કોને દઈએ,
દોકડા બેઠા હજાર,
સુંદર સાયલ દેજો શ્યામુ વહુને,
પહેરી પાણીડા જાય."

મૂળરાજ સોલંકી પહેલો, જયસિંહ દેવ, કુમારપાળ અને માતા મીનળદેવી અને છેલ્લે પરાક્રમી સિદ્ધરાજ જયસિંહ જેવા ન્યાયી, બિનપક્ષપાતી રાજાઓની છાયામાં આ પ્રજા પૂરેપૂરી આબાદીમાં આવી ગઈ. ભિન્નમાળની ભૂમિને પણ ભૂલી ગઈ. સિદ્ધરાજના રાજ્યમાં ખરક વણિકોએ દીવ સુધી દીવા કર્યા અને તેના લશ્કરનું મોદીખાનું બાર-બાર વર્ષ સુધી ગુર્જર વણિક ખરક લોકોએ પૂરું પાડ્યું હતું.

"ખરક ખોરાકી મોકલે, જાસુસ જુનાણે જાય
કણ અને કાપડ આપતા, બાર વરસ બંધાય."

માતા મીનળદેવીના ન્યાયી સિંહાસને ઈ.સ. ૧૦૯૪માં સિદ્ધરાજ ગાદી પર બેઠો. તે ધાર્મિક આસ્થાવાળો હોવાથી તેમણે

સહસ્રલિંગ તળાવ બંધાવ્યું. ત્યારે ગુર્જર ખરક ગરીબ વર્ગના લોકો ખચ્ચર ઉપર માટી વહેવાનું કામ કરતા, ઘણા રાજગઢમાં ઘરકામ કરતા. ચોખા પીસવાનું કામ કરનારને "સાળખંડુ" પણ કહેતા.

સિદ્ધરાજ શૂરવીર, ધર્મપ્રેમી અને પ્રજાપાલક રાજા હોવાથી તેણે ઉપનામ જયસિંહ મેળવેલ - આમ તે સિદ્ધરાજ જયસિંહ કહેવાયા. તેનું પતન પોતાના દ્વારા જ થયું.

જસમાં ઓડણ અને જૂનાગઢના રાજા રાખેંગારની રાણી સતી રાણકદેવીને મેળવવાના નાદમાં વારંવાર યુદ્ધ કરતા, પ્રજાના ધંધા ભાંગી ગયા. રાણકદેવીએ તેને શ્રાપ આપ્યો કે તને કોઢ નીકળશે. પાટણના પતન પછી, વૈશ્યો સિદ્ધપુર, અણહીલપુરના વિસ્તારને છોડીને મહી પ્રદેશના વાઘેલા વંશના રાજ્યમાં ધોળકા, ખંભાત અને ગોધરા બાજુએ ચાલ્યા ગયા. આમ, સોલંકી રાજાઓની છત્રછાયામાં આપણા પૂર્વજો ૧૭૫ વર્ષ સુધી રહ્યા. ઈ.સ. ૧૧૭૯ની આસપાસ વાઘેલા વંશના વીરધવલ રાણાની રાજધાની ધવલપુરમાં વસવાટ કર્યો. આ સમયે માંગરોળ - દીવબંદર વગેરે સ્થળોમાં દરિયાઈ વ્યાપાર કરનારા પાછા ધોળકા આવી ગયા.

૧૩) સિદ્ધપુરાગોરનું યજમાનપદ સ્વીકાર્યું - ઈ.સ. ૧૦૮૦ :-

વિકટ સમય અને પ્રતિકૂળતા વચ્ચે પોતાની સંસ્કૃતિ, વૈદિક ક્રિયાકાંડ, રૂદ્રપૂજન, યાત્રા, પિતૃતર્પણ અને લગ્નના કર્મકાંડને જાળવી રાખ્યા હતા. એ સમયના સિદ્ધપુર પાટણના મહાન જ્યોતિષીઓ અને પુરાણીઓમાંના ગૌરીશંકરના પૂર્વજ ભવાનીશંકર પાસે આપણા યજમાનપદ સ્વીકારવાની માગણી રજૂ કરવામાં આવી. ત્યારથી **આ સિદ્ધપુરાગોર આપણા ખરક જ્ઞાતિના ગોર તરીકે ગણાયા.** અને આપણી જ્ઞાતિના બધા જ ધાર્મિક ક્રિયાકાંડ કરાવતા પણ તેના સ્વાર્થી અને માત્ર કમાણીના સ્વભાવે તેઓને નિસ્તેજ કર્યા. આજે આ ગોરના વંશજો તણસા, વાવડી, મહુવા અને વડલીમાં વસે છે. પણ તેઓમાં પ્રભાવિત બ્રહ્મતેજ જણાતું નથી તેમજ શાસ્ત્રનું સંપૂર્ણજ્ઞાન તેઓમાં ટકેલ નથી. છતાં આપણી જ્ઞાતિએ તેમને તરછોડ્યા નથી.

આપણી નબળી દશા વખતે તેઓ દૂર થઈ ગયા હતા. પરંતુ તેઓ ફરી ઈ.સ. ૧૨૦૬ માં ચડતી કળા જોઈને ગોરપદુ કરવા આવ્યા, ત્યારે આપણા પૂર્વજોએ તેમને સ્વમાનથી સ્વીકાર્યા. આ આપણા પૂર્વજોની ખાનદાની હતી. આપણા ગોરબાપાની એક કન્યાને પેટે કહેવાય છે કે સાપ અવતર્યો હતો. તેમને પાળી-પોષીને મોટો કર્યો અને તેમને દેવાંશી સમજીને પૂજવા લાગ્યા. આજે પણ શ્રીમાળીયા નાગને ખરક લોકો પૂજે છે.

૧૪) શ્રી બારોટ રાજનું આગમન ઈ.સ. ૧૦૮૦ :-

આપણા વૃદ્ધ બારોટરાજ ત્રિવેણીતીર્થ સ્થાને શ્રાવણી કરી, માતૃશ્રાદ્ધ કરવા સિદ્ધપુર આવ્યા હતા. તે સમયે સિદ્ધરાજ જયસિંહનું પતન થયું હતું. આથી તેઓ ધવલપુર આવી વાઘેલા વીરધવલના મહેમાન બન્યા. ત્યારે આપણા પૂર્વજોનો હીજરતનો ઈતિહાસ મેળવીને ઈ.સ. ૧૦૮૦ માં આટકોટ અને રાજકોટમાં સ્થાયી થયા. આ વિગતનો ઐતિહાસિક પુરાવો અત્યારે બારોટના ચોપડામાં અંકિત થયેલ છે.

૧૫) પાટણની ચડતી વેળા પાછી અવદશામાં પરિણમી - પાટણનું પતન યવનોએ કર્યું :-

આપણા પૂર્વજો વાઘેલા રાજ્યમાં ગયા. નાનો વેપાર અને ખેત મજૂરી કરવા લાગ્યા. થોડાં પરિવારો અરબી સમુદ્રના કાંઠે માંગરોળ, ગીર બરડા અને પ્રભાસ તરફ ગયા. નાવ-વહાણો દ્વારા ઈરાનના અખાતી દેશોમાં વેપારી સાહસો ખેડતા હતા. પાટણનાં પ્રખ્યાત પટોળાં જળમાર્ગે વિજયનગર સુધી લઈ જઈ વેપાર કરતા. આ વેપારીઓ વણઝારો અને અમુક બંદરો પર પેઢીઓ ધરાવતા હતા. બીજાઓ ગીરમાં માલધારી - પશુપાલન કરી રોજીરોટી કમાતા સોલંકીયુગના સૂર્યાસ્ત પછી પાંચાલભૂમિ - બરડા - ગીરમાં માલધારી થઈ, પશુપાલન કરી રોજી રોટી મેળવતા થયા. પાટણનાં પટોળાં પહેરનારી મલપતી ગુર્જરણો નાંદીવેલા નેસમાં વાછરું વાળતી થઈ હતી. કમાલ છે કુદરતની કળાને ! તેમ છતાં સંસ્કાર - ખાનદાની ભૂલ્યાં નહોતા.

૧૬) સ્ત્રીઓએ લાજ (ઘૂંઘટ) પ્રથાની શરૂઆત કરી :-

ઈ.સ. ૧૨૦૧થી ઈ.સ. ૧૨૯૮ સુધીમાં ઘણા ફેરફારો થયા. ચડતી-પડતી આવી. કુતુબુદ્દીન ઘોરીના ત્રાસથી રાજપૂતો પકડાયા અને મરાયા. તેમની વિધવા સ્ત્રીઓને બેગમો બનાવવામાં આવી. નિર્દોષ નાગરિકોએ તેમની બહેન, બેટી અને સ્ત્રીઓને બળાત્કારથી બચાવવા પડદા પાછળ રાખવી પડતી. રાજપૂતોનું ખમીર-શૌર્ય ખતમ થતા લાજની પ્રથા શરૂ થઈ. ખતરનાક ખીલજીવંશ, યવન બાદશાહે, તુર્કી, ઘોરી, લોદી અને મોગલના સમયે જ સ્ત્રીઓની સ્વતંત્રતા હણાઈ અને સમાજમાં ઘુંઘટ પ્રથા સ્વીકારાઈ. ત્યારથી આપણી જ્ઞાતિમાં પણ લાજ પ્રથા આવી. બીજી જ્ઞાતિઓમાં શિક્ષણ વધતા અને દેશ-પરદેશમાં ફરતા થતા આ લાજની પ્રથાને તિલાંજલી આપેલ છે. આપણી જ્ઞાતિ અમુકજ વિસ્તારમાં સ્થિર થતા તેમજ શિક્ષણનું પ્રમાણ ઓછું હોવાથી, રુઢિવાદ છોડી શકતી નથી. શિક્ષણને પાંખ આવતા, આ પ્રથાનું મૂલ્ય ઓછું થતાં, લાજપ્રથા છોડવાની શરૂઆત થઈ છે. સમય પ્રમાણે વિકાસ અને વિજ્ઞાનના કાળમાં કદમ મેળવવા સ્ત્રીઓએ ઘૂંઘટ બહાર જોવું પડશે. જૂના લોકોએ રુઢી છોડવી પડશે. લાજ કાઢવાને બદલે લાજ રાખવા પ્રેરાય તો પ્રશંસાને પાત્ર બનશે.

૧૭) ધવલપુરમાં ખરકવાણિયાનો યાદગાર પ્રસંગ :-

ધવલપુર (ધોળકા)માં રાણા વીરધવલ વાઘેલા રાજ્ય કરતો હતો. તેના સાગરીત શ્રાવક વાણિયા વસ્તીગ અને તેજીંગ - માતા કુંવર અને પિતા આસરાજનાં સંતાનો શૂરવીર હોવાથી તેમને તે વખતના રાજ્યકુળગુરુ સોમેશ્વરના કહેવાથી રાજ્યની નોકરીમાં રાખી લીધા. વસ્તીગ (વસ્તુપાલ) ને મંત્રીપદ અને તેજીંગ (તેજપાલ) ને સેનાપતિ પદ સોંપવામાં આવ્યું. બાદશાહ બહેરામના રક્ષકોને મારી પાટણ પાછું મેળવ્યું. આપણા ખરકની વણઝારની પોઠોને ગોધરાના ઘુઘલુ રાજપૂત અને ખંભાતના હસનમિયાં ઉતારી લેતા હતા. આવો અન્યાય કરવા વાળાને આ લોકોએ કબજે કરી - ખરકની વણઝારનું રક્ષણ કરેલ. આ

મુત્સદ્દી વહીવટકર્તાને લીધે, આ મહાનગરની ચડતીકળા વખતે આપણા ૩૫૦ કુટુમ્બો ખેતી, વ્યાપાર, મજૂરી અને રાજ્યમાં નોકરી કરતા હતા. આપણી ઈજ્જત પણ રાજ્યમાં ઘણી જ હતી. આપણા પૂર્વજો રાજ્યને વફાદાર હતા અને ઘણા લોકો સમૃદ્ધ પણ હતા.

તે વખતની એક ઘટના વાગોળવા જેવી છે. ભીમ અગિયારસને દિવસે મલાવ તળાવને કાંઠે, દેવ પીપળા નામના પવિત્ર સ્થળે વૈષ્ણવધર્મી લોકોનો મોટો મેળો ભરાતો. ત્યાં શંકરની પૂજા થતી. પ્રણાલિકા પ્રમાણે ઉત્સવના દિવસે ૧૦૮ ફળ, સિક્કા, રત્ન વિગેરે મૂકી, ગરીબથી માંડી ધનિક લોકો આશીર્વાદ મેળવતા. આપણા ખરક વાણિયા પૂર્વજો શૈવ ધર્મ પાળતા અને ત્યાં મેળામાં જતા. આ મેળામાં એક વખત ધવલપુરની રાજરાણી જેતલ દે, તેનાં બે રાજકુંવરો સાથે શિવ મંદિરે આવી અને તેણે ૧૦૮ સોનાના સિક્કા ભગવાન શંકરને ધરાવ્યા. આ જ સમયે ખરક વાણિયા ભાલચંદ ભીમજી ખૂબજ ધનિક હતા. તેઓ વિજયનગરના ધીખતા ધંધામાં લાખોરત્નો કમાઈને આવેલ. તેણે "આછુ" નામના ૧૦૮ રત્નોની ભેટ ચઢાવી. પાસે ઊભેલા રાજકુંવર વીરમની આંખમાં ઝેર આવ્યું, ને બોલી ઊઠ્યો કે અરે ! તમે આવેતુ ખરક વાણિયા શું રાજ્યને પગરખામાં પહેરી લેશો ? એમ કહી તેમણે કૃપાણ ખેંચ્યુ, દેકારો-પડકારો થયો, ભાગાભાગ શરૂ થઈ. આગળ ભાલચંદ્ર અને પાછળ કાળ સમો વીરમ.

આ વૈશ્ય વેપારી ભાલચંદ્ર દોડતો દોડતો ન્યાયી રાજા વીરધવલના શરણમાં પહોંચ્યો, અને બચાવો-બચાવો કહી રાજાનું રક્ષણ માંગ્યું. રાજા વીરધવલે તેને રક્ષણ પ્રદાન કર્યું. પોતાના રાજકુંવરના આવા દુષ્કૃત્ય માટે દેશ નિકાલની સજા કરાઈ. તેને કહ્યું કે મને તારા વગર ચાલશે પરંતુ આ વૈશ્યો થકી હું ઊજળો છું. આ પ્રસંગ આપણી જ્ઞાતિ ધનાઢ્યપણાની ચાડી ખાય છે અને આ રીતે રાજ્ય સન્માન પણ મેળવેલ. આ રાજ્યકર્તાનું ન્યાયીપણું અને આપણા પૂર્વજોની રાજ્ય પ્રત્યેની વફાદારી દર્શાવે છે. ધન્ય છે આપણા પૂર્વજો.

૧૮) નહીં ગુલામીની ગાળ (ગાળ્ય)- પંજાબથી ગોહિલવાડમાં વસવાટ :-

ગુર્જર ખરક જ્ઞાતિ સજ્જન અને સિદ્ધાંતવાદી છે. દેશ છોડ્યા, ગરાસ છોડ્યા પણ ગુલામીની ગાળનું લાંછન લાગવા દીધું નથી. ભલે, મજૂરી કરવી પડે છતાં પણ સ્વતંત્રપણે જીવવા ટેવાયેલા રહ્યા છે.

તેરમા સૈકાની સમાપ્તિ પછી ગુર્જર વણિકો ખરક-ખેડૂત બની ચૂક્યા હતા. અગાઉ જોઈ ગયા પ્રમાણે અલગ અલગ સ્થળોએ ખેતી, પશુપાલન અને વેપાર કરવા લાગ્યા હતા. સ્થિરતા તેના ભાગ્યમાં જાણે લખાયેલ નહીં હોય.

અલ્લાઉદ્દીન ખીલજીએ સોમનાથની સંપત્તિ લૂંટી અને કત્લેઆમ કરી, ત્યારે પણ અલગ અલગ સ્થળોએ હીજરત કરવી પડી હતી. નીર્દય મુહમદનો પુત્ર ફીરોઝ શાહ દયાળુ, પ્રજાપ્રેમી અને બિનપક્ષપાતી યવન બાદશાહ બન્યો હતો. તેની માતા રાજપૂત રણમલજીની પુત્રી હતી. જે પંજાબનો જાગીરદાર - ખંડિયો રાજા હતો. આ દયાળુ રાજાએ રાવી-સતલજની નહેરો બનાવી ખેતી શરૂ કરાવેલ અને ફિરોઝપુર શહેર વસાવ્યું. ઈ.સ. ૧૩૪૭માં ગુજરાતમાં દુષ્કાળ પડ્યો. ગુજરાતમાં વસતા ખેત-મજૂરો ને હીજરત કરવાની ફરજ પડી.

તે સમયે પાંચાળ ભૂમિમાં ૧૫૦ જેટલાં કુટુંબો ગયા અને પચાસ જેટલા પરિવારો સિંધુ નદીના પ્રદેશમાં ગયા. ત્યાં તેઓ કાપડનો વેપાર કરતા હોવાથી કાપડિયા કહેવાયા. તેઓ સિન્ધાપીરનું પૂજન કરતા હતા.

પંજાબમાં વસેલા પૂર્વજ ખરક ભાઈઓનું પંજાબી લુંટારાઓ શોષણ કરતા. પંજાબમાં આશરે ૨૭ વર્ષ રહ્યા પછી, વિવિધ કારણોને લીધે ત્યાંથી પણ હીજરત કરવી પડી. ફીરોઝ શાહ બાદશાહનું મૃત્યુ થતાં, રક્ષણ નબળું પડ્યું. બીજી બાજુ નહેરના પાણીનો કર વધતાં ખેતી પોસાતી નહોતી. તૂર્કી બાદશાહ પંજાબ, કૈથલ, મુલતાન, દિલ્હી સુધી લૂંટ ચલાવવા લાગ્યો. કત્લેઆમ થવા લાગી. ભયાનક મહામારી, કુદરતી કોપ થવા લાગ્યા. ધોળકામાં વસેલાં કુટુંબોએ આ લોકોને પાછા

આવી જવા જણાવ્યું. તેથી એક પછી એક પરિવાર ફરી એકવાર સૌરાષ્ટ્ર ભૂમિ તરફ પાછા ફર્યા. આજે પણ પંજાબ-હરિયાણા (કૈથલ) વિસ્તારમાં ખરકડાં, ખરકાં, ખરકડી વગેરે નામનાં ગામો હયાત છે. જે ગામોમાં નાથાભાઈ વાયક જઈ આવ્યા છે પણ હાલ ત્યાં ખરક વિશે કોઈ જાણતું નથી તેમ જાણવા મળેલ છે.

૧૯) જેઠાદાદાની કરમ કહાણી :-

આપણા પૂર્વજોની પાટણમાં ૧૦૦ જેટલી નાની-મોટી પેઢીઓ ચાલતી હતી, જેમાં જેઠાલાલ જીવણજીનું નામ આગળ હતું. જેનો હીરા-મોતી, તેજમ તુરી વિગેરે જવેરાતનો ધીકતો ધંધો ચાલતો હતો.

આ પાટણની જાહોજલાલી પર કોઈની નજર પડી હોય તેમ અચાનક કુતુબુદ્દીન શાહના લશ્કરે આ વૈભવશાળી શહેરનો નાશ કર્યો. તેઓ લૂંટફાટ, ખૂનખરાબી અને લોકોને બાનમાં પકડતા તેથી લોકો બધું જ છોડી ભાગી છૂટ્યા. તેમાં ધનિક વેપારી જેઠાલાલ જીવણજી અને તેની પત્ની શ્યામલ પહેર્યે કપડે જ્યાં આપણા પૂર્વજો-પરિવારો ગયેલ, તેવા ધવલપુર, ગોધરા અને વીરમગામ જેવાં સ્થળોએ - જ્યાં ધંધો મળે ત્યાં જઈ ખેતમજૂરી કરી ગુજરાન ચલાવવા લાગેલ.

વાત અહીંયાથી અટકી નહીં. કુદરત પણ રુઠી. ભયંકર દુષ્કાળ પડ્યો. ધંધા વિના જીવવું બેકાર લાગ્યું ત્યારે પંજાબમાં ફિરોઝ શાહની જાગીરમાં અન્ય કુટુંબો સાથે ખેતમજૂરી અને રોજીરોટી માટે ગયા. થોડી જમીન મળતા, બે બળદો લઈ, માટી તથા પાન-પાલાની ઝૂંપડી બનાવી, બંને પતિ-પત્ની રહેવા લાગ્યા. કુદરતની પણ અકળ કળા છે કે "હીરા માણેક તોળતા હાથ" અત્યારે હળની હડલી પકડતા હતા.

આ જેઠાલાલને ચાર સંતાનો થયાં. સંસાર ચલાવવો, પશુઓ પાળવા, શાહનો વેરો ભરવો અને વ્યાજખોર વેપારીનો પણ ત્રાસ, ઓછી આવકમાં ગુજરાન ચલાવવું દુષ્કર હતું. ઝૂંપડી જીર્ણ થયેલ, વરસાદ આવતા ચૂલા પર સૂવા પડતા પણ તેને રિપેરિંગ કરવાનાં નાણાં ન હતાં.

તેવામાં એકવાર ભયંકર વાવાઝોડું આવ્યું. મોટા મહેલો પણ હચમચી ગયા તો જેઠાલાલની ઝૂંપડીનું શું ગજું !

"ચૂવા પડતાં ચૂલા માંય, અડધી પાકી ખીચડી,
વાયા વાયા વૈશાખના-વા, ઝૂકી ગઈ છે ઝુંપડી."

વાવાઝોડું થંભતા શાહ અને તેનો રક્ષક, ઘોડે સવારી કરી, પાયમાલી જોવા આવ્યા ત્યારે જેઠાલાલ અને તેની પત્નીને અર્ધનગ્ન હાલતમાં અને બાળકોને ઠંડીથી ધ્રૂજતા, બેફામ રુદન કરતા જોઈ શાહ બોલ્યા, "તારું શું નુકસાન થયું છે ?"

જેઠાલાલે નિર્ભયતા અને મસ્તીથી જવાબ આપ્યો કે ખાવિંદ, **ઘણી જમીન, જાગીર કે ઝૂંપડી, બંગલો કે બેગમ એ સર્વસ્વ મારું આમાં જ છે અને હજી ક્યારે ઝડપાઈ જઈશું એ તો મારો રામ જાણે.**

શાહ, જેઠાલાલના શબ્દો સાંભળી સ્તબ્ધ થયો કે "હજી ક્યારે ઝડપાઈ જશું !" તે સાંભળી શાહને આત્મજ્ઞાન થયું. તેણે તેનાં શસ્ત્રો છોડી દીધાં અને જીવનભર શસ્ત્ર ન ઉપાડવાનો સંકલ્પ કર્યો. ખુશ થયેલા શાહે જેઠાદાદાને પાકું મકાન બાંધી આપેલ અને કરવેરાની મુક્તિ આપી.

જ્યારે બધાંજ જ્ઞાતિજનો વતન તરફ જવા લાગ્યા ત્યારે કંઈપણ આસક્તિ રાખ્યા વિના બધી જ શાહી મિલકત છોડી, જેઠાલાલ હાથે-પગે જ ત્યાંથી નીકળી ગયા.

આજના કાળમાં જ્યારે ભાડે લીધેલ મકાન પોતીકું કરતા થયા હોય અને પ્રધાનો જેમની સત્તા ખત્મ થતાં, બંગલો ખાલી કરતા ખચકાટ અનુભવતા હોય ત્યારે જરૂર ઉદ્‌ગાર નીકળે, વાહ ! ધન્ય છે જેઠાલાલ અને શ્યામલની ખાનદાની અને ત્યાગને !

૨૦) બુઝર્ગ બાલચંદની બુદ્ધિમત્તા :-

બાલચંદનો દીકરો પાનાચંદ અને તેની પત્ની પલ્વી. તેમના એકના એક સંતાન લાલજીને લઈ, મુસ્લિમ જલ્લાદોના ત્રાસથી બચવા, પાટણ છોડી લપાતા-છુપાતા પોપાબાઈના નગરમાં પહોંચ્યાં.

અહીંયા પાનાચંદની પત્ની પલ્વીએ પનિહારીઓને વીરડે પાણી

ભરવા આવતા જોયું તો દરેકનાં કપડાં, ઘરેણાં અને બેડાં સરખા જ હતાં. તેણે એક પનિહારીને પૂછ્યું કે તમે બધા સરખા મોભાદાર, કયા વર્ણના અને કોના ઘરનાં બૈરાં છો ? જવાબ મળ્યો કે પોપાબાઈના રાજ્યમાં દરેકને સરખી કમાણી અને સરખો હક્ક છે તેથી તેઓ મોજ કરી શકે છે. આ સાંભળતાં પલ્વીએ તેના પતિને અહીંયા જ રોકાઈ જવાની હઠ પકડી.

પાનાચંદ કહે અરે, સૌભાગ્યવતી ! આવા રાજ્યમાં ન રહેવાય. ક્યારે સંકટ આવે તે ન કહેવાય. પણ પલ્વી એકની બે ન થઈ, એટલે પોતાની પાસેનાં ઘરેણાં વેચી, પાનાચંદ મકાન લઈ રહેવા લાગ્યા. થોડાં જ વખતમાં ત્યાંના ખેડૂત બની ગયા. તેનો પુત્ર લાલજી સોબત ફેરે ચોરી કરવા લાગ્યો. એક દિવસ રસ્તે આવતી વાડીમાંથી ચીભડાં ચોર્યા. અને મુદ્દામાલ સાથે પકડાયો. રાજ્યના સમાન નિયમ-કાયદા પ્રમાણે તેને ફાંસીની સજા થઈ.

પાનાચંદ અને પલ્વી બેહદ કલ્પાંત કરવા લાગ્યા, પણ કોણ સાંભળે ? પોપાબાઈની પાસે પોતાના દીકરાની સજા માટેની મુદત માંગી. મુદત મળતાં જ તેમના પિતાજી બુઝર્ગ બાલચંદ પાસે જઈ વિગત જણાવી. બાલચંદ બુદ્ધિશાળી હતા. તેણે તરકીબ વિચારી, ચાર પાંચ વણિકોને સાથે લઈ આવ્યા. પોપાબાઈના રાજ્યમાં નગરશેઠ જેવા ઠાઠમાઠથી દરબારમાં પહોંચ્યા. પોપાબાઈએ તેમનો સત્કાર કર્યો. કેસર-દ્રાક્ષવાળું દૂધ પાયું અને પ્રયોજન પૂછ્યું. બાલચંદ બુઝર્ગ નમ્રતાથી અમ્મા પાસે વિગતે વાત કરી કે અમો ખરક વાણિયા છીએ. અમારે ત્યાં દુષ્કાળ છે એટલે અમને તમારાં માપે અને ભાવે ખરીદી કરવાની છૂટ આપો. તમો ભાવ વધારી શકશો પણ જો તમારા નાગરિકોને અમારી પાસેથી ખરીદવું હોય તો પછી અમો અમારા માપે અને ભાવે તેને વેચી શકીશું. કાયદો બધાને સરખો. પોપાબાઈએ કબૂલ રાખ્યું. બાલચંદ કહે, ઊભા રહો, પતરાં પર લેખ કરાવો અને તેમાં તમારી દસ્તખત કરી આપો.

પતરામાં લખાયું. પોપાબાઈની મહોર લગાવાઈ અને ખરક વાણિયા-ને સુપરત કરાયું.

ચાર જગ્યાએ ચાર ગોદામો રાખી, ગામડાંમાંથી ઘઉં, બાજરો, કઠોળ ખરીદવાનું શરૂ કર્યું. એક માણાના એક દીનારથી શરૂઆત કરી, પાછળથી ભાવ પણ વધારી દેતાં. પ્રજાજનો લાલચમાં આવતા ૨૦ માણા હોય તો ૬૦ માણાના સોદા કરવા લાગ્યા. તેઓને એમ કે પાસેના ગામોમાંથી સસ્તું લાવી, મોંઘુ વેચી દેશું.

પણ અનાજ બધું જ ખરક વણિકોના ગોદામમાં, લોકોને ખાવાનું ખૂટવા લાગ્યું. સોદાનું તો ક્યાંથી ભરી આપે. તેઓ સામા ખરીદવા આવવા લાગ્યા. આ ખરક વણિકો ઉંધામાણે પાંચ દિનારથી વેચવા લાગ્યા. ૨૦ માણા ભરાય - ૧૦૦ દિનાર આપવાના પણ અનાજ તો એક માણું જ આવે.

રાજયમાં હાહાકાર મચવા માંડ્યો, છતાં અનાજે ભૂખ્યા રહેવાનો વારો આવ્યો. પોપાબાઈના દરબારમાં ફરિયાદ આવી. તેમણે આ બુઝર્ગ બાલચંદને બોલાવ્યાને કહ્યું કે અરે, ખરક વણિકો તમે આ શું આદર્યું છે ?

અમ્મા ! પતરાં પરનું લખાણ જુઓ. અમે દસ્તાવેજી કાનૂન ત્યાગેલ નથી. અમારા માપે અને ભાવે વેચવા, કરાર પ્રમાણે જ કામ કરી રહ્યા છીએ. પણ તમો આ ઉંધેમાણે કાં અનાજ ભરી આપો છો ? પોપાબાઈએ કહ્યું.

ત્યારે બાલચંદ બુઝર્ગ બોલ્યા - તમારા રાજયમાં ચીભડાંના ચોરને ફાંસીની સજા પડતી હોય અને તે પણ સગીર વયના બાળકને ! તો પછી અમોએ શું ખોટું કર્યું છે ? આ માણું ઊધું રાખીએ છીએ એ નિયમ ભંગ નથી. પોપાબાઈ બેગમ સમજી ગયા. લાલજીને મુક્તિ આપી. આ છે આપણા પૂર્વજોની બુદ્ધિમત્તા.પછી બધું જ અનાજ પરત કરી, માન પ્રતિષ્ઠા મેળવી, પોતાના વતન ગયા. તેમની ખાનદાની અને ખેલદિલીને ખરેખર નમસ્કાર છે.

૨૧) ગારીયાધારમાં વસવાટ :-

જયારે આપણા પૂર્વજો પંજાબ, કૈથલ તરફથી સૌરાષ્ટ્ર આવવા લાગ્યા ત્યારે મારવાડના સેજકજી ગોહિલે ગોહિલવાડનો વિસ્તાર કબજે કરી - જાગીર હસ્તગત કરીને તેના સગા-વહાલાં પરિવાર જનોને જાગીરો સોંપેલ અને આખા પ્રાંતને નિર્ભય બનાવેલ - જે ગોહિલવાડ તરીકે ઓળખાયો. આ ગોહિલવાડ વિસ્તારમાં ખરક પૂર્વજોએ વસવાટ કર્યો.

મારવાડથી સેજકજીના વંશજોએ ઈ.સ. ૧૩૮૭માં સેજકપુર વસાવેલ. ત્યારબાદ શિહોર વિસ્તારમાંથી અમદાવાદના સૂબેદારોને હાંકી કાઢ્યા. વાળાગેરીયાના વંશજો પાસેથી ગારીયાધાર મેળવ્યું અને ત્યાં તેના પુત્ર કાંધાજીને ગાદી-જાગીર સોંપી. નોંધણજી અને ભારાજી ઈ.સ. ૧૩૮૭ની આસપાસ જાગીરો સંભાળતા હતા. આ સમયે ખરક ખેડૂતો ધવલપુર (ધોળકા) બાજુથી એક પછી એક આશરે ૩૦૦ જેટલા કુટુંબો ગારીયાધાર વિસ્તારમાં આવ્યા. ૫૦ જેટલાં કુટુંબો રાજકોટ, આટકોટ તરફ વેપાર કરતા હતા.

મહેનતુ, સ્વાશ્રયી અને શરાફી પ્રજા શ્રી ગુર્જર ખરકને ભારાજીએ મદદ કરી પશુઓ માટે ચરીયાણવાળી જમીન તથા રહેણાંક કરવા જમીન આપી અને ખાલી પડેલ ગામડાઓની ખેતીલાયક જમીન પણ આપી. ગેરીયાધારના પરવડી ગામની પટલાઈ પણ આપણા પેટલીયાઓને આપી. ગામમાં પીવાના પાણીની તંગી પડી ત્યારે રાજયની મદદથી ગામમાં એક ૨૭ ફૂટ વ્યાસનો કૂવો આપણા પૂર્વજોએ ગળાવ્યો, જે ડુબણીયા કૂવા નામે ઓળખાયો. કહેવાય છે કે છત્રપતિ શિવાજી આ બાજુએથી નીકળ્યા ત્યારે તેમના ઘોડાને આ કૂવાને ઠેકડાવ્યો હતો. ભારજી ગોહિલના રાજયમાં સુરક્ષિત બની, આપણા પૂર્વજો ખેતી, ખેતમજૂરી અને પશુપાલન વ્યવસાય જ કરતા હતા. કેળવણીના અભાવે વેપાર કે નોકરી કરતા ન હતા.

૨૨) ખરક જ્ઞાતિના રીતરિવાજો કણબી પટેલો સાથે વ્યવહાર અને તેના રીતરિવાજોનો સ્વીકાર :-

ગારીયાધાર વિસ્તારમાં કણબી જ્ઞાતિની બહુમતી હતી. તેઓ પણ મુખ્યત્વે ખેતીના વ્યવસાયવાળા હતાં. આપણાં પૂર્વજોએ તેમની સાથે રોટી વ્યવહાર શરૂ કરેલ. તેમના જેવો જ પહેરવેશ, ભાષા તથા લગ્ન-મરણના સામાજિક રીતરિવાજો પણ શરૂ કરેલ. ભરતગૂંથણવાળા કપડાં સ્ત્રીઓ પહેરતી થઈ. પુરુષોએ ચોરણી, કેડિયું અને પાઘડી પહેરવાની શરૂઆત અહીંયા કરેલ.

આ વિસ્તારમાં ધીમે ધીમે ૩૦ જેટલાં ગામડાંમા આપણી જ્ઞાતિએ વસવાટ કર્યો. ચારેક હજારની વસ્તી હતી. આ જ સમયે મારવાડના પાલીવાળ બ્રાહ્મણો પણ આવેલ. તેમની સાથે આપણો વ્યવહાર બહુ હતો નહીં. આપણા પૂર્વજો ૮૭ વર્ષ સુધી આ વિસ્તારમાં રહ્યા. મહેનતથી ખેતીનો વ્યવસાય કરતા હતા. સમાજમાં સરળ અને સજ્જન લોકો તરીકેની શાખ પ્રાપ્ત કરેલ.

૨૩) સદ્‌સઠિયો દુષ્કાળ અને લોદીવંશના ત્રાસે - ફરી ખતરનાક અવદશાના મંડાણ :-

ગેરીયાધાર જાગીરમાં ખરક પૂર્વજો શાંતિથી રહ્યા, સ્થિર થયા. પણ ભાગ્યમાં સ્થિરતા લખાયેલ નહીં હોય. નસીબમાં સુખ નહીં હોય તેમ ભયંકર દુષ્કાળ પડ્યો. ખેતી પડી ભાંગી, ખેત-મજૂરી મળતી નહોતી. તુર્કી તૈમુરના ખૂંખાર પ્રલય પછી દિલ્હીપતી નાસુરૂદ્દીન મહમદ - તઘલખવંશના અંતિમ બાદશાહે દિલ્હીનું રાજય સંભાળ્યું. રાજયવ્યવસ્થા ચલાવવા નાણાંની તંગી હતી. આથી તેણે ગોહિલવાડની જાગીરો પાસેથી ખંડણી ઉઘરાવવાનું શરૂ કર્યું. જાગીરદારો પર જોહુકમી કરી ખંડણી ભરવા જણાવ્યું. ખંડણી ન ભરનાર જાગીરદારોને બાનમાં પકડવા લાગ્યો. ભારાજી ગોહિલ પાસે આ તઘલખના ત્રાસ સામે લડવા શસ્ત્ર-સરંજામ ન હતો. દુષ્કાળને કારણે આ ગોહિલ રાજપૂતો ગુજારો કરવા શહેરો તરફ જતા રહ્યા. લડવા અને સામનો કરવા ફોજ પણ

ન હતી. પ્રજાપ્રિય જાગીરદાર જાન બચાવવા રાજગઢમાં પરિવારને મૂકીને નાસી ગયો. અન્ન અને ચારાના અભાવે પ્રજા અને પશુઓ મરવા વાટે જીવતા હોય તેવા લાગતાં. આવા વિકટ સમયે તઘલખી સરદારોએ પઠાણી ઉઘરાણી શરૂ કરી. જ્ઞાતિના મુખ્ય આગેવાનોને બોલાવ્યા. તઘલખી વટહુકમ સંભળાવ્યો કે દરેક જણ રાજભાગ ખંડણી ભરી દ્યો. નહીંતર બાન પકડી લઈ જવામાં આવશે. જેની પાસે નાણું હતું તેઓએ ખંડણી ભરી. પણ પલેવાળ અને ખરક લોકોની સ્થિતિ ખૂબજ નબળી હતી. તેમના ભાગે આવતી ૧૦,૦૦૦ કોરી - એટલે આશરે ૨૫૦૦/- ભરી શક્યા ન હતા. પલેવાળ બ્રાહ્મણની એક સ્ત્રી વીરાંગનાએ સરદારો સામે અવાજ ઉઠાવ્યો. તઘલખી સરદારો સાથેના જંગમાં લડી અને મૃત્યુને ભેટી. સરદારો, બ્રાહ્મણ સ્ત્રી હત્યાથી ઝંખવાણા પડી ગયા. આપણી જ્ઞાતિના વડીલોને બાન પકડી લીધા. ઘણી જ કાકલૂદી કરવાં છતાં બાનમાં પકડેલાં લોકોને છોડ્યા નહીં અને તેઓને દિલ્હીપતિ નાસુરૂદ્દીન મહંમદ પાસે લઈ ગયા અને રાજ્ય આજ્ઞા પ્રમાણે કેદમાં પૂર્યા. નાણાં ભરવાની મુદત આપી અને ન ભરી શકનારનાં માથાં ઉડાવી દેવાનો આદેશ આપ્યો. આ આપણાં પૂર્વજોના ભાગ્યનો અતિ વિકટ કાળ હતો.

આ દુઃખદ સમાચાર ગેરીયાધારમાં મળતાં જ ગેરીયાધારની આસપાસનાં ત્રીસગામોમાં વસતા આપણાં પૂર્વજો એકઠાં થયા અને વિચાર-વિમર્શ કરવા લાગ્યા કે દિલ્હીની કેદમાં પુરાયેલા આગેવાનોને કેવી રીતે છોડાવવા ? આ આપણી જ્ઞાતિનું પ્રથમ સામૂહિક રીતે મિલન થયેલ હશે.

સર્વેએ નક્કી કર્યું કે આપણા કુળગોર ગૌરીશંકર, જે ધોળકા રહે છે તેને બોલાવીએ. જે આપણા જામીન થઈ, બાદશાહને સમજાવી, આગેવાનોને કેદમાંથી છોડાવે. અભણ અને અજ્ઞાન લોકોનું દિલ્હી દરબારમાં કાંઈ ચાલશે નહીં. આમ વિચારી તુરંત ગામના શેઠિયા પાસે કાગળ લખાવ્યો અને ખેપિયા "કાસદ" ને ધોળકા મોકલ્યો. પત્ર નીચે પ્રમાણે હતો.

શ્રી રાજમાન રાજશ્રી કુળગોર શ્રી ગૌરીશંકરજી, આજે અમો તમારા યજમાનો સંકટમાં છીએ. અમારાં આગેવાનોને તઘલખી સરદારો, બાનમાં પકડી, દિલ્હી લઈ જઈને કેદમાં પૂર્યા છે. હાલમાં રાજયની ખંડણી અમો ભરી શકીએ તેમ નથી. તેઓને મળેલ મુદત પહેલાં આપ દિલ્હી જઈ બાદશાહને સમજાવીને, અમારાં જામીન થઈ, આ આગેવાનોને છોડાવી લાવો. જલ્લાદો તેમનાં મસ્તકો ઉડાવી દે તે પહેલાં આપ વહેલાસર દિલ્હી પહોંચો અને અમારાં આવા સંકટ સમયે અમોને સહકાર આપશોજી. તો તમારું ગોરપદુ સદા માટે દીપશે, અમારાં ચાર હજાર આત્માને આનંદ થશે. અમારી આબરૂમાં તમારી પણ આબરૂ સમાયેલી છે. આપ અમારી સહાય માટે પધારો.

સર્વેએ મળીને ખેપિયાને ખીસા-ખર્ચી આપી ધોળકા મોકલ્યો. અહીંયા ગેરીયાધારના પાદરમાં આ ગૌરીશંકરના જવાબની રાહ જોતા આશરે ચાર હજાર લોકો ભૂખ્યા અને તરસ્યા. રડારોળ કરી રહ્યા હતા. જેમના પતિ કે પરિવારના સભ્યો દિલ્હીની કેદમાં પુરાયેલા હતા, તેમની સ્ત્રીઓ હૈયાફાટ રુદન કરતી હતી. ઘરડાં માવતરો આપઘાત કરી જિંદગી ટુંકાવવાની તૈયારી કરી રહ્યા હતા. જેનાથી આ ઘટના સહન થતી ન હતી. તેમને યુવાનો હિંમત રાખવા સમજાવી રહ્યા હતા.

બીજી બાજુ ખેપિયો - કાસદ - ધોળકા પહોંચી, ગૌરીશંકરનું ઘર પૂછી, ચિઠ્ઠી પહોંચાડે છે. ત્યારે જયા ભવાની ગોરાણીએ પાણીનો લોટો કાસદને આપતા પૂછ્યું - લ્યા, ક્યાંની કંકોત્રી લાવ્યો છે ? કોણ અમારા યજમાન તેડાવે છે ?

શ્રી ગૌરીશંકર ગોર પણ પત્ર વાંચીને પરિસ્થિતિ સમજી ગયા. મોઢું બગાડી બોલ્યા, આ કંકોત્રી નથી ગોરાણી. અહીંથી ભાગી ગયેલા આપણા ખરક યજમાનો - જે ગોહિલવાડમાં રહે છે, તેના આગેવાનોને દિલ્હીના બાદશાહે કેદમાં પૂર્યા છે. તેના જામીન થવા અને દિલ્હી જઈ છોડાવી લાવવા મને તેડું મોકલ્યું છે.

ગોરાણી મા તાડૂકી ઊઠ્યા, ત્યાં શું મરવા જવાનું ? જવાબ આપી દ્યોને, મારો નારેશ્વર હજુ નાનો છે. તમે ત્યાં ન જશો. મોર હશે તો પીંછા ઘણાં આવશે. જીવતા હોઈશું તો યજમાન તો બીજા મળશે સમજયા. ગૌરીશંકર ગોર પણ ચાલાક હતા. તેથી તેણે સામે એક કાગળ લખી, ખેપિયાને આપ્યો, જેમાં લખ્યું હતું કે-

મારા વહાલા યજમાનભાઈઓ, મેં તમારું અન્ન જરૂર ખાધું છે. તે ચૂકવવાનો સમય આવ્યો છે. પણ મારે માળવે લગ્ન લેવા જવાનું છે. દીકરાને પરણાવીને પછી આવીશ. તમે ચિંતા ન કરશો. એમ શું રાજા-બાદશાહ માથાં ઉતારવાનો ? જવાબ ચિઠ્ઠી લખી - પત્ર કાસદને રવાના કરી દીધો. બંને જણા એક બીજા સામે જોઈ મનમાં હરખાયા. ખેપિયો કાસદ - ગેરીયાધારની ભૂમિ પર નિરાશ વદને આવ્યો. પાદરમાં ભૂખ્યા - તરસ્યા ખેડૂતોના હાથમાં ગોરબાપાનો હસ્ત લિખીત પત્ર આપ્યો. ગામના શેઠિયા પાસે હરખથી પત્ર વંચાવતા, તેઓના આશાના તાંતણા તૂટવા લાગ્યા. શાણીપ્રજા સમજી ગઈ કે ગોર છટકી જવા માગે છે. અમારા પ્રત્યે કૃતઘ્ની વ્યવહાર કરતા રહ્યા છે. જવા દો આપણા ભાગ્યનો દોષ છે. તેને શું કહેવું ?



-: બારોટનું બલિદાન :-

૨૪) ખરક જ્ઞાતિમાં બારોટનું મહત્ત્વ. બારોટજીના જીવાઈ ખાતર જીવનાં બલિદાન :-

હવે શું માર્ગ લેવો તેનો વિચાર-વિમર્શ કરવા લાગ્યા. વિચારતા વિચારતાં નક્કી થયું કે આપણા બારોટજી પાસે વાચાળ શક્તિ છે. તેમને મોઢે સરસ્વતી વસેલ છે. તેને કહીશું તો તે બાદશાહને સમજાવી શકશે. તે મરદ માણસ છે. આપણી ખબર લેવા જરૂર આવશે જ. આપણાં કહેણને અવગણશે નહીં. તે આપણું કહેણ સ્વીકારી બાદશાહ પાસે દિલ્હી જશે. ગામના શેઠિયા પાસે પત્ર લખાવીને ખેપિયાને મોટા રાજકોટ ગામે મોકલ્યો. રાજકોટ ગામે બાબા ચંદ્રભાણ પાસે ખેપિયો-કાસદ પહોંચ્યો. તેનો મીઠો આવકાર થયો. દૂધ-કસુંબલ પાયા અને આવવાનું કારણ પૂછયું. કાસદે તેના હાથમાં ખરક યજમાનોનો પત્ર મૂક્યો.

ચંદ્રભાણ બાબાની આંખો પત્ર પર ફરવા માંડી, અને એક એક શબ્દ વાંચવા માંડ્યા અને પરિસ્થિતિ પામી જતાં જ તેમનું હૈયું હલબલી ઊઠ્યું. તેમની ચારેય બાજુ તેમના સાત દીકરા અને સર્વે પરિવાર અચંબો પામી ગયેલ અવસ્થામાં ઊભો હતો. ને ચંદ્રભાણ બાબાના મોઢામાંથી શબ્દો સરી પડ્યા. હા ! અમારા પ્રાણ... અમારા અન્નદાતા અને અમારાં સર્વેસર્વા - તમારી આબરૂ તે જ અમારી ધન દૌલત ને અમારી આબરૂ - તમારી ઉપર સંકટ - તે અમારું જ સંકટ છે અને દીકરાઓને સંબોધીને કહ્યું - બેટાઓ તૈયાર થાઓ, કાયા પર કફન બાંધી લ્યો આજ ગારીયાધારના ગોંદરે તમારા જવાબની વાટ જુવાય છે. ત્યાં આપણા અન્નદાતા અન્નપાણી વગર બેઠા છે, બહેનો મોકળા વાળ કરી છાતીયો કૂટે છે. ચાલો, ઝટ કરો, બોલાવો આપણા મહોબ્બત મિત્રોને, કરો કસુંબા, ને આપણે તેમને છેલ્લીવારના રામરામ કરી લઈએ.

તુરંત તેમના તેજસ્વી દીકરાઓ પણ કંઈ પણ પૂછ્યા વિના બધાને બોલાવી લાવ્યા. પ્રસંગ વગરનું નોતરું મળતા ગ્રામ્યજનો, મિત્રો

ચંદ્રભાણ બાબાના આંગણામાં આવી પહોંચ્યા. તેમને કસુંબા લેવડાવ્યા અને છેલ્લા જુહાર કર્યા અને જણાવ્યું કે ભાઈઓ, જીવતા હોઈશું તો મળીશું, નહીંતર છેલ્લા રામરામ. અમારાં યજમાન ઉપર આકરી વેળા આવી છે. ગારીયાધારના પાદરમાં અમારી વાટ જોવાય છે. તેમના સંકટમાં અમારે દિલ્હીના બાદશાહ સામે ત્રાગું પણ કરવું પડશે ! તેથી આગળ અમારો ઘનશ્યામ જાણે.

વાત વાતમાં જ ખમીરવંતા બારોટના બુઝર્ગો, વીરાંગનાઓ અને શ્રી બાબાચંદ્ર ભાણનાં સાતેય સંતાન મળી ત્રણસો માણસોનું ટોળું હર હર મહાદેવના જયનાદ કરી, તેમના યજમાનની વ્હારે ધાવા નીકળી પડ્યા. અનેક અગવડોનો સામનો કરતાં કરતાં, ઝાડી, જંગલો, નદી, પર્વતો વટાવતાં વટાવતાં, રાત પડે ત્યાં રોકાણ કરતા, પગપાળા કેટલાએ દિવસે રાજસ્થાન મધ્યપ્રદેશના પ્રદેશો વટાવી દિલ્હી પહોંચ્યા. આપણા અડીખમ બુઝર્ગો અને યુવાનોને સાથે લઈ ૫૦૦ જેટલા માનવ મહેરામણે દિલ્હીના લાલદરવાજાના પાદરમાં પડાવ નાંખ્યો. દિલ્હીના બાદશાહ તઘલખી નાસીરૂદ્દીન મહંમદની સામે આ પ્રથમ સત્યાગ્રહ હતો.

ત્યાં પહોંચ્યા પછી શ્રી બાબા ચંદ્રભાણે બધાને સંબોધન કરતા જણાવ્યું કે મારાં વહાલાં જનો આપણે બાદશાહને શામ, દામ અને ભેદથી સમજાવવા જરૂર પ્રયત્ન કરીશું, તેમ છતાં ન માને તો છેલ્લે આપણે આપણાં બલિદાનો દઈ દેવા તૈયાર રહીશું. જ્યારે અહીં આવ્યા જ છીએ તો પીછેહઠ કરવાનો સવાલ જ નથી, તો તમો સર્વે મારી સાથે શપથ લો - જય ભવાની બોલી બધાએ શપથ લીધાં. ૫૦૦ જેટલા માનવ સમૂહ સાથે શ્રી બાબા, નાસુરૂદ્દીન મહંમદના દરબારમાં હાજર થયા. બાદશાહને કહેવા લાગ્યા - જહાંપનાહ અમો સોરઠ દેશના બારોટ છીએ - યાચક વર્ગના છીએ અને ખરક પટેલિયા અમારાં માનવંતા યજમાન છે, એ જ અમારા અન્નદાતા છે. આપ જાણો છો કે તેઓ ગારીયાધારની જાગીરમાં રહી ખેતી અને ખેતમજૂરી કરે છે. ગોહિલવાડની ભૂમિમાં ભયંકર દુષ્કાળ છે. ધંધા-રોજગાર, ઘાસચારા

અને અનાજ-પાણીનાં ફાંફાં છે. માણસને બે ટંકનું ખાવાનું પણ નથી મળતું. બાળકો, વૃદ્ધો અને ઢોર તેમની આંખ સામે ટળવળતા મરી રહ્યા છે. આવી કટોકટીમાં આ ભોળા અને અભણ અમારાં યજમાનો ઉપર ત્રાસ ગુજારી તમારા અફસરોએ કોઈ ગુન્હા વગર તેમના પ્રતિનિધિઓને બાનમાં પકડી લાવી અહીંયા કેદમાં પૂર્યા છે. તેમના પરિવારજનો ગારીયાધારના પાદરમાં ભૂખ્યા-દુઃખ્યા ટળવળે છે, તેમની ખંડણી તમો માફ કરો માયબાપ અને તેમને કેદમાંથી છૂટા કરો. સારું વર્ષ થતાં જ તમારી રકમ ચૂકવી આપશે. શ્રી બાબા ચંદ્રભાણ બોલ્યા કે અમારા શિરતાજ ! આપ તો પાંચ કરોડ જનતાના ભાગ્યદાતા છો અને લક્ષ્મી આપનાં ચરણોમાં આળોટે છે, ત્યારે આ લોકો પાસે ફૂટી કોડી પણ નથી તેવા કંગાળ માણસો તમારો કર ક્યાંથી ભરે. બાપ! તમારી તિજોરીમાં શું ખોટ આવશે ? આ વલખા મારતા અને ભોળા માનવી મરવા વાંકે જીવતા રહેલાને છોડી દ્યો. તેનો સારો વખત આવશે ત્યારે તમારો જરૂર કર ચૂકવશે. અત્યારે આ લોકોને તેના ભાગ્ય ઉપર રોટલો રળવા દ્યો. આમ શ્રી બાબા ચંદ્રભાણજીએ બાદશાહને કાલાવાલા કરી સમજાવવાનો અથાગ પ્રયત્ન કર્યો.

બાદશાહે તેના અફસરોનો અભિપ્રાય લીધો. તેના અફસરોએ પણ આગ્રહ રાખ્યો કે જહાંપનાહ ! આપણે તો ફક્ત દસ હજાર કોડીની જ વસૂલાત કરવાનું ફરમાન કરેલ છે. પરંતુ આ સર્વો મળીને આપણા હુકમનો અનાદર કરે છે. આમ બધા જ કર ન ભરે તો આપણા રાજ્યનું શું થાય ? કડક રહેવું જ પડશે ! ત્યારે અંતમાં બાદશાહ મહંમદે ચુકાદો સંભળાવ્યો કે, હમને સુન લિયા હૈ, હમારી લ્હેણી વસુલાત ચૂકવી દ્યો, તબ તુમ્હારા સભી ઈન્સાન કો જેલસે નિકાલૂંગા - યહ હમારા ફરમાન હૈ !

આ યવનનો ખતરનાક જવાબ સાંભળતાંજ બાબાના હોઠ ફફડવા લાગ્યા, શરીરે ધ્રુજારી આવી અને જુસ્સામાં ભર દરબારમાં કહેવા લાગ્યા -

"માંગણ, બેટા ને મહીપતિ, કવળી ઘરની નાર, વેળા કવેળા સમજે નહીં, લાવ્ય, લાવ્ય ને લાવ્ય."

પછી ત્રાગું કરવા તૈયાર થયેલું ટોળું શોરબકોર કરતું લાલ દરવાજે આવ્યું અને લોહીતરસી તલવારો સજજ થવા લાગી. પ્રથમ તો ઉપરાઉપર સાત લાંઘણ નાખી પણ બાદશાહના ખુશામતિયા કે બાદશાહ સુલતાનના પેટનું પાણી પણ ન હલ્યું. હિન્દુ રૈયતમાં તો હાહાકાર થઈ ગયો. છેવટે ખુદ બાબા ચંદ્રભાણે પોતાનાં સાત સંતાનો પૈકી છનાં મસ્તકો વાઢીને દિલ્હીના દરવાજે લોહી ટપકતું તોરણ બાંધ્યું. આ જોઈ દરબારમાંના ક્ષત્રિયોનું લોહી ગરમ થયું. આ વીર પુરૂષો ઊભા થઈ ગયા. રાજ દરબારમાં ખણભણાટ થવા લાગ્યો. પણ મહંમદ અને તેના ખુશામતિયાનો કંઈ પ્રતિભાવ ન મળતાં, સગીર બાળકોમાંના છોકરા-છોકરીને ચાર મંગળફેરા ફેરવી મીંઢોળ બંધાનાં મસ્તકો, જેમ કુંભાર ચાકડા પરથી માટીનો પીંડો ઉતારે તેમ એક પછી એક ધડોધડ ત્રાગાળો વરણ બલિદાન દેવા લાગ્યો.

"ત્રાગાળે તોરણ બાંધીયા, વરત્યો હાહાકાર,
હેબતાણા હૈયા હિન્દુતણા, ભડકા થયા ભેંકાર."

આ ત્રાગાળાના ટોળાને અટકાવવાની કોઈની હિંમત ચાલી નહીં ત્યારે તઘલખી દરબારમાં બેઠેલા રાજપૂતવીરોની છાતીયું ચીરાવા લાગી. તેમના હાથ તેમની સમશેર ઉપર પડવા લાગ્યા. આ જોઈ કોઈ સજજન અફસરો સુલતાનને કહેવા લાગ્યા,

"હજુરીયે હાંકલ કરી, જહાંપનાહ છોડો જીદને,
ગુર્જરીયા મહેમાન, હલકાવી દેશે હિન્દને
બેડી તોડો એ બાનની, છુટા કરો સન્માનથી,
નહીંતો દરવાજે ઘા આવશે, ત્રાગાળાના અપમાનથી
કરે મજુરીકામ, નથી રહેવાને ઝુંપડી,
આજ ભરખાયા ભેંકાર,રાય ઉગારો એ રંકને."

આમ સુલતાનના અંગરક્ષકો, હજુરિયાઓ અને સજ્જન અફસરો કહેવા લાગ્યા ત્યારે સુલતાન પરિસ્થિતિ પામી જતાં જ આપણા ખરક આગેવાનોને બેડીમાંથી સન્માન સાથે છૂટા કરવા ફરમાન કર્યું.

આ સમયે દિલ્હીના લાલ દરવાજે કાગડા અને ગીધનાં ટોળાં દેખાવા લાગ્યા. મરણિયા થયેલા સહભાગી કુટુંબીજનો અને બાબા ચંદ્રભાણ ખુલ્લી તલવાર હાથમાં લઈ, ખુમારીથી અર્ધમુવા અહીંથી તહીં ઘૂમતા હતા. આ લોકોએ જયારે પોતાના યજમાનોને સુલતાનની કેદમાંથી છૂટી, સન્માનભેર આવતા જોયા ત્યારે નાગી તલવારો ફેંકી દઈ, શ્રી ચંદ્રભાણજી યજમાનોને ભેટી પડ્યા. છુટેલા ખરક પટેલિયાઓએ પણ કૃતજ્ઞતાવાન અને ખમીરવંતા શ્રી ચંદ્રભાણ બારોટના પગ કૃતજ્ઞતાભાવે આંસુથી ધોયાં અને હૃદયથી ઉદ્‌ગારો કાઢ્યા, અમર રહો શ્રી બાબા ચંદ્રભાણ - ધન્ય છે આ બલિદાન દેનારાઓ બારોટ રાજાઓને, તઘલખી બાદશાહની કાળકોટડીમાંથી છૂટા થનાર પોતાના શરીરથી કેદમાંથી છૂટ્યા. પણ આ પ્રસંગે અનેક લોકોએ પોતાનાં માથાંઓ વધેરી દીધા હતાં - આ જોઈ છુટનાર આગેવાનોની જીભાન બંધ થઈ ગઈ, આંખો ફાટી ગઈ, અમારાં માટે કેટલાંયે બલિદાન આપ્યું. દરેકને અશ્રુપૂર્ણ આંખે મળ્યા. જેના પરિવારના લોકો આ ત્રાગાળામાં ખપી ગયા, તેઓને આશ્વાસન આપવા લાગ્યા, કૃતજ્ઞતા વ્યક્ત કરતા શરમ અનુભવવા લાગ્યા.

દિલ્હીના હિન્દુ લોકોએ મળી ત્રાગાળામાં મૃત્યુ પામેલાનાં શબોને એકઠા કરી, સામૂહિક અંત્યેષ્ઠી સંસ્કાર પણ ત્યાંજ કર્યો. આ જંગમાં બચી ગયેલ બારોટ તથા ખરક લોકો પરત ગારીયાધારના પાદરમાં, જયાં ચાર હજાર લોકો જ્ઞાતિજનો, રાહ જોતા બેસી રહ્યા હતા, ત્યાં ઘણી અગવડતાઓ વેઠી આવી પહોંચ્યા. સર્વોને સજળ નેત્રે મળ્યા. આપણા સંકટના સમયે બારોટજીએ આપેલા બલિદાનની દુઃસહ્ય દાસ્તાન કહી સંભળાવતા દરેકના હૃદયમાંથી બિરદાવલીના શબ્દો નીકળતા હતાં.

ત્યાં સર્વોએ હળીમળી કસુંબા લીધા અને ૩૫૦ કુટુંબોએ બારોટજી પ્રત્યે કૃતજ્ઞતાની દૃષ્ટિએ વાર્ષિક રૂ. ૧।। ઘરદીઠ આપવા અને ખળા સમયે ૨ માણા બાજરો આપવો અને જ્યારે દીકરાના નામ મંડાવે અથવા લગ્ન પ્રસંગે યથાશક્તિ નાણાં આપી ખુશ કરવા. સર્વોએ સ્વીકારેલ, જે પ્રથા આજની તારીખ સુધી ચાલતી આવેલ છે અને તે વખતના બારોટ રાજાઓએ પણ ખરક સિવાય કોઈનું દાન ન સ્વીકારવાનું નક્કી કરેલ.

આપણા ખરક પટેલિયાઓએ શ્રી બાબા ચંદ્રભાણ બારોટ સાથે તેના જીવીત પુત્ર અને છ વિધવા પુત્રવધૂઓને સજળ નેત્રે વિદાય આપી, મૃતાત્માની ખાંભીઓ કોતરાવી. જે આજે મોજુદ છે.

આ ગેરીયાધારનું પાદર તે સમયના પટેલિયાઓને ભેંકાર લાગવા માંડ્યું. આ ભૂમિ અમોને ભરખી જશે તેમ લાગવા માંડતા જે ભૂમિની માટી મીઠી લાગતી હતી તે હવે માઠી લાગવા માંડી.

આવા ન ધણિયાતા ગામમાં ન રહેવાય એમ વિચારી આ "પાળીયા ગધળે ગાળ્ય" - શબ્દના સંબોધન કરી, શ્રીફળ વધેરી, પ્રથમ ગારીયાધારમાં જ વસતા ખરક કુટુંબોએ અને ત્યાર પછી આસપાસનાં ગામડાંઓમાં વસતા આપણા ખરક કુટુંબોએ ગારીયાધારનું પાણી અગરજ (ત્યાગ) હરામ કરી છોડી ગયા.

આજે હજુ પણ આપણા સંકટ સમયે પોતાનાં બલિદાન આપનારની કોતરાયેલ ખાંભીઓ ગારીયાધારના પાદરમાં, ચારોડીયા અને ભોરીંગડા જવાના રસ્તે પડી ગયેલ હાલતમાં છે - જે લીલાપીરની દરગાહથી ૪૧૫ ફૂટ, હનુમાનજીની દહેરીથી ૮૨૫ ફૂટ અને ગઢના દરબારથી ૨૫૦ ફૂટને અંતરે આવેલ છે.

આ આત્મ બલિદાન કરનાર પ્રત્યે કૃતજ્ઞભાવે નતમસ્તક થયા વગર રહેવાતું નથી. ધન્ય શ્રી બાબા ચંદ્રભાણ - જેણે આપણી જ્ઞાતિના લોકો માટે પોતાનાં બલિદાન આપ્યા છે.

૨૫) ગારીયાધારને ગોઝારું કરી, હીજરત :-

આમ, આપણા ખરક પૂર્વજો ગારીયાધાર અને આસપાસનાં ત્રીસ ગામોમાં વસવાટ કરતા હતા. ઈ. સ. ૧૪૬૭માં આશરે ૧૦૦થી ૧૫૦ કુટુંબો ચૈત્ર સુદ ૯ નોમ - રામ નવમીના દિવસે ગારીયાધાર ત્યજીને ભાવનગર દરબારના લાઠીવળા, વલ્લભીપુર, મોરચંદ, વાળુકડ, ચભાડીયા, ભાલર, ખરકડી, ટાઢાવડ ખાંજલીડા, કુંઢડા, ઠળિયા, ગુંદરણા, ભીકડા નાગનેસ, સાંખડાસર, જસપરા, હમીપરા, ઉખલ્લા વગેરે ગામડાંઓમાં વસવાટ કર્યો. ખેતી, ખેતમજૂરી, પશુપાલન અને થોડાઘણા નાનો-મોટો વ્યવસાય કરવા લાગ્યા. આપણા પૂર્વજોએ વાળા એભલના રાજ્યમાં મુખ્યત્વે વસવાટ કરેલ.

આ વીર એભલવાળાના રાજ્યમાં સાત સાત દુષ્કાળ પડ્યા હતા. તેનું કારણ જાણવા મળ્યું કે તે વખતના રાંકાશાહ અને વાંકાશાહ નામના વાણિયાઓએ મેલીવિદ્યાથી તાવીજ બનાવડાવી મેઘને બાંધી દીધેલ - જે તાવીજ તેઓએ મૃગના શીંગડામાં છુપાવી દીધેલ.

એભલવાળાએ જંગલમાં ભાગા દોડી કરી મહામહેનતે તે તાવીજ શોધી કાઢતા મુશળધાર વરસાદ વરસ્યો. આ વરસાદમાં એભલવાળાને જંગલમાં આશરો ન મળતાં, ખૂબ જ ભીંજાતા અતિશય ઠંડી ચડી અંતે તે જંગલમાના એક નેસડામાં વસતા આઈ નેસડી ચારણ..... બહેનના ઘરે પહોંચ્યો. વીર એભલવાળાને અતિ ઠંડીને લઈને કાંપતા અને બેભાન હાલતમાં આવી ગયેલ જોઈ, સતત વરસાદને લઈને કાંઈ ઉપાય ન સૂઝતા, હિંમત દાખવીને પોતાની ગરમીથી આઈ નેસડીએ તેને જીવતદાન આપેલ.

આ સમયે ચારણ આઈ નેસડીનો પતિ ઘણા વરસના દુષ્કાળને લઈને પશુઓના નિભાવ અર્થે બહાર ગયેલ હતો. તે વરસાદ થઈ જતાં અને ઘાસચારો થઈ જતાં પોતાને ઘેર પરત આવ્યો. કોઈ અવળવાણી બોલનારની કાનાફુસીથી તેણે પવિત્ર પત્ની પર ચારિત્ર્યની શંકા કરી. પણ વીર એભલવાળાએ જીવતદાન આપનાર આઈ નેસડી સાથે ભાઈ-બહેનનો પવિત્ર સંબંધ બાંધેલ હતો.

તેનો પતિ આઈ નેસડીને સાંભળ્યા વિના, અતિ ત્રાસ આપવા લાગ્યો, ત્યારે અનાયાસે તેમનાથી પોતાના પતિને શ્રાપ દેવાઈ ગયો કે હું જો પવિત્ર હોઉં અને મારો વીર એભલવાળા સાથે પવિત્ર ભાઈ-બહેનનો સંબંધ જ હોય તો તેની સાક્ષી રૂપે તમને કોઢ નીકળે અને સતીના સતીત્વના પ્રભાવે પતિને કોઢ નીકળ્યો.

આઈ નેસડી તેમના પતિને વીર એભલવાળાના રાજ્યમાં લઈ ગઈ. એભલવાળાએ તેમના પતિને શ્રાપ મુક્ત કરવાના ઉપાય સ્વરૂપે પોતાના દીકરાનું બલિદાન આપ્યું. પરંતુ આઈ નેસડીના સતીત્વના પ્રભાવે તેની પ્રાર્થનાથી વીર એભલવાળાનો દીકરો ફરી સજીવન થયેલો. આ સ્થળ એટલે નાગધણીમાં અને ચારવદર ગામ. અહીંયા જે ખોડીયાર માં પુજાય છે તે જ આઈ નેસડીની જગ્યાએ આપણા કાપડિયા પરિવાર ચારવદરના સ્થાને મીંઢોળ મૂકે છે અને કામળિયા પરિવાર કુળદેવી તરીકે પૂજે છે.

૨૬) ખરક પૂર્વજોની હીજરત અને વસવાટ, ગારીયાધારથી ગોહિલ દરબારની જાગીરમાં :-

ઈ.સ. ૧૪૬૭માં દિલ્હીના બાદશાહ મહંમદના જુલ્મોથી ત્રાસીને આપણા પૂર્વજો ગારીયાધારની જમીન-ઝૂંપડી છોડીને, આસપાસ ત્રીસ ગામોનાં કુટુંબોએ હીજરત કરી, ગોહિલવાડી જાગીરમાં જવા લાગ્યા. સેજકજી ગોહિલના પૌત્ર શાહજીની જાગીરના વળા, ચમારડી, ચભાડીયા, ખાંટ, ખરકડી, ભાલર વગેરે સ્થળોએ ગયેલ. આ સમયે ગોહિલ દરબારનું રક્ષણ સારું હતું પણ ખેતી ઉત્પાદન કરેલ અનાજનો, કઠોળનો ચોથો ભાગ જાગીરદાર-દરબારને આપવો પડતો હતો.

૨૭) વસવાટ, પહેરવેશ, અટકો અને રીત-રિવાજો સ્થિર થયા :-

આ વિસ્તારમાં કણબી-પટેલોની વસતી ઘણી હતી. તેઓ સ્વભાવે મળતાવડા હોવાથી, તેમની સાથે રોટી વ્યવહાર બંધાયો હતો તેમજ આપણે આપણો પહેરવેશ પણ બદલ્યો. પુરુષો કેડિયું અને ચોરણી

પહેરતા થયા. માથે ગોળ પાઘડી બાંધતા, કાનમાં ફૂલ-ઢાવ સોના અથવા રૂપાની પહેરવા લાગ્યા. હાથમાં ચાંદીના સરલીયા અને કેડે કંદોરો પહેરતા થયા. આપણી દીકરીઓ ઘાઘરી અને છૂટા પછેડા, છાયલ ઓઢતી. પરિણિત વહુઆરો, સ્ત્રીઓ ભરત ભરેલા ચણિયા પહેરતી, ટૂંકા પેટના કાપડા પહેરતી અને માથે ટૂંકા સાડલા પહેરવા લાગી અને માથાથી નીચે સુધી લાજ-ઘૂંઘટ કાઢતી . માથાના વાળ ગુંથીને અંબોડે આંટી પાડતી. આ પ્રમાણે પાની ઢંકા પહેરવેશ પહેરતી. કાનમાં વેઢલા, ડોકમાં હાંસડી અને સાંકળી પહેરતી, પગમાં ચાંદીના કડલાં, કાંબી અને હાથમાં હાથી દાંતના બલોયા પહેરતી હતી.

સ્વાશ્રયી, મહેનતુ અને વ્યવહારમાં કુશળ ખાનદાન જ્ઞાતિ તરીકે ખરક જ્ઞાતિ ગોહિલવાડમાં મશહૂર હતી. શાહજી ગોહિલના રક્ષણ નીચે ૮૦ વર્ષ સારી રીતે રહી ઈ. સ. ૧૫૦૦માં ધીરે ધીરે દક્ષિણમાં ઝાંઝરશીવાળાની જાગીર તરફ જવા લાગી. ભાલમાં વસતા ખરકોના ઊભા પાકનો અહમદશાહના સૈન્યે નાશ કરતા તેઓ બેકાર બન્યા. તેઓ લાઠી, મોરચંદ અને વાળુકડમાં જઈને વસ્યા. આ લોકો પણ ૧૪૬૯માં ઝાંઝરશીવાળાની જાગીર-ઊંચડીમાં જઈને વસ્યા. ભાલથી ભાગેલાઓએ ઈ. સ. ૧૪૫૬માં ઘોઘા, ભૂંભલી અને થોરડીમાં વસવાટ કરેલો.

વળિયા કુટુંબો સોળમા સૈકામાં ત્રાપજ, તણસા, મણાર અને ધારડીમાં સ્થાયી થયા. ધારડી સોનાની હાંરડી કહેવાતું. પિયતની સગવડ હોવાથી બારેમાસ ખેતી થતી. આથી ત્યાંના લોકો સુખી-સંપન્ન થયેલ.

ગારીયાધારથી નીકળેલા વાઘેલા શાખાનાં (ટાઢા) ૨૦ પરિવારો દ્વારા કાળોદ્રી નદીના કાંઠે, તઘલખી સૈન્ય દ્વારા ખત્મ કરાયેલ ચારણોના ઉજજડ ટીંબાને ફરી વસાવેલ. આ વિસ્તાર વીર એભલસિંહની ભૂમિ હતી. જે ખામ્ભ ટીંબામાં ખરકનાં ૫૦ કુટુંબો અને કોળીનાં ૧૫૦ કુટુંબો વસવાટ કરતા થયા. ટાઢા પરિવાર આગળ વધતા ગુંદરણા, ઠળિયા,

કુંઢડા, ખારડી, ટાઢાવડ જેવા નદીના ખરાબ, ભાઠા અને ડુંગરાળ ભૂમિ જયાં ચારણ, ભાટ અને બારોટ લોકો રહેતા હતા, ત્યાં આવી મહેનતથી સુખી બન્યા. સમય પસાર થતાં ખારડી અને ટાઢાવડમાંથી ખરક કુટુંબોનો વસવાટ બંધ થયો. પણ ગુંદરણા, ઠળિયા અને કુંઢડામાં ખરક જ્ઞાતિના ઘણાં કુટુંબો સ્થાયી થયા.

આમ ઈ.સ. ૧૫૦૦ સુધીમાં જુદે જુદે સ્થળે ૬૦ જેટલા ગામોમાં વસવાટ કરી ખેતી, પશુ-પાલનનો વ્યવસાય કરતાં. આ સમયગાળામાં આ ગુર્જર વણિક ખરક વાણિયા, વ્યવહારિયા વેપારી કે પણીયા વણજારા વિગેરે રાજપૂત શાખા તરીકે જે ઓળખાતા, તેમાંથી નવી જ ઓળખ તેમની ખરક જ્ઞાતિના નામથી જુદી જુદી અટકો, તેમનાં સ્વભાવ, ગામ, કામ કે નામ પરથી નક્કી થઈ ગયેલ. જે સામાન્ય રીતે નીચે પ્રમાણે હાલમાં પણ ઓળખાય છે.

(૧) વળા બાજુ રહેતા તે વળિયા કહેવાણા. તેની પ્રશાખા અટક ઠંઠવળિયા, સોલંકી વળિયા તરીકે ઓળખાય છે.
(૨) ચભાડીયા ગામ ગયેલ તે ઠંઠ ચભાડીયા કહેવાયા.
(૩) ભાલર ગામે ગયેલ તે ભાલરીયા કે ઠંઠ ભાલરીયા કહેવાયા. આ સોલંકી રાજપૂતની શાખામાંથી પાંચ શાખા - અટકની બનેલ છે, જેનું પ્રમાણ આપણી જ્ઞાતિમાં વધારે છે અને તેઓ જ્ઞાતિના આગેવાન પણ રહ્યા છે.
(૪) મહેસાણા પાસે કામળી ગામે રહેનાર કામળિયા કહેવાયા.
(૫) સિન્ધ બાજુ કાપડનો વેપાર કરનાર કાપડિયા કહેવાયા.
(૬) પરબડીમાં ભારાજી દ્વારા જેને પટલાઈ મળેલ, તેઓ પટેલિયા કહેવાયા.
(૭) ભોજા બાપાના વંશજ - ભોજાણી કહેવાયા.
(૮) ખીમા બાપાના પરિવાર - ખિમાણી કહેવાયા.
(૯) સાંગા પટેલના છોકરા - સાંગાણી કહેવાયા.

(૧૦) અને જેઓ પ્રથમ વળાંકમાં આવનાર - વાળાંકી કહેવાયા. આમ ખરક જ્ઞાતિની અલગ અલગ અટકો ગોહિલવાડમાં વસ્યા ત્યારથી થયેલ.

જયાં વસ્યા ત્યાંની વસતીના સંગથી આપણી જ્ઞાતિમાં રિતરિવાજો અને રુઢિઓ નક્કી થયેલ છે. જેમ ચારણીયા ટીંબા, ખામ્ભ ટીંબામાં કોળીનાં કુટુંબો વધારે સાથે રહેતા તેથી શ્રીમંતમાં (સીમંતમાં) પગલી. ભરવાનો રિવાજ - ટાઢા પરિવારે શરૂ કરતા ૬૦ ગામોમાં પ્રચલિત થયેલ. પણ ઉંચડી ગામે આ પ્રસંગે ખડકીનો માઢ પડતા સગર્ભાનું મૃત્યુ થવાથી આ રિવાજ-પ્રથા બંધ કરવામાં આવેલ.

શરૂમાં પશુબલી અપાતા હતા, પણ સેંતા પરિવારોએ માથાની લટ ઉતારવાની શરૂઆત કરીને એક ઐતિહાસિક ક્રાંતિ કરેલ. કુળદેવી મહાલક્ષ્મી દેવીની પૂજા કરતા હતા પણ પાછળથી કુળદેવી ચામુંડાના યા આઈ ખોડિયારના પ્રતીક રૂપે આજે મઢમાં ખીજડાના લાકડાના ફણાને સિંદુર લગાવી પૂતળા બેસાડાય છે.

સૂરધન, સુરાપુરા, પાળિયા, ભૂતપ્રેત, દોરા-ધાગા અને દાણા જોવરાવવાની વિગેરે વાતો, ડરપોકપણું તથા અજ્ઞાનતાને લઈને સંગ-દોષ રૂપે ઘૂસેલ છે. નહીંતર મહેનતુ, પ્રામાણિક આ પ્રભુની લાડકી પ્રજા જેના પર શ્રી પરશુરામજીના આશીર્વાદ અને મા મહાલક્ષ્મીની કૃપા હોય, તેને વળી આવી વાત જ શું હોય.

આપણો મુખ્ય ધંધો ખેતી, પશુપાલન હોવાથી, તેમાં કુટુંબની બહેનો-દીકરીઓનો સહકાર મળતો રહેતો હતો તેથી બહેન-દીકરીને લગ્નમાં ગાય યા ભેંસ આપતા. આણામાં પણ આપતા. આ રિવાજ પણ ખામ્ભ ગામના વસવાટ વખતે પ્રચલિત થયેલ છે. (ધામેણું)

-: ઊંચડી ગામે આગમન :-

૨૮) ઊંચડી ગામે આગમન ફરી સમૃદ્ધિ તરફ પ્રયાણ ઈ.સ. ૧૫૪૫ :-

વળામાં ૭૮ જેટલા વર્ષ રહ્યા પછી ત્યાંની સૂકી ખેતી અને પાણીના અભાવે ત્રાસી ગયેલ. તેવામાં સમૃદ્ધિનો સૂરજ ઊગવાનો હશે તેથી ઊંચડીના જાગીરદાર શ્રી ગજરાજસિંહે પોતાના નિર્જન બનેલા ગામોમાં ખેડૂત વર્ગ વસાવવાના હેતુથી તેમના સગા થતા વળા દરબાર પાસેથી ખેડૂતોની માગણી કરી. આપણા ખરક ખેડૂતોની છાપ મહેનતુ પ્રજામાં ગણાતી હોવાથી, ગજરાજસિંહની માગણી અનુસાર સોલંકી વળિયા ૨૭ કુટુંબો એકી સાથે ઊંચડી આવતા - ઠાકોર સાહેબ ગજરાજસિંહે આ જ્ઞાતિ પટેલિયાઓનું પ્રેમભર્યું સન્માન કર્યું અને તેઓના રક્ષણની જવાબદારી સ્વીકારી. ખેતી કરવા જમીન, રહેણાંક માટે જગ્યા સાથે પશુઓ માટે બીડ આપવાની બાંહેધરી આપી. જ્ઞાતિના છેલ્લા સાતસો વર્ષના ઈતિહાસમાં ન મળેલ તક મળતા મહા મહિનાની સુદ બીજ (માયબીજ)ના શુભ દિવસે ઊંચડીમાં આવીને વસ્યા. થોડાજ સમયમાં લાઠી, ખાંટ અને ખરકડી જેવા વિસ્તારમાંથી જ્ઞાતિના પરિવારો આવવા લાગ્યા.

નવા ખેડૂત, નવા રાજા અને નવી પ્રજા પછી પૂછવાનું જ શું ? મહેનતુ સ્વભાવવાળા ખેડૂતોએ ધાર્યા કરતાં બમણા ખળા લીધા - રાજા ગજરાજસિંહની ચોથાઈ રૂપે અઢળક આવક થતાં તેણે આવેતુ ખરક ભાઈઓને વસવાટ બાંધી આપવા મદદ કરીને સ્થિર કર્યા. થોડા સમયમાં ઊંચડી, નીચડી ખંઢેરા, મીથીલા, જાદવપુર, બોરડા, ગઢુલા, પીથલપુર, આંબલા, માધવવન, દાઢા સુધીના ગજરાજસિંહના નેસડા જેવા ગામડાઓને ખરક પટેલોએ ગોકુળિયા બનાવી દીધા. અહીંયા જાગીરદારના રક્ષણ સાથે સહકાર અને સગવડતાં મળતાં જ આપણા ભાઈઓ હામ, દામ, ઠામથી ભરપૂર થયા.

ઠાકોર સાહેબે તે વખતના ખરક જ્ઞાતિના મોવડી રાંકાશાને પટેલ અને કુંપાશાને મુખી પદ આપેલ. ખરક ખેડૂતની બહેન-દીકરી તરફ કોઈ આંગળી પણ ન ચીંધી શકતું અને સન્માનથી જાગીરદારોના રક્ષણ અને સહકારથી આપણા ભાઈઓ આ વિસ્તારમાં શાંતિપૂર્વક જીવવા લાગ્યા. આથી આજુબાજુના ખરક ખેડૂતો વસવાટ માટે આવવા લાગ્યા. ખેંગારજીનું ભાંગલ ગામ વળિયાઓએ વસ્તીવાળુ બનાવ્યું - પાછળથી આ ગામનું નામ ખંઢેરા પડ્યું. અહીયાંના ખરક કુટુંબો સમૃદ્ધ હતા. તેમને ત્યાં વહાણો હતા.

આમ દિન-પ્રતિદિન ખરક ભાઈઓ આવતા ગયા, તેમ ઉજજડ નેસડા જેવા ગામો - આંબલા, ખંઢેરા, પીથલપુર, નીચડી વિગેરેમાં વસવાટ કરવાથી ગામોની પ્રગતિ થઈ. ધંધો-વેપાર પણ દેશાવર સાથે વધવા લાગ્યો. આ વ્યાપારથી આકર્ષાઈને પોર્ટુગીઝ લોકોએ પણ આવ-જા શરૂ કરી વ્યાપાર-ધંધા કરવા લાગ્યા.

આમ થોડા સમયમાં સાગરકાંઠાનો મહારાષ્ટ્ર, ખંભાત, પીરમ, દીવ, ઘોઘા, જાદવપુર, શિઆળકોટ, માંગરોલ સુધીની દરિયાઈ પટ્ટીમાં ફિરંગી લોકોએ વેપારી મથકો સ્થાપ્યા.

આપણા ખરક પરિવારો સમૃદ્ધિના શિખરે પહોંચી ગયા. નાવલી કાંઠે મેદાનમાં ભેંસો ચરતી અને નિર્મળ નીર પીતી. દૂધ અને ઘીની ચકમચોળ રેલાતી. સ્ત્રીઓ પૂરા પ્રેમથી પશુઓનું જતન કરતી- પ્રાગડવાહ્યમાં ૧૫ જેટલી ભેંસો દોહતી, દૂધ, મહીમાખણ વલોવતી, ૨૫ બેડાં પાણી ભરતી, છાણ - વાસીદાનાં સૂંડલાઓ ઉપાડતી વિગેરે કામ થનગનાટથી કરતી હતી. આ તેમનું ગૌરવ હતું. ત્યારે એમ કહેવાતું કે "દુઝણે દીકરી દેવાય" આવા ઘરે કંકુ-કન્યાનાં દાન દેવાતા અને ખાનદાનીથી લગ્નો થતા, જાજાં ઢોરડાં, ખોરડાં અને છોરૂડાંના વખાણ થતા - આ જોઈ આપણામાં સંબંધ થતા હતા ત્યારે આજે -

"આંગણે કૂવો ને નળનીતરે,
વીજળીએ વાસીંદા થાય,
કુટુંબ ટૂંકું અને હોય કેળવણી
ત્યાંજ કન્યા દામ વિનાની દેવાય"

અનેક પ્રકૃતિ, પરિસ્થિતિની થપાટો ખાતા ખાતા વણઝાર રૂપે ફરતા રહેલાં ખરક પરિવારો ઊંચડીની આસપાસ સ્થિર થયા. અહીંયા તેને સારું રક્ષણ મળ્યું અને બાહોશ ખેડૂત ધૂળમાંથી ધાન્ય કલ્પના બહાર પેદા કરવા લાગ્યા. ખરક ખેડૂતો અને માલધારી કુટુંબોની સ્ત્રીઓ પણ પોતાનાં દિલના રંગથી દરેક ખેતીકામમાં મદદ કરતી. આ સુવર્ણકાળ હતો. શરીરે ખડતલ, મહેનતુ, ઘરમાં જૂના-નવા અનાજ મળતાં હોય, આંગણે દસ-વીસ ગાય-ભેંસ-બળદો બાંધેલાં હોય, ધ્રાગંધ્રી નવ ઈંચની ઊંચાઈની ઘંટી હોય, માલ-ઢોરને ચારવા બીડ-ચરાણ હોય, પાદરમાં બારે માસ વહેતી નદી હોય તથા રક્ષણ કરનાર જાગીરદાર હોય, તો પછી આ પ્રજાને બીજું શું જોઈએ.

કન્યાનું વિના મૂલ્યે કંકુ અને હળદર ઘરની દઈને કન્યાદાન આપતા, સાથે દાયજામાં ગાય ભેંસ આપતા. આમ સર્વ રીતે સુખી-સંસ્કારી ખરક સમાજ, સમૃદ્ધિનાં શિખર ઉપર, પ્રગતિના પંથે પહોંચી હતી. આમ શ્રી પરશુરામજીને આપેલ કોલ નખશિખ જીવનમાં પાળવાનો આગ્રહ દેખાતો હતો.

"ભલે વાળુ કર્યા વગર, ઘાસની પથારીએ સુઈ રહીએ પણ દીકરીનો પૈસો ન લેવાય, એ તો મીઠાનું ખાતર કહેવાય."

૨૯) આપણા પૂર્વજોની ધર્મભાવના અને સેવાભાવના :-

આપણે શિવપૂજક છીએ. પોતાનાં આદ્ય ઈશ્વર શ્રી ભોળાનાથના દર્શન-લાભ ગોપનાથ દરિયાકાંઠે મળતા, વણઝાર અવસ્થામાં ભૂલાયેલ દેવ-દેવીઓની આરાધના ફરી શરૂ થતા બધાંજ જ્ઞાતિજનો સંતુષ્ટ થયાં.

આપણે ઊંચડી ગામે વસવાટ કર્યો ત્યારે ત્યાં તળાવના કાંઠે હનુમાનજીની સ્થાપના કરી અને ગામમાં મા ખોડિયારનું દહેરું કરેલ. ઈ.સ. ૧૬૩૦ની આસપાસ ભયંકર દુષ્કાળ પડ્યો ત્યારે તે વખતના મોગલ બાદશાહે, રૈયતને પેટ-પૂરતું મળી રહે, તેવો બંદોબસ્ત કર્યો હતો. રાંકાશા અને કુંપાશા જેવા આગેવાનોએ રાહત-કામ માટે શાહને અરજ કરતાં રૂ. ૫૦,૦૦૦/- મળેલ, તેમાંથી ઊંચડીમાં રાંકાસર અને ખંઢેરામાં કુંપાસર તળાવો બંધાવ્યા હતા.

ઈ. સ. ૧૬૩૦ના દુષ્કાળ સમયે નાવલીના નીર થંભી ગયા હતા. જાગીરદારોના કોઠાર ખાલી થયા, તે વખતે નાવલીમાં એક સ્થળે ગોવાળિયાઓએ વીરડો કર્યો, ત્યારે ઊગમણી દિશાથી - વીરડામાં પાણીની સર ફૂટી. ઢોરને પાણી પાયા પછી પણ પાણી તેટલું જ રહેવા લાગ્યું. આ વાત રાંકાશા પટેલને જાણ થતાં, તેણે તપાસ કરાવી તો જૂનું દેવસ્થાન હશે તેમ જાણવા મળેલ. આ સ્થળે ગામના બ્રાહ્મણને બોલાવી ત્યાં મા રાંદલની સ્થાપના કરી. દરેક કુટુંબમાં લગ્ન-પ્રસંગે તેમજ સીમંત પ્રસંગે રાંદલ તેડવાની પ્રથા શરૂ કરી. જેમાં ૧૩ ગોરણી જમાડવાનું વ્રત હોય છે. આ પ્રથા આજે પણ ચાલુ જ છે.

તે જ સમયમાં કુંપાશા પટેલે પોતાનાં પશુઓને દુષ્કાળથી બચાવવા, દરિયાના ખારા પાણીમાં ઊગતા ખડ, તમ્મર, કોદરા ચરાવવા, દરિયાકાંઠે થોડે દૂર કુબા બનાવી તેના ગોવાળો જ્યાં ગાય-ભેંસ સાથે રહેતાં ત્યાં પથ્થરને સિંદુર લગાડી પૂજા-અર્ચના કરતા. તે સ્થાન કુપેશ્રી ખોડિયાર નામથી ઓળખાય છે. આજે પણ કુબાની ખોડિયાર તરીકે તેની માનતા માને છે.

વચ્ચેના કાળમાં વણઝારી વ્યાપાર કરતા-ત્યારે જૈન વિચારધારા અને તેનાં કર્મ-કાણ્ડ સ્વીકાર્યા હશે - જેની વિગત ઉજજૈન તરફના વસવાટ વખતે પર્યુષણના જમણવારની ચર્ચા વાંચવા મળે છે. પરંતુ મૂળ હિન્દુવાદી જ્ઞાતિ સામાન્યતઃ રહી છે. આજે શ્રી રામ અને શ્રી

કૃષ્ણની જ માન્યતા જોવા મળે છે. તેમ છતાં આપણા પૂર્વજોની ધર્મધારણા અલગ અલગ સ્થળોએ દેવ-દેવીઓની રહી હતી. તેના પ્રતીક રૂપે ઘણી જગ્યાએ મંદિરો, મઢ, દહેરીઓ અને સ્થાનકો સ્થાપિત કરેલાં છે. થોડાંક જ્ઞાત-જાણીતાં સ્થાનકોની નોંધ અહીંયા આપેલ છે.

(૧) શ્રી રામજી મંદિર - રાણીવાડા
આ રાણીવાડામાં આશરે ૧૨૦ વર્ષથી રામજી મંદિરની સ્થાપના કામળિયા રણછોડભાઈ માલાભાઈ દ્વારા પોતાનાં જ મકાનમાં કરી હતી, જેનો જીર્ણોદ્ધાર ઈ. સ. ૧૯૫૬માં કરવામાં આવ્યો. આજે તેની વ્યવસ્થા કામળિયા ભાઈઓ કરે છે.

(૨) શ્રી મહાલક્ષ્મી મંદિર - ઠળિયા
સમસ્ત શ્રી ખરક જ્ઞાતિનું સ્થાપિત આ મંદિર ઈ. સ. ૧૯૩૬માં નિર્માણ કરેલ, જેનો નિભાવ આજે પણ જ્ઞાતિ દ્વારા જ થાય છે.

(૩) શ્રી મહાલક્ષ્મી મંદિર, મહુવા
ઈ. સ. ૧૯૪૮માં જ્ઞાતિના શ્રીમતી મોંઘીબેન ભાણાભાઈ વળિયાએ બારપરા બંદર રોડ પર બંધાવીને જ્ઞાતિને અર્પણ કરેલ છે. તેમજ મહુવામાં જનરલ હૉસ્પિટલ સામે દર્દીઓ માટે સગા-વહાલા નિવાસ બંધાવી આપેલ છે.

(૪) સેંતા પરિવારનું કુળદેવી મંદિર - ભૂંભલી

(૫) કામળિયા પરિવારનું કુળદેવી મંદિર તરેડ - દાઠા (શ્રી કલ્યાણભાઈ બેચરભાઈ કામાળિયા દ્વારા)

(૬) ખોડીફાડ પરિવારનું કુળદેવી મંદિર - કુંઢડા

(૭) વળિયા પરિવારનું કુળદેવી મંદિર - ત્રાપજ, ખાટસુરા, દિહોર અને થોરડી

(૮) સુરાણી પરિવારનું કુળદેવી મંદિર - ભંડારિયા

(૯) ભોજાણી પરિવારનું કુળદેવી મંદિર - ભંડારિયા

(૧૦) કાપડિયા પરિવારનું કુળદેવી મંદિર - સખવદર
(૧૧) વળિયા પરિવારનું બીજુ કુળદેવી મંદિર -ત્રાપજ
(૧૨) ભુત પરિવારનું કુળદેવીનું મંદિર - લીલીવાવ

આમ, ભવ્ય શિખર મંદિરો જ્ઞાતિ બંધુઓએ બંધાવી ધર્મભાવના વ્યક્ત કરી છે. અને અટક પ્રમાણેના માતાજીના મઢોની વ્યવસ્થા છે.

આપણી જ્ઞાતિ તટસ્થ સ્વભાવની હોવાથી કોઈ ખાસ પંથ, સંપ્રદાયમાં સક્રિયપણે જોડાયેલ નથી. અક્ષરજ્ઞાનના અભાવે અને મહેનતુ વર્ગ હોવાથી સાંસ્કૃતિક ક્ષેત્રે કોઈ યોગદાન જણાતું નથી. તેમ છતાં માનવતા, કૃતજ્ઞતા અને ખાનદાની જેવા ગુણો ધરાવે છે.

"જાડાં લુગડા (કપડાં) પહેરતા, ખાંડીને ખાતા ધાન
નેવે નમીને ચાલતાં, પણ કહેવાતા ખાનદાન"

Simple living and high thinking આજના કાળની કૂટનીતિ, રાજનીતિ અને દુ:વ્યસનનો સંસર્ગ થયેલ નથી. એ પૂર્વજોની પુણ્યાઈનું ફળ છે. સંકુચિતતા છોડી જ્ઞાતિના લોકો, સમાજજીવન તરફ વળવા લાગ્યા ત્યારે અમુક પરિવારોએ શ્રી સ્વામિ નારાયણ સંપ્રદાય અપનાવ્યો છે. તેના ફલ સ્વરૂપે મહુવાના કાપડિયા પરિવારમાંથી લાલજીભાઈ અરજણભાઈએ દિક્ષા ગ્રહણ કરેલ છે. સ્વામિ નારાયણ સંપ્રદાયના પૂ. પ્રમુખ સ્વામીના નેજા નીચે "હરિકીર્તન સ્વામિ" નામ ધારણ કરેલ છે. હાલ ધંધુકા વિસ્તારમાં સત્સંગ કરાવી રહ્યા છે.

આજે અનેક ગામોમાં અનેક પરિવારો પ. પૂ. પાંડુરંગ શાસ્ત્રીજી પ્રેરિત સ્વાધ્યાય પ્રવૃત્તિમાં રસ લઈ સાંસ્કૃતિક પ્રવૃત્તિના કાર્યમાં રસ દાખવી રહ્યા છે. તેમાં શ્રી નાથાભાઈ વાયક અગ્રસ્થાને છે. આમ, આપણી જ્ઞાતિ ધર્મપ્રેમી સંસ્કારની આગ્રહી છે, જે ગૌરવ સમાન છે. વિત્ત અને વૈભવ કરતાં વિચાર શક્તિ શ્રેષ્ઠ છે. સંસ્કાર જીવનનો વૈભવ છે અને તેની જ સમાજમાં કિંમત છે.

૩૦) સ્ત્રી પુનર્લગ્ન પ્રથાનો સ્વીકાર :-

આપણી જ્ઞાતિના એક વડીલની એકની એક દીકરી હતી. તેના લગ્ન કર્યા બાદ પાંચમા દિવસે જ તેનો પતિ મૃત્યુ પામ્યો. બંને પરિવારોમાં શોકનાં વાદળો છવાઈ ગયા. તે જ સમયે તે જ ગામના કણબી પટેલને ત્યાં આવી જ ઘટના બની, તેણે પોતાની કન્યાને બીજી જગ્યાએ પરણાવી. આપણા જ્ઞાતિબંધુને પણ આ બાબતે યોગ્ય કરવા સમજાવેલ. ત્યારે કચવાતા મને આપણા જ્ઞાતિ ભાઈએ પહેલ કરીને દીકરીને બીજે ઠેકાણે યોગ્યતા જોઈ પરણાવીને, પોતાની મિલ્કત, જમીન તથા પશુઓ દીકરીને વારસામાં આપીને કન્યાના દુ:ખનો અંત લાવ્યા. રુઢિચુસ્તતા અને સંકુચિતતા વચ્ચે જીવતી આ જ્ઞાતિનો આ એક પ્રશંસનીય પ્રસંગ હતો. ધન્ય છે આ માનવધર્મ સમજનાર મા-બાપને, ત્યાર બાદ આ પુનર્લગ્ન પ્રથાને પ્રોત્સાહન મળતું રહ્યું.

૩૧) શ્રી ભાવસિંહજીની નજરમાં વસ્યા ખરક ખેડૂતો :-

ઈ. સ. ૧૭૨૩માં પીરમબેટથી ઉમરાળા, વળા સિંહોર, ભૂંભલી, ઘોઘા, હમીરપરા, અવાણીયા, સાણોદર, તણસા વિગેરે જાગીરો ગોહિલ કુળના ભાવસિંહજી પહેલાની હતી. આ ભાવસિંહજી ઝાંઝમેરના સરવૈયા દરબારને ત્યાં પરણવા જાડેરી જાન લઈ આવેલા, ત્યારે તેમની જાનનો ઉતારો ઊંચડીથી ઝાંઝમેર સુધીમાં તંબુઓ તાણીને રાખવામાં આવ્યો હતો. આ મહેમાનોને ખરક ભાઈઓએ ઉદારતાથી દૂધ, ઘી પીવડાવી આદર સત્કાર કરેલ. લગ્ન સમયમાં એક દિવસ ડાયરો ભરાયો, એક બાજુ ગોળ પાઘડિયુંવાળા પટેલિયાઓ બેઠા હતા, બીજી બાજુ જાગીરદારોવાળા, ધાંધલ, ગોહિલ, સરવૈયા અને વાંઝા બેઠા હતા. ગામે ગામથી યાચક વર્ગ - ભાટ, ચારણ અને બારોટ વિગેરે આવીને બેઠેલા. રાજ્યના રિવાજ મુજબ ઉપરકોટના નીચા મેદાનમાં ઊંચા આસન પર વરરાજા શ્રી ભાવસિંહજી અને બીજા વડીલ રાજવી ગણ અલગ અલગ આસને બિરાજયા હતા. ડાયરામાં અફીણ ઘુંટાય છે,

એક બીજાને તાણ કરીને કસુંબા પીવડાવાય છે. તેમાં વચ્ચે ખરક પટેલિયાઓની ધીંગી ભેંસોના કઢીયેલ તાજા દૂધમાં કેસર, એલચી, સાકર નાખેલ તાંસળિયો પણ ફરે છે. બાપુની બિરદાવલીમાં છંદો, દુહાઓ, પ્રશંસાના કાવ્યો લલકારતા ભાટ, ચારણ અને બારોટ ગણ ખુશાલીમાં છે. ખુશ થયેલા ભાવસિંહજીના ઈશારે તેમના કારભારી પછેડીમાં બાંધેલ રાણી સિક્કાઓ યાચકોને દાનમાં આપી રહ્યા છે. યાચકવર્ગ રાજી થઈ આશીર્વાદ વરસાવતા હતા.

આ સમયે બાપુનો લગ્નોત્સવ નિહાળવા ખાસ આવેલા ખરકના બારોટના વંશજો (શ્રી ચંદ્રભાણજીના વંશજો) જરા દૂરથી બાપુની વિલાસિતા અને ડાયરો નીહાળતા હતા, તેવામાં કારભારીએ તેઓની બાજુમાં આવી, યાચક ગણી તેમને દાન આપવા હાથ લંબાવ્યો, પણ આ બારોટ દેવ નિરપેક્ષતાથી ઊભા રહ્યા. દાન સ્વીકારવા હાથ લંબાવતા નથી. કારભારીએ કહ્યું કે તમો બાપુના લગ્નોત્સવ નિમિતે આ ખુશાલીનું દાન-ફુલ નહીં તો ફુલની પાંખડી રૂપે સ્વીકારો.

આ શ્રી બાબા ચંદ્રભાણનાં સદસ્યો નમ્ર ભાવે અસ્વીકાર કરે છે. કારભારી તેઓને કાંઈક વધુ દાન આપવાની તૈયારી બતાવે છે, પણ તેમ છતાં તેઓ સ્વીકારતા નહોતા. આ ઘટના બાપુની નજરમાં દૂરથી આવતાં તેણે કારભારીને હુકમ કર્યો કે તેને માંગે તેટલું આપો. તેમને સંતોષ થાય તેટલું આપો.

ત્યારે એક પીઢ અને વૃદ્ધ બારોટજી જેઓ શાંતિથી બેઠા હતા, તેઓ ઊભા થયા અને શ્રી ભાવસિંહજીને નમસ્કાર કરી બોલ્યા કે, બાપુ ! અમે ખરક પટેલિયાના બારોટ છીએ પરંપરાથી કોઈનું તેમના સિવાય સ્વીકારતા નથી, તો માફ કરો, મહારાજ, અમો આપનું દાન સ્વીકારીશું નહીં. અમો તો આપનો - લગ્નોત્સવ માણવા જ આવ્યા છીએ. આ સાંભળી અચંબો પામેલ શ્રી ભાવસિંહજી ખુદ આસન પરથી

ઊતરી બારોટ દેવ પાસે આવ્યા. કારભારીને કહ્યું કે તેઓ ખુશ થાય તેટલું આપો, તેઓ એમ માનીને નજીક આવ્યા કે, હું ખુદ જઈશ એટલે તેઓ સ્વીકારશે.

બારોટ દેવે નમ્રતાથી જણાવ્યું, બાપ ! તમે પીરમની પાદશાહી આપો તો પણ અમે ન લઈએ. અમે અમારો જમણો હાથ આ ખરક પટેલિયા આગળ જરૂર લંબાવીએ છીએ. ડાબા હાથની કમાણી સૈકાઓથી ખાતા નથી, ખાવી નથી અને પ્રાણ હશે ત્યાં સુધી ખાઈશું પણ નહીં !! ડાયરો પણ ઝંખવાણો. શ્રી ભાવસિંહજીને આ શબ્દો ખૂંચ્યા, પણ સાવધ થઈ સાંભળી રહ્યા અને પોતાના આસને જતા રહ્યા. પાછળથી શ્રી ભાવસિંહજીએ તેમના સસરાને પૂછ્યું, આ ખરક જ્ઞાતિના લોકો કોણ છે ? જેના સિવાય આ યાચક વર્ગ હોવા છતાં બીજાનું સ્વીકારતા નથી. (હમણા પણ શ્રી મોરારીબાપુનું દાન પણ અસ્વીકાર કરેલ છે.)

શ્રી ગજરાજસિંહજીએ કહ્યું કે આ ખરક પટેલિયાઓએ મારી વૈભવતાને મરતી બચાવી છે. આ ઉપરકોટના કાંગરાની કિંમત તેને લીધે જ છે. આ બારોટો તેના સિવાય કોઈનું કંઈ જ દાન સ્વીકારતા નથી તે વાત સાચી છે. કમાલ છે ! વાહ યાચક અને શું તેના યજમાન. શ્રી ભાવસિંહજીની બુદ્ધિમાં એક અનેરી છાપ ઊભી થઈ.

તમામ લોકો વીખરાઈ ગયા. જાનનું વેલડું શિહોર તરફ રવાના થયું. યુવાન વરરાજા શ્વેત ઘોડાને કુદાવતા કુદાવતા જાય છે. રસ્તામાં તેમની જાગીરના ઉજજડ ગામડાઓ અને ખાલી ખેતરો જોઈ તેના સસરાના, ખરક ખેડૂતો માટે નીકળેલા શબ્દો ગુંજવા લાગ્યા,

"આ ખરક ખેડૂતોએ મારી વૈભવતા મરતી બચાવી."

મનમાં વિચાર સ્ફૂર્યો કે શું આ ખરક લોકો મારા ભાવનગરના નવાગઢના કાંગરાને જીવંત ન બનાવી શકે, જીવન આપી નવસર્જન ન કરી શકે ?

ગોહિલની ગાદી શિહોરથી નવા ભાવનગરમાં સ્થપાણી. ઘોઘા બંદરની જાહોજલાલી હતી. સૌરાષ્ટ્રનાં બંદરો ધમધમતા હતા. ભૂંભલી ગામ વસેલું હતું. સપાટ ભૂમિ, પાણીના તળ સારા હોવા છતાં માનવ વિહોણી ભાસતી હતી. વિચારતાં વિચારતાં એક દિવસ પોતાના લગ્ન પ્રસંગે બનેલ ઘટના યાદ આવતા, તેઓશ્રી ખરક ખેડૂતોની માગણી કરવા, પોતાના સસરા ગજરાજસિંહ પાસે આવ્યા અને ખરક ખેડૂતોની માગણી કરી, તેમના રક્ષણ અને વસવાટની જવાબદારી સ્વીકારી. પોતાના ઉજજડ - બેકાર ગામડાંઓની આબાદી વધે અને ખેતી સમૃદ્ધ બને તે માટે શ્રી ભાવસિંહજીએ ખુદ ખરક ખેડૂતો - પટેલિયાઓને આમંત્રણ આપ્યું, મફત વસવાટ, પશુઓને ચરવા ચરિયાન આપવાની તૈયારી દર્શાવી. પાણીની સગવડવાળા ગામની ઊપજનો ચોથો ભાગ જ લેવાની બાંહેધરી આપી.

આમ સામેથી શ્રી ભાવસિંહજીનું આમંત્રણ મળતા આપણા પૂર્વજો ખરક પટેલિયા જાગીરદાર ગજરાજસિંહને ચરણે, પાઘડીઓ ઉતારી, ગદ્‌ગદ કંઠે કહેવા લાગ્યા, બાપુ, તમારી સાથે અમારો વરસોનો સંબંધ છે, અમારી ભૂલ થઈ હોય તો માફ કરશોજી. તમો હસતે મુખે રજા આપો તો અમો કુંવરબાના રાજ્યમાં જઈએ. શ્રી ગજરાજસિંહે ૩૫૦ એ ખેડૂતોને ભાવનગરની જાગીરમાં જવા - વસવાટ કરવા સહર્ષ પરવાનગી આપી, પોતાના જમાઈરાજની માગણી ઠુકરાવી નહીં અને ફરી એકવાર ખરક ભાઈઓએ ઉચાળા ભર્યા.

-: શ્રી ખરક જ્ઞાતિનો સૂર્યોદય :-

૩૨) સૂર્યવંશી શ્રી ભાવસિંહજી ગોહિલના રક્ષણ અને જાગીરમા - આપણા પૂર્વજોનો ઊગતો સૂર્ય :-

ભિન્નમાળથી નીકળી, મેવાડના સૂર્યવંશી બાપા રાવળના રાજ્યમાં સંકટ સમયે ગયેલા અને માનપાન સાથે ધંધો કરતા અને રાજ્ય તરફથી રક્ષણ મળેલ. તેના કુળના યુવરાજ ગૃહીલકુમારના વંશજ મારવાડથી સૌરાષ્ટ્ર આવેલા અને ઊના-ખીજડીયા બાજુ રહેલા અને તેનાજ વારસદાર શ્રી સેજકજી ગોહિલના મુલક - જાગીરનું નામ ગોહિલવાડ પડેલ.

આજ સૂર્યવંશી કુળના શ્રી ભાવસિંહજી ગોહિલે ભાવનગર વસાવ્યું અને ભાવનગર પરગણાના રાજયકર્તા હતા. આપણા પૂર્વજો તેમના નિમંત્રણને સ્વીકારી, ઈ. સ. ૧૭૨૫ ના વૈશાખ સુદિ-૪ શ્રી ગણેશચતુર્થી શુભ દિને ઊંચડીથી ૧૧૧ બળદગાડાઓ લઈ, સાણોદરના ટીંબે આવ્યા. શ્રી ભાવસિંહજી ગોહિલ પોતેજ સાણોદર આ ખેડૂતોનું સ્વાગત કરવા પધારેલ. બે દિવસ રોકાયા પણ ખરા. ત્યાંનાં શ્રી રાવસિંહજીની જાગીરમાં ૫૦% ભાગીદારીનો ભાગ મુજબ શ્રી ખરક પટેલિયાઓને સોંપેલ. સાણોદરના સજ્જન ચોરામાં સર્વ લોકો સાથે આપણા વડીલોનો પરિચય કરાવ્યો અને ખેતી અંગેની શરતો નક્કી કરાવેલ. આ ચોરો આજે પણ હયાત છે. ત્યાં ૧૩,૦૦૦ વીઘા સૂકી જમીન અને ૭૦૦૦ વીઘા પિયતની જમીનમાં ખેતી કરવાની સનંદ ૧૧૧ ખેડૂતોને લખી આપી અને ઊપજનો ૪થો ભાગ રાજયની તિજોરીમાં ભરવાની શરતે આપી. પિયત પાકમાં પાંચમો ભાગ ભરવાનો રહેતો પણ ચરિયાણની જમીન મફત-પશુને ચરાવવા આપી.

ધીમે ધીમે ૧૫થી ૨૦ વર્ષમાં ભાવનગરની જાગીરના ૬૦ જેટલા ગામડાંઓમાં વસવાટ કરી લીધેલ. પોતાની સજ્જનતા અને પુરુષાર્થની છાપ ઊભી કરી. દરબારોમાં માન-પાન પામ્યા. નાના મોટા ઝઘડા

અને ફરિયાદ વખતે, શાણા વડીલો - ભાણા પટેલ અને ભદા પટેલ સમાધાન કરાવતા જે સર્વો માન્ય રાખતા. ખરકનો ચોરો અલગ હતો.

"સમાધાન ચોરે થતાં, થતી જીતની વાત,
પંચને પરમેશ્વર માનતા, ને પ્રેમથી બેસતા પટેલિયા"

ખરકના વિસ્તારમાં દરબારો જતાં, ત્યારે તેમનો આદર જાળવતા, બહેન, દીકરી, વહુઆરો સામે મળે તો ગલીમાં ઓથારે સરી જતા. આપણી સ્ત્રીઓ લાજ (ઘૂંઘટ) કાઢતી અને ગામમાં ઉઘાડા પગે નીકળતી. પુરુષો ઘોડેસ્વારી કરી નીકળતા નહોતા. ગઢમાં જતી વખતે ડેલીએ ખોંખારો ખાઈ વૃદ્ધો જતા. દરબારની વૃદ્ધ સ્ત્રીઓ તેને મીઠો આવકાર આપતી. આ છૂટ ફક્ત ખરક ભાઈઓ માટે જ હતી. આમ સાણોદરના વસવાટમાં, માનપાન અને ઈજ્જત મેળવેલ.

૩૩) શ્રી ખરક જ્ઞાતિનું પ્રથમ ધારા-ધોરણ સં. ૧૮૦૧ સાણોદર મુકામે :-

આપણા પૂર્વજો શ્રી ભાવસિંહની મીઠી નજર નીચે સુખી હતા. ભલે અભણ પણ કોઠાસૂઝવાળા હતા. જ્ઞાતિનું ગૌરવ, એકતા અને સમાનતા ટકી રહે તે હેતુથી જ્ઞાતિજનો - સર્વોએ મળી - જ્ઞાતિ માટે રીત-રિવાજો અને કર્મકાણ્ડ નક્કી કર્યા - જેમાંના મુખ્યત્વે નીચે પ્રમાણે છે.

(૧) કંકુને ચાંદલો કન્યા પરણાવે તો - ગોરને રૂ. ૫/- દક્ષિણા પેટે આપવા. સામાવાળા વરપક્ષે પણ આપવા. જો સામસામે વરાવે તો જે તે યજમાન દક્ષિણા આપે.

(૨) વેવિશાળ સમયે માત્ર રૂ. ૧૦૦/-, જો કન્યાપક્ષ આર્થિક નબળો હોય તો લઈ શકે અને લગ્ન સમયે વરપક્ષે પાંચ મણ ઘી આપવું.

(૩) નાળિયેર - શ્રીફળ મોકલી કરેલ વેવિશાળમાં વરપક્ષે આઠ મણ ઘી, ગોરનું દાપુ, અને હારડાના રૂ. ૪૦/- આપવા.

(૪) ત્રેખડમાં કોઈએ કંઈ ન લેવું.

(૫) પહેલા આણા વખતે કન્યાપક્ષે જરૂરિયાતે રૂ. ૧૦૦/- લઈ શકે.

(૬) નાની ઉંમરના બાળકોના લગ્ન કરી શકે. (૧૩ વર્ષ સુધીમાં લગ્ન કરી દેનારને જ કન્યાદાનનું ફળ મળે, તેવી માન્યતા હતી.)

(૭) ત્રણ આણાનો રિવાજ હતો. વરપક્ષે દરજીને રૂ. ૫/- આપવાનો રિવાજ હતો.

(૮) જાનનું સામૈયું કરવું, માંડવામાં બીડા, શીરપાવ અને શ્રીફળ, ખારેક દેવાના, વરરાજાની પીઠી ઉતારે ઉતારવી, કલવા લઈ જવો, કન્યા પક્ષ ત્રણ જમણવાર આપે અને વરપક્ષ એક જમણવાર આપે. કન્યાપક્ષ જો માંડવામાં કઈ ન લે તો વરપક્ષ એક જમણ વધુ હરખનું આપે.

(૯) પુનર્લગ્ન થાય તો વરપક્ષ રૂ. ૩૦૧/- ભરે અને જ્ઞાતિના જમણનો અડધો ખર્ચ ભોગવે.

(૧૦) મરણમાં કારજ વખતે ત્રણ ટંક જમાડવાના.
પટલાઈ વારસાગત અપાતી અને નિયમ ભંગ કરનારને યોગ્ય શિક્ષા કરતા.

૩૪) રાઘવ પટેલની રાજભક્તિ અને રાજના રા'ની રખાવટ :-

ગુજરાતની ગાદી મરાઠા શિવાજી મહારાજના વારસદાર પાસેથી પેશ્વાના હાથમાં આવી ત્યારે અંદરોઅંદર ઝઘડી મરતાં રઘુનાથ પેશ્વાનું સૈન્ય સાણોદરના પાદરમાં આવેલ. ત્યાંના રાવસિંહજી વૃદ્ધ હતા. યુવાનો નકળંગને મેળે ગયા હતા. રાજયની આબરૂ જવાના ભયે શ્રી રાવસિંહજી ઝેર પીવા તૈયાર થયા, કારણ કે જો ખંડણી ભરવાની થાય તો શું ? આપણા પૂર્વજ શ્રી રઘા પટેલ દરબારને ત્યાં જતાં પરિસ્થિતિ પામી ગયા ને તુરત જ ઘરેથી રૂપાના ઘરેણાંની ગોળી લાવી, બાપુના ચરણમાં ઠાલવી. "રા" તમે ગભરાશો નહીં. આ તમારું જ છે. આમ શ્રી રાવસિંહજીના પર આવેલ સંકટ ટાળેલ. ધન્ય છે આ રાઘવ પટેલની રાજભક્તિને ! અને રાજયના 'રા'ની રખાવટે આપણા ખરક લોકો માટે અનન્ય હતી. આપણી બહેન-દીકરીની કદી ઝડતી ન લેવાતી અને

ખળાવાડમાં સ્ત્રીઓને ઓજલ ન રાખવો પડે તેથી ચોકિયાતો તેમની રાવટી પાછળ બેસતાં અને કંઈ ભૂલ થાય કે કોઈ ખળામાંથી ચોરી કરવા પ્રયત્ન કરે તો તેમને ચોરા વચ્ચે કંઈ ન કહેતા, રૂબરૂમાં ઠપકો આપતા. પોતાના ખેડૂતો સુખી થાય તેનો તેને આનંદ થતો.જે ભાવ તેની આંખોમાં વર્તાતો. આપણા પટેલિયાની બહેન-દીકરીના આણા વળાવતી વખતે સોના-ચાંદીના ઘરેણાં 'રા' પહેરાવતા. આમ તે વખતે રાજા- અને પ્રજાનો વ્યવહાર રખાવટ ભર્યો હતો.

૩૫) મૂળાભાઈ ચભાડિયા પ્રત્યે સાણોદરના રાવ બાપુની રખાવટ :-

આ સાણોદરના વસવાટ વખતની ઘટના છે. મૂળાભાઈ ચભાડિયાના ખેતરમાં જુવાર બહુજ સારી પાકી હતી. તેમની મતિ બગડી કે જાગીરદારને ભાગ ઘણો આપવો પડશે, તેથી રાત્રે જુવારનું ગાડું ભરી લઈ જતા હતા ત્યાં ગાડાનો ધરો તૂટી ગયો. હવે એકલા હાથે રાતના અંધારામાં કેમ ધરો બદલી શકે. આખી રાત પ્રયત્ન કરતા રહ્યા પણ આ તેનું ગજું ન હતું. મોતને ચાર આંગળ છેટું હતું ત્યાં સુધી કાહટી કરી.

તેવામાં પાછલી રાતના અંધારામાં એક પડછંદ બુકાનીધારી યુવાન આવ્યો ને બોલ્યો, લે ભાઈ ટેકો કરાવું ? મૂળાને ભગવાન દેખાયા - તેવામાં તો યુવાન ગાડા નીચે સૂઈ જઈ પગથી ગાડાને ઊંચક્યું અને મૂળાએ ધરો પરોવી દીધો. હાશકારો અનુભવ્યો, ગાડું લઈ ગામ તરફ ચાલતો થાય ત્યાં તો જોતજોતામાં યુવાન અંધારામાં અલોપ થઈ ગયો.

ઘટના ભૂલવા મૂળાભાઈ પ્રયત્ન કરતાં રહ્યાં. તેના સગા-વહાલાં જે અગાઉ મોરંગી ગયેલ ત્યાં જવાનું તેણે પણ નક્કી કર્યું. એક દિવસ રાવસિંહ કંઈક કામ અંગે બહાર ગામ ગયેલ ત્યારે આ મૂળાભાઈએ ઊચાળા ભર્યા. ગઢમાં વાત પહોંચી ગઈ, ઠકરાણીએ મૂળાને ન જવા વિનંતી કરી. તેનો રસ્તો રોકી કહેવા લાગી, મૂળા પટેલ, શ્રી રાવસિંહ બહાર ગામ ગયા છે, તમો ન જાવ, મૂળા ચભાડિયા માનતા ન હતા અને પાઘડી ઉતારી રજા માંગતા હતા. તેવામાં બાપુ ઘોડેસ્વારી કરતા

બહાર ગામથી આવ્યા તેણે પણ વિનંતી કરીને કહ્યું, ભાઈ મારા પરિવારે તારી કોઈ કજા-હેરાનગતી કરી ? કે કોઈ બહેન-દીકરીને દુભાવી ? તું શા માટે જાય છે ? ભાઈ તું રોકાઈ જા !

ના બાપુ ! મારાં સગાં મોરંગી ગયા છે અને ત્યાં મને તેડાવે છે, તેથી જાઉં છું. બીજું કંઈ કારણ નથી. મને રજા આપો. બાપુએ કહ્યું, મૂળા, તું ખુશીથી જા પણ એવાં ધીંગા ધણી ગોતજે, જે હડપ દઈને ગાડાની ધરી નખાવે અને ગાડું ખાડામાંથી બહાર કઢાવે. તેવા ગામમાં જઈશ તો તું સુખી થઈશ.

મૂળુ ચભાડિયાના મગજમાં ચમકારો થયો, તે ઝંખવાણો, અઠ્યાવીસ વર્ષ પહેલાં જે યુવાને મારા ગાડા નીચે સુઈ, ગાડુ ઊંચું કરેલ તે બીજો કોઈ નહીં પણ આ મારો ધણી જ હતો. પછી જવાનું બંધ રાખી શ્રી રાવસિંહના ચરણમાં પડી શરમના માર્યા નીચું જોઈ ગયા અને ઘરે પાછા ફર્યા.

પછી ત્રણ વરસ સાણોદરમાં રોકાયા અને સાણોદરના અન્ન-જળ ખૂટતાં, તે મોરંગી જઈને વસ્યા.

''ધણી ધીંગો અને ધરપત ધણી, મોટા માયાળુ મન કેડ્યું દઈને કઢાવીયા, જોતરીયા ગાડા તે દન''

આ સાણોદરનો ચોરો, આ ઘટનાની ચાડી ખાતો આજે પણ ઊભો છે. વાહ ! શું 'રા'ની રખાવટ !

૩૬) મહુવા પરગણામાં ખરક જ્ઞાતિનો વસવાટ :-

ઈ. સ. ૧૮૪૫ મહુવા વિસ્તારમાં જસો ખસિયો ૩૦૦ ગામનો ધણી હતો. પ્રજા પર તેનો ખૂબ જ ત્રાસ હતો. મહુવાની પશ્ચિમ બાજુ દરિયામાં મીઠા પાણીના વીરડાનું ચરણામૃત લેવા આવતા લોકોને અટકાવતો અને કર વસૂલાત કરતો હતો. એક વખત આ જસાએ ભાવસિંહજીના વંશજ - આતાભાઈ ઠાકોરના ભાણેજની સાથે દુર્વ્યવહાર કર્યો, એટલે આતાભાઈ ઠાકોરે આ જસા ખસિયાને કળથી પકડી લીધો - તેનાં ત્રણસો ગામોમાંથી મોરંગીના સૈયદ બાપુને મોરંગી, માંડલ,

મોભીયાણા આપેલ અને વડલીના કામદાર નાગરને વડલી આપેલ, તેમજ ગોપનાથના બ્રહ્મચારીને ગઢુલા, મહાદેવપરા, સખવદર અને રાજપરા આપ્યા. ખસિયા રાજ કુટુંબની જીવાદોરી માટે વાઘનગર, માતલપર, ડુંગરપર, જૂનું પાદર અને મોરસપણ આમ પાંચ ગામ આપેલ. બાકીનાં ગામો નિર્ભય થતા આપણા ખરક ખેડૂતો વસવાટ માટે જવા લાગ્યા. મોરંગીના સૈયદ બાપુના સગા મોરચંદમાં હતા તેથી તેમણે ત્યાંથી ખરક ખેડૂતોને આવકાર્યા. આથી અમુક ખરક ભાઈઓ મોરંગીમાં વસ્યા. બીજા મહુવા, વડલી, ખાટસુરા, તલગાજરડા વસવાટ કરવા લાગ્યા.

સ્વરાજ આવતા, ખેડે તેની જમીન થવાની વાત આવતા, ભાવનગર રાજ્યે ખરક ખેડૂતોને જમીન નામે કરી દીધી. મોરંગીના મિયાંની પેઢી નિર્મૂળ થઈ જતાં, ભાવનગર રાજ્યે રાજ્ય હક્ક લાગુ કરી મોરંગીમાં વસતા ખેડૂતોને જમીનના માલિક બનાવ્યા. આમ આપણા ખરક પૂર્વજો ભાવનગર રાજ્યમાં સ્વરાજ્ય પછી, રાજ્યમાં પ્રથમ જમીન માલિક બન્યા. વણઝારી દશા બદલાઈ અને ૧૯૦૫માં સાચા અર્થમાં જગતના તાત બન્યા.

૩૭) કામદાર વાલજી પારેખના ગામોમાં વસવાટ :-

કળસારના મૂળ વતની શ્રી વાલજીભાઈ પારેખે સાત ગામના સનંદ ભાવનગર રાજ્ય પાસેથી ૨૫ વર્ષના પટ્ટેથી રાખેલ, તેમાં આપણા પૂર્વજોએ અલગ-અલગ સ્થળેથી આવી વસવાટ ઈ. સ. ૧૯૦૫થી કરેલ, જેમાં દાઠાના કામળિયા માલાભાઈ વીરાભાઈએ ૪૦૦ વીઘા જમીન રાણીવાડામાં રાખેલ. તેમના ભાણેજ કાપડિયા પરિવારના પૂજાભાઈ તથા ભીમાભાઈને પાછળથી મહુવાથી બોલાવેલ. આ પછી દસ વરસમાં બોરડા, કુંડવીથી પણ કાપડિયા નૈઈપ, માળવાવ, કળસારમાં વસ્યા. દાઠાના વાળાકી પરિવાર નેઈપમાં વસ્યા. ભૂતભાઈઓ ઘોઘાબારાથી વાલાવાવમાં વસ્યાં. જેણે બોરડા-રોહીસાની ઘણી જમીન વાવેતરવાળી બનાવી. રાણીવાડા મુકામે શ્રી રામજી મંદિર ઈ. સ. ૧૯૦૫ કામળિયા માલાભાઈએ બંધાવેલ છે. જેનો વહીવટ આજસુધી કામળિયા પરિવારો સંભાળે છે.

૩૮) **મો-રંગી પાછળથી મોર-અંગી અને મોહ-રંગી થઈ :-**

"ગઢ ઊંચા ગમાણીયા, જયાં સૈયદ પાડતા સાદ,
દરણાં, પાણી અને દુઝણાં(ને) વેઠ્યું વસમો ત્રાસ."

મોરંગીમાં મોરચંદ, સાણોદર, તણસા, ઉખરલ્લા, થોરડી વિગેરે ગામોના ઘણા ખેડૂતોએ વસવાટ શરૂ કર્યો. સારું રક્ષણ હતું. મિયાં બાપુની બીકે ત્યાં ચોર, ડાકુ કે દારૂડિયા આવી શકતા ન હતા. પણ આપણા ખરક ખેડૂતો પાસે જે વેઠ કરાવી તે અસહ્ય હતી. ગઢમાં પ્રસંગ હોય કે મહેમાન હોય તો દૂધનાં બોઘડા મિયાંને ત્યાં અને પોતાનાં છોકરાંના ભાગ્યમાં છાશ. તેમના મકાન બાંધવા કે ખળાવાડના કામ આપણે જ ખરક લોકોએ કરી આપવાના અને એ પણ મફતમાં ગાળો સાંભળતા-સાંભળતા.

પણ ખરક ભાઈઓનું તપ પાક્યું. મિયાંની પેઢી નિર્મૂળ થઈ અને ભાવનગર રાજયના હક્કો લાગુ પડ્યા, જમીન વેચાણ હક્કથી મળી અને બધાં જ જમીનમાલિક બની ગયા. જમીન ઉપજાઉ હતી. આપણે ખેડૂતો તરીકે મહેનતુ તો હતાં જ અને થોડાક જ વખતમાં જ્ઞાતિ ભાઈઓની જાહોજલાલી - સમૃદ્ધિ વધી અને ખરક ભાઈઓએ જ્ઞાતિમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું, જે મો-રંગી ગણાતી તે આજ મોર-રંગી અને મોહ-રંગી બની છે. ધન્ય છે તે વડીલોને જેણે સંતાપ સહન કરીને સજ્જનતા ટકાવી રાખી.

૩૯) ભાણાવાવમાં મહેક ભલમનસાઈની :-

ભાણાવાવ ખાતે ધાર્મિક સંસ્થાની જમીન મોરચંદથી આવેલ વાયલુ (વાયક) અને કાપડિયા પરિવાર વાવતા. જે ૩૫ વર્ષથી સંભાળતા આવેલ અને ભાગબટાઈ કરી રોજી-રોટી રળતા હતા. ઈ.સ. ૧૯૪૫ માં પ્રજારાજ્ય બનતા "ખેડે તેની જમીન"નો કાયદો આવ્યો.

પણ પ્રલોભનથી ન પીગળનાર અને લાલચથી ન લાળ પાડનાર, સહેજ પણ ખચવાટ ન અનુભવતા આ વાયલુ (વાયક) અને કાપડિયા પરિવારો હાથે-પગે સ્વેચ્છાથીજ મૂળ માલિકને જમીન સોંપી, હસતા

ચહેરે નીકળી ગયા અને ભાદ્રોડ ખાતે વાયલુ (વાયક) અને કાપડીયા ભાઈઓ ઉમણિયાવદર ગામે વસવાટ કરી રહેવા લાગ્યા. આજે પણ આ પરિવારો સુખ-સંપત્તિથી સંસ્કૃતિના સથવારે જીવન ગાળી રહ્યા છે. આવી પ્રામાણિક અને ખાનદાન ખરક જ્ઞાતિનું ગૌરવ અનેરું છે.

મહુવા આસપાસનો વિસ્તાર ફળદ્રુપ થયો. બંદર તથા રેલવે લાઈન સગવડ મળતાં ધંધાદારી લોકો વસવાટ કરવા લાગ્યા. નવા ઉદ્યોગો સ્થપાયા અને સૌરાષ્ટ્રનું કાશ્મીર કહેવાયું. આ બધામાં આપણા પૂર્વજોની મહેનત પણ ખરીજ. ભાવનગર રાજ્યમાં ૧૮૦૦ ગામો પર ૩૫૦ વર્ષ સુધી ગોહિલ રાજાઓની સાત પેઢી સુધી સત્તા રહી.

પ્રજાને તેમનું રક્ષણ અને સહકાર મળતા આપણા ખરક પૂર્વજો-તેમનાં ગામડાંઓમાં ૨૨૨ વર્ષ આશરે રહ્યા. તેના છેલ્લા રાજા-દરબાર શ્રી કૃષ્ણકુમારસિંહજીએ, જ્યારે સરદાર વલ્લભભાઈ પટેલને સર્વપ્રથમ જમીન જાગીરદારી વિગેરે રાષ્ટ્રને સમર્પણ કરેલ. ત્યારે પ્રજા સુધારણાનું ફંડ - જે બેન્કમાં જમા હતું તે રાષ્ટ્રને ન સોંપતા, ખેડૂતોના સંતાનોને ભવિષ્યમાં ધોરણ આઠથી આગળ અભ્યાસ માટે સ્કૉલરશિપ આપવાનો નિર્ણય કરી, તેમાંથી "ગ્રામ સુધારણા ફંડ" નું ટ્રસ્ટ ઊભું કર્યું. આમાંથી વિદ્યાર્થીઓને અને ખેડૂત છાત્રાલયોને મદદ કરવાનું નક્કી થયું. રાજ્ય છોડતાં છોડતાં પણ ભાવનગરના રાજવીશ્રી ખેડૂત બાળકો પર ઉપકાર કરતા ગયા. આ શિષ્યવૃત્તિનો લાભ આપણા ખરક વિદ્યાર્થીઓએ લીધો છે. આવા ઉદાર ભાવનાવાળા અને સંસ્કારી રાજવીને લાખ લાખ અભિનંદન.

૪૦) ખરક ખાનદાનીનો પુરાવો :-

એકના અઢાર અને ૩ ના ૨૩ કરતાં વ્યાજખોર વાણિયાના ત્રાસમાંથી બચાવવા ભાવનગરના દયાળુ રાજવી શ્રી કૃષ્ણકુમાર સિંહજીએ તમામ ધીરધાર કરનારના ચોપડા મંગાવી તેની તારીજો કઢાવીને વ્યાજ માફ કરાવ્યાના હુકમો બહાર પાડેલ. આપણા ખરક

દેણદારોને શેઠિયાઓની જરૂરતે મદદ મળતી. તેથી કૃતજ્ઞભાવે જે તેમના ચોપડે મંડાયેલ રકમના નાણાં હપતેથી ચૂકવી આપી પોતાની ખાનદાનીનો દાખલો બેસાડેલ. આથી જ આજે પણ આ વાણિયાશેઠિયાઓ ખરકને ધિરાણ કરતા અચકાતા નથી.

રાજ્ય ખેતીની ફારમ (રેવન્યુ ચાર્જ) ઉઘરાવાતી અને ન ભરનારની બાકી ખેંચાતી, ત્યારે ફક્ત ખરક ખેડૂતભાઈઓ ફારમ ભરી દેતા હતા. જ્યારે રાજ્યના કાયદા પ્રમાણે બધાને કરજ મુક્ત કર્યા, ત્યારે ખરક ખેડૂતો જ એવા હતા કે જેના પર કોઈ ઋણ ન હતું. બાકી બધી જ જ્ઞાતિના ખેડૂતોની બાકી ખેંચાતી ફારમ માફ થયેલ. ખરકને મફતનું ખપતું ન હતું. આ ગુણ તેમના સ્વભાવમાં હતો.

પ્રજાશાહીના સમયે ખેડે તેની જમીનનો કાયદો થવાનો હતો. ત્યારે પાલીતાણા-રાજ્યના કણબી લોકોએ ઠાકોર પાસે અમુક હક્ક-હિસ્સા માંગતી ૧૮ કલમો-શરતોની રજૂઆત કરીને જમીન છોડવાની તૈયારી બતાવી. ઠાકોરસાહેબ કણબી ખેડૂતોનો મતલબ સમજી ગયા અને જાહેરમાં તેઓની રજૂઆત એક શરતે સ્વીકારવા તૈયાર થયા. કણબીઓ ખુશ થયા. શરતે બંધાણા. ઠાકોરસાહેબે શરત જણાવી કે તમોને મારી નોટિસ છે કે તમો અત્યારે જ મારું રાજ્ય છોડીને ચાલ્યા જાઓ અને મારાં ગામડાં ખાલી કરો.

પાલીતાણા ઠાકોરે ભાવનગર દરબારને અરજ કરી કે અમને ૨૦૦ ખરક ખેડૂતભાઈઓ આપો. હું તેમને વસવાને મકાન અને જમીન આપીશ. મારે મારા રાજ્યમાં કણબી પટેલો ન જોઈએ. એ સમયે ભાવનગર નરેશે જણાવ્યું કે ખરક ખેડૂતો મારા હાથ-પગ છે, તમો ઈચ્છતા હો તો બીજા ૩૦૦ ખેડૂતો આપું. પણ ખરકને હું અળગા નહીં કરું. જ્યારે નવા ધારાનો અમલ કરવાનો થયો ત્યારે રાજ્યે આ પ્રામાણિક ખરક ખેડૂતોને જમીન અને મકાન વેચવાના કાયમી હક્ક આપ્યા. આપણા પૂર્વજોની ખાનદાનીના આ પ્રસંગો આપણા ગૌરવની ગાથા સમાન છે.

૪૧) શ્રી ખરક જ્ઞાતિનું પ્રથમ સંગઠન સાથે રજિસ્ટર થયેલ ધારા-ધોરણ :-

અનેક આરોહ-અવરોહ, પડકારો અને પરિવર્તનોને ઝીલતી આપણી ખરક જ્ઞાતિ દાળ-રોટલા માટે ટળવળતી-ભટકતી રહી હતી. તે અંતે ભાવનગરના શ્રી ભાવસિંહજીની જાગીરમાં સ્થિર થઈ. પ્રજાશાહી-લોકશાહી બાદ જમીન અને મકાનના માલિક બનેલ છે. આપણા પૂર્વજોએ અનેક આકરા ઘાવ ઝીલ્યા, પ્રતિકુળ પરિસ્થિતિમાં દિવસો પસાર કર્યા અને પરિવારોની સાર-સંભાળ રાખી જીવન જીવ્યા. તેઓએ પોતાની ખાનદાની અને ખેલદિલીના વૈભવને આંચ આવવા દીધી નથી. આજના દિવસ સુધી સમાજમાં સજ્જન અને મહેનતુ પ્રજા તરીકેનું પ્રતિષ્ઠાનું ગૌરવ જાળવી રાખેલ છે.

આપણી જ્ઞાતિના પ્રથમ ધારા-ધોરણ સાણોદર મુકામે ઈ.સ. ૧૭૪૫ માં થયેલ; પરંતુ રજિસ્ટર ધારા-ધોરણ સ્ટેટ કાઉન્સિલરશ્રી પટ્ટણી સાહેબ તથા ઠાકોર સાહેબશ્રી કૃષ્ણકુમારસિંહજીના હસ્તાક્ષરોવાળું, રાજ્ય માન્ય અને નિયમ વિરુદ્ધ વર્તનારને પંચ ગુન્હા પ્રમાણે જે દંડ કરે, તે દંડ ન ભરે તો રેવન્યુ રાહે દંડ વસૂલ કરી શકે. તેવું ધારા-ધોરણવાળું બંધારણ નક્કી કર્યું હતું.

પ્રથમ વખત તા. ૨-૨-૧૯૩૫ ના રોજ લીલીવાવ ગામે સમસ્ત ખરક જ્ઞાતિની એક મિટિંગ-બેઠક ભરાઈ હતી અને તેમાં નક્કી થયેલ ધારા-ધોરણો કરવામાં આવેલ. જેના અમુક અંશો નીચે પ્રમાણે છે :

૧) વેવિશાળ ધારો :
   ૧) સામ સામે વેવિશાળ કરી શકે, જેમાં સરખી લેતી-દેતી કરવી.
   ૨) કન્યાપક્ષ શ્રીફળ, કંકુ, સાકરનો પડો મોકલી વેવિશાળ કરી શકે.
   ૩) રૂ. ૧૦૦/- થી વધુ નહીં તેવી રકમ કન્યા પક્ષવાળા જરૂરિયાતે વેવિશાળ સમયે લઈ શકે અને રૂ. ૧/- ગોરને અપાવી શકે.

૨) જાન લઈ જવાનો ધારો :
   ૧) ૫૦ માણસ સુધી જ જાનમાં લઈ જવા.
   ૨) ચાર બળદગાડી, એક ઘોડી અને એક પરજ્ઞાતિ વળાવિયો લઈ જવો.
   ૩) ગાડાના બળદજોડ દીઠ ૫ શેર ખોળ તથા જરૂરી ઘાસ અને ઘોડાને ૧ પાલી બાજરો અને ઘાસ કન્યા પક્ષે આપવું.
   ૪) જાનમાં વધુ માણસો લઈ જાય તો, માણસ દીઠ રૂ. ૧।। કન્યા પક્ષને જમાડવા પેટે આપવાનો પરંતુ વધુ બળદ-ઘોડાનો ખર્ચ કન્યાપક્ષે ન આપવો.

૩) દહેજ ધારો :
   ૧) શ્રીફળ-કંકુને ચાંદલે આપેલ કન્યાના પિતાને લગ્ન સમયે ૮ (આઠ) મણ ઘી અથવા ત્રીજા ભાગની ૧/૩ રોકડ રકમ આપવી.
   ૨) ગોરને દાપાના રૂ. ૧૩/-, હારડાના રૂ. ૨૦/-, સુતારને ૨=૨૫, લુહારને રૂ. ૦=૫૦, દરજીને રૂ. ૦=૫૦, કુંભારને રૂ. ૨=૫૦, બાબરને રૂ. ૨=૫૦, ઢોલીને રૂ. ૨=૫૦ વરપક્ષે ઉપર પ્રમાણે રકમ આપવાની.
   ૩) જો વેવિશાળ વખતે રૂપિયા ભર્યા હોય તો ૫ મણ ઘી અથવા ૧/૩ ભાગની રકમનાં નાણાં વરપક્ષે આપવા.

૪) ખુશાલી લહાણ :
   વરપક્ષે જાનના ગાડા દીઠ ૧ શ્રીફળ, કુંવારકાને રૂ. ૦=૫૦, ગોર, વાણંદ અને ઢોલીને ૫૦૦ ગ્રામ ખારેક દરેકને, કલવા વખતે ૫ કિલો ખારેક વહેંચવાની, માયરા અને ચોરી વખતે પાન-બીડી આપવા.

૫) પુનર્લગ્ન ધારો :

૧) પહેલી પત્નીની સહમતી જરૂરી.

૨) પહેલા લગ્ન પછી ૧૦ વર્ષ સુધી બાળક ન થાય તો પુનર્લગ્ન કરી શકાય.

૩) વિધવા અથવા છૂટાછેડા થયેલ કન્યા સાથે જ પુનર્લગ્ન.

૪) પુનર્લગ્નમાં વરપક્ષ વધુમાં વધુ રૂ. ૨૭૫/- ભરે.

૫) જમાડવાનો ખર્ચ બંને પક્ષે અડધો અડધો વહેંચવો.

૬) છૂટાછેડા લેવાની શરતો :

૧) પંચ પટેલ રૂબરૂમાં છુટાછેડા કરી શકાશે.

૨) નાકની નથ સિવાયના ઘરેણાં પરત કરવાના.

૩) દાયજામાં આપેલ પેટી, કપડાં, વાસણ પરત કન્યા પક્ષ ન માંગી શકે.

૪) વેવિશાળ, આણા કે લગ્નના ભરેલ નાણા વરપક્ષ પરત ન માંગી શકે. તે પણ જો વરપક્ષ કન્યાને તરછોડે તો.

૫) કન્યા પોતે છૂટી થાય તો વરપક્ષ પાસે કોઈ હક્ક ન માંગી શકે.

૭) જમણવાર ધારો :

૧) જાનને ત્રણ મિષ્ટાન ભોજન આપવા.

૨) વરપક્ષ એક ખર્ચ જાનને જમાડે.

૩) કન્યાપક્ષ દેસ ન લે તો વરપક્ષ ખુશાલીમાં વરોંઠી કરી શકે પણ કન્યાપક્ષ ફરજ ન પાડી શકે.

૪) આણા-વેવિશાળ વખતે બે-ત્રણ ભોજન કન્યા પક્ષ આપે.

૮) આણા-પરિયાણા ધારો :

૧) દસયું આણુ : ઉંમર લાયક લગ્ન કરેલ કન્યાને દસ દિવસ સાસરે રહેવા દેવાની. પછી (વારણ) તેડી આવવી.

૨) માસીયું આણું :
નાની ઉંમરે થયેલ લગ્નવાળી કન્યા ૧૮ વર્ષ થયે ૧ માસ સાસરે મોકલી વારણ - આણું કરવું.

૩) એક વર્ષ બાદ બીજું આણું વળાવવું.

૪) ત્યાર બાદ જયારે (સીમંત)- શ્રીમંત હોય ત્યારે ખોળો ભરી કન્યા પક્ષવાળા તેડી આવે, જે બાળક પાંચ, સાત કે નવ માસનું થતા, કન્યાપક્ષની સગવડતાએ સીમંતનું આણું - (અઘરણીનું આણું) વળાવવું.

આમ ખાસ કરીને લગ્ન - આણા - વેવિશાળ સંબંધી ધારા-ધોરણો ઘડેલા સામાન્યતઃ આ બાબતે જ ઝઘડા થતા અને તેનું સમાધાન જ્ઞાતિપંચ રૂબરૂ કરવામાં આવતું હતું. આ ધારા-ધોરણો ઉપરથી આપણા જ્ઞાતિપૂર્વજોની દીર્ઘદ્રષ્ટિ, સમજણ અને વ્યવસ્થા શક્તિનો ખ્યાલ આવી શકે છે.



-: કેળવણી :-

૪૨) શ્રી ખરક જ્ઞાતિમાં કેળવણીનો ઉદય - ઈ.સ. ૧૮૮૫ - સંવત ૧૯૪૧ :-

મુખ્યત્વે ખેતીનો ધંધો કરનાર ખરકજ્ઞાતિ શિક્ષણથી પર જ રહી ગયેલ. વળી રખડતા - રઝળતા - અથડાતા રહેતા જ્ઞાતિ લોકોને શિક્ષણની ગંભીરતાનો ખ્યાલ નહોતો. ભણવા - ભણાવવાનો આગ્રહ બહુ જ ઓછો હતો. ભણેલાની કદર ઓછી હતી અને એમ કહેવાતું - "ભણ્યો માણસ, કુટુંબ બોળે"

ગોહિલવાડ નરેશ ભાવનગર દરબારે ૧૯ મા સૈકામાં પ્રાથમિક શાળાની સ્થાપના કરી. પ્રથમ વખત ધારડી ગામના વતની સેંતા બેચરભાઈ ગીગાભાઈએ ભણવાનું સાહસ કરીને, જ્ઞાતિમાં શિક્ષણમાટેના શ્રી ગણેશ કરેલ. ત્યારબાદ ત્રાપજના વળિયા ગવરાભાઈ પણ ભણ્યા. શ્રી સેંતા બેચરભાઈ ભણીને પ્રથમ સિનિયર પી.ટી.સી. પાસ થયેલ અને ભાવનગર જિલ્લામાં જ શિક્ષક તરીકે નોકરીમાં લાગ્યા હતા. તેને રૂ. ૬૦/- પગાર મળતો હતો. તેણે પોતાના સંતાનોનાં અભ્યાસમાં ધ્યાન ન આપતા, તેમનાં સંતાનોએ ભાદ્રોડ ગામે રાજયની બેકાર જમીન ખરીદી ખેડૂત બન્યા. ત્રાપજના ગવરાભાઈએ તેમના દીકરાઓને ભણાવી - ઠુંઠેલી - ત્રાપજમાં નોકરી કરાવેલ. શ્રી રામજીભાઈ કોરડીયા અને શ્રી વશરામભાઈ ગફુલભાઈ (મહુવા) વિગેરે તથા અન્ય જ્ઞાતિજનો થોડો થોડો અભ્યાસ ખૂંણેખાંચરે કરવા લાગ્યા. આમ ધીરે ધીરે જ્ઞાતિમાં કેળવણીની જયોત પ્રગટવા લાગી.

ગામડામાં ટપાલ આવે ત્યારે બે-ચાર ગામ વચ્ચે એકાદ થોડા અક્ષરજ્ઞાનવાળો વ્યક્તિ હોય તેમની પાસે ટપાલ વંચાવતા. ભણવાથી ભડકતા લોકોને ભણવા માટે વાળવાનું કામ દુષ્કર હતું. થોડા ઘણા સમજદાર લોકોએ અપયશ - અનાદર સહન કરીને, સ્વખર્ચે અને જોખમે તનતોડ મહેનત કરીને લોકોને શિક્ષણ માટે પ્રેરણા આપી. આવા જ્ઞાતિના

ભાવિ ઉત્કર્ષના સ્વપ્ન સેવનારને હૃદયપૂર્વક અને કૃતજ્ઞતાપૂર્વક નમસ્કાર.

આમાંના મુખ્યત્વે પ્રથમ **શ્રી રામજીભાઈ ગણેશભાઈ કોરડીયા** - મહુવા, જેઓએ જ્ઞાતિમાં પ્રથમ ઈન્ટર પાસ, ઈ.સ. ૧૯૫૧/૧૯૫૨ માં કરેલ અને વિમા કંપનીમાં એજન્ટ તરીકે કામગીરી શરૂ કરેલ. તેમણે જ્ઞાતિના વડીલોનો સાથ-સહકાર લઈ જ્ઞાતિને શિક્ષણક્ષેત્રે આગળ લઈ જવામાં અવર્ણનીય કર્મયોગ કરેલ અને મહુવા મુકામે શ્રી ખરક વિદ્યાર્થીગૃહની શરૂઆત ઈ.સ. ૧૯૫૫માં ૫ મી જુલાઈના શુભ દિને કરી. મહુવાના શ્રી ભાણાભાઈ કાનાભાઈ વળિયાએ મુખ્ય દાતા રૂપે રૂ. ૧૫૦૧/- નું દાન આપી, પ્રેરણા પૂરી પાડીને બોર્ડિંગ બનાવવાના સંકલ્પને સાકાર બનાવ્યો. જે આજે વટવૃક્ષ બન્યો છે.

શરૂઆતમાં અભણ-અજ્ઞાન જ્ઞાતિજનોમાં શિક્ષણ પ્રત્યે અભિરુચિ અને લાગણી નહોતી. તેઓ સજ્જન, મહેનતુ ખરા પણ ભાગ્યમાં ગધાવૈતરુ જ હતું. નવા વિચાર અને પ્રગતિ તેમની બુદ્ધિમાં ઊતરવી કઠિન હતાં. છતાં શ્રી રામજીભાઈ કોરડીયા અને અન્ય વિચારશીલ લોકોએ અથાગ પ્રયત્ન કરી, પગપાળા કે બળદગાડામાં મુસાફરી કરી, ગામડેગામડાં ખુંદી વળ્યા અને શિક્ષણનો જેહાદ જગાવ્યો. અપમાન, અનાદર સાથે વાંકા શબ્દો તથા ગાળોના પ્રહાર સહન કર્યા છે. તેના પરિપાક રૂપે જ્ઞાતિનો શિક્ષણનો દીપક શ્રી ખરક જ્ઞાતિ કેળવણી સહાયક સમાજ, સંસ્થા રૂપે ઈ.સ. ૧૯૬૧ માં રજિસ્ટર થયેલ.

આ મહાયજ્ઞમાં નાના-મોટા અને જાણ્યા-અજાણ્યા અનેક જ્ઞાતિ હિતેચ્છુ લોકોના પ્રયત્નને નમસ્કાર. તકલીફો વર્ણવવી દુર્લભ છે. બોર્ડિંગ-છાત્રાલયમાં છોકરાઓને કોઈ મોકલવા તૈયાર ન થાય. ધર્માદાનું ખાવું નહીં આ વૃત્તિના સ્વભાવવાળા સમાજને સમજાવવા મુશ્કેલ કાર્ય હતું. એવી રુઢ માન્યતા પ્રમાણે - ભણ્યા પછી છોકરો પોતાનો મટીને પારકો થઈ જાય, વટલાઈ જાય તો ! અન્ય જ્ઞાતિમાં બનતા રહેલા પ્રસંગો

તેમને ખૂંચતા.

૫ મી જુલાઈ, ૧૯૫૫માં પ્રથમ ૧૮ જ્ઞાતિના બાળકોથી મહુવા મુકામે, બારપરામાં શ્રી ખરક જ્ઞાતિના ચૌરામાં રહેવાનું શરૂ કરીને છાત્રાલયની શરૂઆત કરેલ. આ સંસ્થાના પ્રથમ મૅટ્રિક પાસ વિદ્યાર્થી શ્રી નારણભાઈ ધનાભાઈ ઢેઢી-કુંભણવાળા છે.

આ જ્યોત ધીમે ધીમે પ્રગટવી શરૂ થઈ. વિદ્યાર્થીઓ વધવા લાગ્યા. તેમને રહેવાની જગ્યાનો પ્રશ્ન ઉદ્‌ભવ્યો. શ્રી ખરક જ્ઞાતિનું મકાન ભાડુઆતોને સમજાવી, ખાલી કરાવી, વિદ્યાર્થીઓ માટે બોર્ડિંગની વ્યવસ્થા થઈ. બોર્ડિંગ સંસ્થાની કાર્યવાહક કમિટી બનાવી. વિદ્યાર્થીઓના નિરીક્ષક તરીકે શ્રી રામજીભાઈ કોરડીયાએ ઓનરરી કામ સ્વીકારેલ અને મંત્રી તરીકે નિયુક્ત થયા હતા. આપણી જ્ઞાતિના શિક્ષણ માટે જેહાદ જગાડનાર, યોગદાન આપનાર, જ્ઞાતિના આગેવાનો અને તજજ્ઞોએ, તન-મન અને ધનથી સેવા બજાવી-કેળવણી સંસ્થાનું નિર્માણ કર્યું. આની આગેવાની શ્રી રામજીભાઈ ગણેશભાઈ કોરડીયા - મહુવાએ લીધી.

આમ, જ્ઞાતિની શિક્ષણ માટેની જાગૃતિ થવા લાગતા, લગ્ન-આણા પ્રસંગે ભેટ દર વર્ષે મકરસંક્રાન્તિ ઉપર અનાજ-ફાળો, સ્વેચ્છાએ ગામના આગેવાન વડીલો એકઠું કરતા અને સંસ્થાને મોકલી આપતા. સંસ્થા પ્રગતિનાં સોપાનો સર કરવા લાગી. જ્ઞાતિના વિદ્યાર્થીઓ ભણવામાં તેજસ્વી અને હોશિયાર હોવાથી, શાળાઓમાં પ્રથમ, દ્વિતીય સ્થાન મેળવતાં અને સંસ્થાને કારકિર્દી અપાવતા થયા.

૪૩) શિક્ષણજ્યોતને ઝંઝાવાતી થપાટ, પણ પ્રજ્જવલ્લિત રહી, સુવર્ણયુગ તરફ આગેકુચ :-

પરિવર્તનશીલ પ્રકૃતિના નિયમ મુજબ ચડતી-પડતી, પ્રવૃત્તિ-નિવૃત્તિ આવ્યા જ કરે. સંસ્થાને પણ પરિવર્તનશીલતાની અસર પહોંચી. સુખ-દુઃખ, સાફલ્ય-વૈફલ્યના પવનો આવ્યા જ કરે. જેને કારણે આપણી શિક્ષણસંસ્થા પાટા પર ચડી, ગતિ કરી રહી ત્યારે જ જ્ઞાતિમાં એક

વૈચારિક વાવાઝોડુ આવી ચડ્યું અને રુકાવટ ઊભી થઈ. પરંતુ આ વાવાઝોડાને ખાળતા ખાળતા રસ્તો નીકળી આવ્યો અને કેળવણીની આગેકૂચ ફરીવાર ગુંજી ઊઠી અને પ્રફુલ્લિત થઈ.

ઝંઝાવાત થપાટમાંથી સંસ્થાને ઉગારવાનું શુભ કાર્ય મહુવાના વતની શ્રી મોહનભાઈ બેચરભાઈ ભૂતના સાથ-સહકારથી થયું. લાતી બજારમાં આવેલ તેના મકાનને ભાડે આપી સંસ્થાને ફરીવાર પાંગરતી કરવાની જવાબદારી સ્વીકારી. સ્વભાવે શ્રી મોહનભાઈ નીડર અને નિઃસ્પૃહ તેમજ તટસ્થ હોવાથી જ્ઞાતિના વડીલોએ તેમને આગ્રહ કરતા તેઓએ કમિટીનું પ્રમુખપદ સ્વીકાર્યું. આમ, તેમણે સમસ્ત ખરક જ્ઞાતિને સહકાર આપીને, જ્ઞાતિ અને સંસ્થા બંનેમાં પોતાનો ફાળો આપ્યો. આ સેવાના ફળ સ્વરૂપે તેમના વારસદારો - સારું શિક્ષણ મેળવી - શિક્ષક તેમજ ન્યાયાધીશ બન્યા છે.

આ યજ્ઞીય કાર્યને માટે સેવા અને નિષ્ઠાભાવી કાર્યકરની જરૂર હતી. જ્ઞાતિના સદ્‌ભાગ્યે શિક્ષણના જાણકાર, આગ્રહી, નિઃસ્પૃહી અને ઉત્સાહી કાર્યકર યોગ્ય સમયે જ સંસ્થાને મળ્યા. આ કાર્યકર એટલે શ્રી ખાટાભાઈ રાજાભાઈ વળિયા - ખંઢેરાવાળા જેઓ ગ્રેજ્યુએટ હતા અને મહુવામાં જ માધ્યમિક શાળામાં નોકરી કરતા હતા. તેમણે શ્રી ખરક જ્ઞાતિ કેળવણી સહાયક સમાજની - પ્રમુખશ્રી તરીકેની જવાબદારી સ્વીકારી. અને સંસ્થાને સક્રિય બનાવી અને પગભર કરી. આ કાર્યમાં તેમને શ્રી વાલજીભાઈ કામળિયા રાણીવાડાનો અને ભંડારિયાના શ્રી માવજી દાદાનો અનેરો સાથ સહકાર સાંપડ્યો. અને ફરીવાર જોરદાર જ્ઞાનયજ્ઞ શરૂ થયો. તેમણે જ્ઞાતિજનોને શિક્ષણ અને સંસ્કારની જરૂરિયાત સમજાવીને જૂની ઘરેડમાંથી બહાર આવવા જણાવ્યું.

શ્રી ખાટાભાઈએ જ્ઞાતિજનોને, પોતાનાં બાળકોનાં હીત માટે, શિક્ષણકાર્યમાં પોતાનો ફાળો આપી, કમાયેલ નાણાંનો સદુપયોગ કરવાની સલાહ આપી. અને જ્ઞાતિના સાથ-સહકાર અને સહયોગથી ભાવનગર તથા મહુવા મુકામે શ્રી ખરક જ્ઞાતિ કેળવણી સહાયક સમાજ,

સંચાલિત છાત્રાલયોના ઈ.સ. ૧૯૭૬/૭૭માં મકાનો બનાવવામાં આવ્યા. જ્યાં આશરે ૧૫૦ થી ૨૦૦ છાત્રોનો - વિદ્યાર્થીઓનો સમાવેશ થઈ શકે છે. સાથ-સહકાર આપનાર જ્ઞાતિજનો પણ યશને પાત્ર છે.

૪૪) અભણ જ્ઞાતિની સૂઝનું દૃષ્ટાંત :-

આપણી જ્ઞાતિના વયોવૃદ્ધ એક મેઘાદાદાનો પ્રસંગ યાદ કરીએ. એક વખત થાણેદાર ફારમ (રેવન્યુ) ઉઘરાવવા ઉતારામાં આવ્યા. જ્યારે મેઘાદાદા ફારમ ભરવા ગયા તો થાણેદાર સાહેબે રૂ. ૬૦/- ફારમ ભરવા જણાવ્યું. મેઘાદાદા બોલ્યા સા'બ ! હું તો ત્રણ વીહજ ફારમ ભરું છું એટલે એટલી જ ફારમ ભરીશ. તમો આજે આટલા બધા રૂપિયા કેમ માંગો છો ? થાણેદાર કડક સ્વભાવના હતા. સામે બોલ્યા એટલે રૂા. ૧/- એક દંડ કર્યો. ત્રણ વીસ ગણી ફારમ સ્વીકારવા તૈયાર થઈ ગયા. મેઘાદાદા હરખાયા કે ભલે દંડ ભરવો પડ્યો પણ મેં તો ફારમ ત્રણ વીહજ ભરી - રૂપિયા સાંઈઠ નહીં. આપણી જ્ઞાતિના શિક્ષણની સ્થિતિ આવી હતી. પણ સાથે સાથે કોઠા સૂઝ પણ અનેરી હતી. ભંડારિયાના માવજીભાઈ ડાહ્યાભાઈ સુરાણી જે ઢેબરભાઈના હુલામણા નામે ઓળખાતા. અભણ હોવા છતાં ખરકની મંડળી બનાવી હતી. ૨૦ સભ્યો નોંધી દરેકના રૂ. ૫૦/- ના શેર તરીકે ગણી રૂ. ૧૦૦૦/- નું ભંડોળ કર્યું, અને ધિરાણ શરૂ કરેલ. તેઓ અભણ હોવા છતાં વ્યાજ આંગળીના વેઢે ગણી શકતા. આ મંડળીનો વિકાસ થતાં હજારો રૂપિયાની ધીરધાર કરતી હતી. આ મંડળીના પ્રમુખ, મંત્રી, મૅનેજર અને ઑડિટર - બધા જ પદ ઉપર શ્રી માવજીદાદા હતા. તેમની બુદ્ધિમત્તા, સૂઝ અને વ્યવહારને લીધે જ તેઓ ભંડારિયાના ઢેબરભાઈ કહેવાતા - આ હુલામણાના નામેજ જ્ઞાતિમાં જાણીતા હતા.

આવી શૈક્ષણિક પછાત જ્ઞાતિના વંશજોને બોર્ડિંગની - છાત્રાલયની સવલત પ્રાપ્ત થતા જ્ઞાતિમાં શિક્ષણજ્યોતનો પ્રકાશ ફેલાયો અને ડૉક્ટરો, એન્જિનિયરો, વકીલો, ન્યાયાધીશ (જજ), ઑફિસરો, શિક્ષકો, પ્રિન્સિપાલ, ખેતીવાડી નિષ્ણાતોના સ્થાનો આજે શોભાવી રહ્યા છે. આજે ઉદ્યોગ-વ્યાપાર ક્ષેત્રે પણ પોતાનું આગવું એવું સ્થાન

પ્રાપ્ત કર્યું છે.

આપણી જ્ઞાતિમાં પ્રથમ ડૉક્ટર બનવાનું શ્રેય શ્રી ભીખાભાઈ ટપુભાઈ વળિયા-મહુવાને જાય છે. જ્ઞાતિમાંથી પ્રથમ ન્યાયાધીશ (જજ) બનવાનું માન શ્રી કાનજીભાઈ મોહનભાઈ ભૂત-મહુવાવાળાને છે. પ્રથમ એન્જિનિયર શ્રી ગોપાલભાઈ ધુધાભાઈ ભૂભલી, પ્રથમ વેટરનરી ડૉક્ટર શ્રી રાજુભાઈ સેંતા-મહુવા, પ્રથમ એગ્રિકલ્ચર ગ્રેજ્યુએટ, શ્રીનાથાભાઈ વીરાભાઈ વાયક-ભાદ્રોડને, પ્રથમ મહિલા પેથોલોજીસ્ટ શ્રીમતી સમજુબહેન એ. કાપડિયા... ને પ્રથમ મહિલા શિક્ષિકા શ્રી ભારતીબહેન જે. પટેલિયા. પ્રથમ મહિલા તલાટી- મંત્રીશ્રી શિલ્પાબેન બી. કામળિયા બનેલ.

આમ, દરેક ક્ષેત્રોમાં ખરક જ્ઞાતિના વીરલ ચહેરાઓ ચમકવા લાગ્યા છે. આજ સુધી અજ્ઞાત રહેલ જ્ઞાતિ, ફક્ત ગુજરાત નહીં, બલ્કે ગુજરાત બહારનાં રાજ્યોમાં જ્ઞાત થવા લાગેલ છે. અનેક ક્ષેત્રોમાં સફળતાના શિખરો સર કર્યા છે.

ખેતીવાડી અને પશુપાલન વ્યવસાય કરનાર જ્ઞાતિએ નોકરી-ધંધામાં પણ ખૂબ જ અસાધારણ પ્રગતિ કરી છે. ઈ.સ.૧૯૮૮માં કરવામાં આવેલ (સર્વે) ગણતરીમાં આશરે ૧૨૦૦ જેટલા શિક્ષિત યુવાનો વિવિધ ક્ષેત્રમાં જોડાયેલા છે. આજે ચારેક હજાર જેટલા જ્ઞાતિના યુવાનો વ્યવસાય અને નોકરીક્ષેત્રે હશે. શિક્ષણે જ્ઞાતિને જૂની ઘરેડમાંથી બહાર કાઢી નવું ચેતન પ્રસરાવેલ છે. દીકરાને પણ ન ભણાવનાર, આજે દીકરીઓને પણ શિક્ષણ આપવાની જરૂરિયાત સમજતા થયા છે.

ઈ.સ.૧૯૫૫માં ૧૮ વિદ્યાર્થીઓથી શરૂ થયેલ વિદ્યાર્થીગૃહ, આજે ચારસો-પાંચસો જેટલા વિદ્યાર્થીઓ અને કન્યાઓથી મહુવા તેમજ ભાવનગરના છાત્રાલયો ઊભરાઈ ગયા છે. આજે આ સંસ્થાઓનાં મકાનો નાના પડવા લાગ્યા છે. શ્રી ખરક જ્ઞાતિ કેળવણી સહાયક સમાજ - ચાર છાત્રાલયોનો વહીવટ કરે છે : (૧) શ્રી ખરક વિદ્યાર્થીગૃહ મહુવા (૨) શ્રી ખરક વિદ્યાર્થીગૃહ, ભાવનગર (૩) શ્રી કિશોર છાત્રાલય,

મહુવા અને (૪) કન્યા છાત્રાલય, મહુવા.

શ્રી ખરક જ્ઞાતિની કન્યાઓમાં પણ શિક્ષણ પ્રત્યે જબરો ઉત્સાહ દેખાઈ રહ્યો છે. જ્ઞાતિબંધુઓ પણ નવા યુગમાં ખભેખભા મીલાવવા તૈયાર થયા છે. આજના કમ્પ્યૂટર યુગમાં આપણી ભાવિ પેઢી સમાજની વૈભવતા અને વૈજ્ઞાનિક સિદ્ધિના લાભ ઉઠાવી શકશે અને પોતાનું આગવું જીવન જીવતો થશે એમાં શંકા નથી.

સંસાર રથનાં બંને પૈડાં સરખાં હોય તો જ આ સંસાર સારો ચાલે - સમાજજીવન બેહૂદુ ન બનતા જીવન સહૃદયી બને. કન્યા-શિક્ષણથીજ સમાજચક્ર સુદૃઢ બનશે. જો પુરુષ ડૉક્ટર બને અને પત્ની અભણ હોય તો કજોડું લાગે. છતાં ધન્ય છે આપણાં લોહીનાં સંસ્કારોવાળા અને ખાનદાની સ્વભાવવાળા શિક્ષિત યુવાનોને કે તેઓએ પોતાનો અભાવ પ્રગટ થવા દીધો નથી.

૪૫) જ્ઞાતિ બંધારણમાં સંગીન ફેરફાર :-

"જે થાય તે સારા માટે" એ કહેવત અનુસાર જ્ઞાતિના પ્રગતિના સમયે જ આવેલ ઝંઝાવાત જ્ઞાતિમાં એક આમૂલ પરિવર્તન લાવ્યું, જેના ફળ સ્વરૂપે જ ભાવનગર અને મહુવા મુકામે પોતાનાં જ છાત્રાલયનાં મકાનો બંધાયા.

આ જ સમયે વડલીવાળા શ્રી હરિભાઈ કરશનભાઈ સોલંકીએ સમસ્ત ખરક જ્ઞાતિનું નેતૃત્વ સ્વીકાર્યું. તેમણે જ્ઞાતિના ૩૦-૩૨ વર્ષ પહેલાનાં બંધારણમાં આમૂલ ફેરફાર કરવા, સમાજને અનુરૂપ બનાવવા, ત્રાપજ મુકામે સમસ્ત જ્ઞાતિજનોનું સંમેલન યોજ્યું. તેમણે સંગીન બંધારણ ઘડીને જ્ઞાતિ સમક્ષ જાહેર કર્યું. વિકસતા સમાજ સાથે જ્ઞાતિજનોએ નવું બંધારણ સ્વીકારી-સુધારાઓ સ્વીકાર્યા.

ઈ.સ. ૧૯૬૫

(૧) વેવિશાળ સમયે રૂ. ૧૦૦/- ને બદલે રૂ. ૫૦૦/- સુધી લઈ શકાશે. દેશમાં રૂ. ૬૦૦/- લઈ શકાય. જેમાં ગોરનું દાપું અલગ.

(૨) આણા સમયે કન્યાપક્ષ રૂ. ૬૦૦/- લેશે જેમાં દરજી-વાણંદનો

સમાવેશ ગણી લેવો. લગ્ન પછી એક વરસે આણું અને પછી સીમંતનું આણું. ફક્ત બે જ આણાં વળાવવા.

(૩) બાળલગ્ન પ્રથા બંધ.

(૪) જાનનું સામૈયુ વરઘોડા અને કલવો બંધ. પીઠી ઉતારીને જ જવાનું.

(૫) જાનને એક યા બે ટંક જ જમાડવી.

(૬) વરોંઠી ન કરવી પણ તેને બદલે બોર્ડિંગ-છાત્રાલયમાં ફાળો આપવો.

(૭) ખારેક, સોપારી, બીડા અને શ્રીફળ આપવાનો રિવાજ બંધ.

(૮) હારડા અને આણા વખતે બે ટંક જમણવાર.

(૯) પુનર્લગ્ન વખતે કન્યાપક્ષે રૂ. ૫૦૦/- સુધી જ લેવાના, જેમાં દરજી-વાણંદનું આવી જાય.

(૧૦) પૂનર્લગ્નમાં વરપક્ષે ફક્ત કપડામાં સાડલો, કાપડું, ઘરેણામાં નથડી, માદરડી અને કડલા આપવા. જ્ઞાતિખર્ચ બંધ.

(૧૧) ગોરને કન્યાપક્ષ રૂ. ૯/- આપે, વરપક્ષ રૂ. ૨૨/- આપે અને સોપારી ૩૧ આપે.

(૧૨) બોર્ડિંગ માટે - છાત્રાલય માટે પ્રથમ વખત જ લગ્ન-વેવિશાળ પ્રસંગે ફાળાનો ધારો.

લગ્ન વખતે વરપક્ષે રૂ. ૨૫/- અને વેવિશાળ વખતે રૂ. ૧૧/-. વરપક્ષે ફરજિયાત આપવાના. ખુશાલી પેટે વધારે આપી શકે. કન્યાપક્ષ પોતાની ઈચ્છા પ્રમાણે આપે.

વરપક્ષ વરોઠી કરવા ઈચ્છે તો પ્રથમ બોર્ડિંગ-છાત્રાલયને રૂ.૫૦૧/- દાન કરે પછી જ વરોંઠી કરી શકે.

મકર સંક્રાન્તિ પર દર વર્ષે સાંતી દીઠ ૨ મણ બાજરો અને ઉભડીયાએ રૂ. ૧/- આપવો અને ગામના આગેવાન જ્ઞાતિબંધુ એકઠુ કરીને બોર્ડિંગને પહોંચાડવાની વ્યવસ્થા કરે. આમ, શિક્ષણ માટેનો

આગ્રહ માન્ય રાખવામાં આવ્યો હતો.

આપણા જ્ઞાતિના ધારા-ધોરણો સામાન્યતઃ જ્ઞાતિબંધુઓ પાળવા લાગ્યા છે છતાં હજુ દસેક ટકા લોકો-પરિવારો અજ્ઞાનતા અને નિરક્ષરતાને કારણે રૂઢ બની રહ્યા છે. વેવિશાળ, લગ્ન અને આણા વખતે વરપક્ષની સ્થિતિ ઉપરવટ થઈ નાણાં લઈ કન્યાવિક્રયનું કલંક વહોરી રહ્યા છે. જે શોભે તેવું કાર્ય નથી. આજે ૮૦થી ૯૦ ટકા લોકો લેનદેન વિના પ્રસંગો પાર પાડે છે. આપસ આપસમાં સંબંધ સારા થતા જાય છે. વ્યવહારકુશળતા પણ આવતી જાય છે.

આજે દિવસના લગ્ન અને એકજ ટંકનું ભોજન થઈ ગયેલ છે. ધીમે ધીમે સમૂહલગ્ન પ્રથા તરફ આકર્ષણ વધતું જાય છે. આ એક અનોખી સામાજિક ક્રાન્તિ કરી છે. આ કાર્ય આવકાર્ય છે. બીજા સમાજો સાથે કદમ મિલાવતા થયા છીએ.

૪૬) શ્રી ખરક જ્ઞાતિનું એક આગવું સોપાન "સમૂહલગ્ન" ઈ.સ.૧૯૯૬ :-

અસલ તો વ્યાપારી બુદ્ધિના, પણ પરિસ્થિતિની થપ્પડો ખાતા ખાતા, ફક્ત ખેતી અને પશુપાલન વ્યવસાયમાંજ રચ્યાપચ્યા રહેનાર આ જ્ઞાતિને શિક્ષણ મળતા અને એકજ વિસ્તારમાં સ્થિર થતાં અને દેશ-દેશાવરમાં ફરતા ફરતા સમાજ પરિવર્તનની જાણ થઈ...

ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓએ પણ સમૂહલગ્ન પ્રથા અપનાવી અને લગ્ન ખર્ચ અને લગ્નઠઠારો બંધ કર્યા. કાળા પરસેવાના નાણાં લગ્નમાં ઠઠારામાં વેડફી ન નાખવાનો ખ્યાલ આવ્યો. અનેક ગરીબ મા-બાપને પેટે પાટા બાંધી, નાણાં વ્યાજે લઈ, સમાજના રીત-રિવાજને પગલે ચાલવું પડતું હતું. આવા કુટુંબોને સમૂહલગ્ન એ આશીર્વાદરૂપ થઈ પડેલ છે અને આ પ્રથા આવકાર્ય બની.

ઈ.સ. ૧૯૯૬માં પ્રથમ સમૂહલગ્નનું કાર્ય ગુંદરણા ગામના શિક્ષિત યુવાનોએ ૧૧ નવદંપતીને સમૂહમાં પ્રભુતામાં પગલા મંડાવી

મેળવેલ છે અને તે જ વર્ષે મહુવામાં યુવાનોએ સમગ્ર જ્ઞાતિના સહયોગથી સમૂહ લગ્નોત્સવ સમારોહ કરતા ગૃહસ્થાશ્રમમાં ૩૧ યુગલોએ પ્રભુતામાં પગલા માંડ્યા. આવા સમૂહલગ્નમાં-આણામાં અનેક ભેટ-સોગાદો પણ મળવા લાગી. જ્ઞાતિ બંધુઓ નાના-મોટા કે ગરીબ-પૈસાદારના ભેદ ભૂલી જઈ સમૂહલગ્નમાં ભાગ લે છે. ઈ.સ. ૨૦૦૩-થી ભાવનગર મુકામે પણ સમૂહલગ્ન સમારોહની શરૂઆત થઈ છે. સમૂહલગ્ન પ્રથા અપનાવતા જ્ઞાતિના સમૃદ્ધ પરિવારોને દાન-ભેટ આપવાની યોગ્ય તક સાંપડી અને તેમને પોતાના પૈસાનો સદુપયોગ કરવાની તક મળી. આજે સર્વો-જ્ઞાતિજનો ગૌરવભેર સમૂહલગ્નોત્સવ માણે છે. આમ, આપણી જ્ઞાતિ સમાજ અને રાષ્ટ્ર સાથે કદમ મિલાવતી થઈ છે.

૪૭) શ્રી ખરક જ્ઞાતિનો સામાજિક ઉત્કર્ષ :-

ઈ.સ. ૧૯૩૫ની જનરલ મિટિંગમાં રજૂ થયેલ જ્ઞાતિના સામાજિક ઉત્કર્ષ માટેનાં વિચારો ત્થા ઈ.સ. ૧૯૬૫માં ઘડાયેલા જ્ઞાતિના ધારા-ધોરણમાં સમય જતા બાંધછોડ થવા લાગી. ઘણા પ્રશ્નો અને સમસ્યાઓ ઊભી થઈ. તેથી તા. ૨૬-૧૦-૧૯૯૧ ને દિવસે તળાજા મુકામે શ્રી સમસ્ત ખરક જ્ઞાતિનું સંમેલન યોજવામાં આવ્યું. જ્ઞાતિના ૮૦૦ જેટલા ભાઈઓએ ભાગ લીધો.આ સંમેલનમાં જ્ઞાતિના લગ્ન - આણા, વેવિશાળ અને છૂટાછેડાના અનેક પ્રશ્નોનું રૂબરૂમાં બંને પક્ષોને સાંભળીને નિવારણ કરવાનો પ્રયત્ન થયો. આ સંમેલનમાં જ્ઞાતિના ઉત્કર્ષ અને સુદૃઢ સમાજ-વ્યવસ્થાલક્ષી વિચારો જ્ઞાતિના વયોવૃદ્ધ વિચારક અને જ્ઞાતિ શુભેચ્છક શ્રી વાલજીભાઈ ભવાનભાઈ કામળિયા, રાણીવાડાવાળાએ રજૂઆત કરેલ. જે વિચારણીય અને અનુકરણીય હતાં. મુખ્ય મુદ્દાઓ આ પ્રમાણે છે.

(૧) કન્યા કેળવણીની આવશ્યકતા :

આપણી જ્ઞાતિની કન્યાઓનો વિકસતા સમાજ અને વૈજ્ઞાનિક યુગ સાથે કદમ મેળવવા તૈયાર કરવાના હેતુથી અને ભવિષ્યની પેઢીને

શિક્ષણ અને સંસ્કારનું સીંચન કરાવવા કન્યા કેળવણીની તાતી જરૂરિયાત છે. એટલે જ્ઞાતિબંધુઓ પોતાની કન્યાઓને ભણાવવાનો આગ્રહ રાખી, વિકાસના પથ પર સાથ-સહકાર આપે એવી શુભ ભાવના રજૂ કરવામાં આવી.

(૨) આચાર અને વ્યવહાર શુદ્ધતાનો આગ્રહ :

આપણી ખાનદાનીનો ગૌરવવંત ઈતિહાસ અને લોહીના સંસ્કાર ટકાવી રાખવા વ્યવહારશુદ્ધતાની જરૂર છે. ભલે ધન, સત્તા કે શિક્ષણથી આગળ વધીશું, પણ જો વ્યવહાર અને વ્યવસાયમાં શુદ્ધતા નહીં હોય તો આ સુવર્ણયુગ શ્રાપરૂપ બનશે. માટે ખાનદાનીના સંસ્કાર ટકાવી ચારિત્ર્યવાન બનવાની ખાસ જરૂર છે. આ માટે આપણે સૌ જ્ઞાતિબંધુઓ આગ્રહી બનીએ એવી શુભેચ્છા.

(૩) જડતા, અંધશ્રદ્ધા અને માનસિક નબળાઈ છોડો :

આપણે એટોમિક અને કમ્પ્યૂટર યુગમાં જીવી રહ્યા છીએ ત્યારે જડતા રુઢિ-પુરાણા રિવાજ અંધશ્રદ્ધાને પકડી રાખીએ તે આપણા માટે શોભાસ્પદ નથી. મનની નબળાઈ છોડી દઈ, આંખ ખોલીને નિરીક્ષણ કરવાની તાતી જરૂર છે. અન્ય સમાજો આજે પ્રગતિ કરી રહ્યા છે, ત્યારે આપણે પાછળ પાછળ ઘસડાતા રહીએ છીએ. જલદીથી એમની સાથે તાલ મીલાવીને પ્રગતિ સાધવાની છે. ભૂત, ભુવા અને ડાકલામાંથી મુક્ત થવાની જરૂર છે. વરોંઠી, કારજ અને જ્ઞાતિજમણના પ્રસંગો પાછળ નાણાં ખર્ચવા, ખોટી કીર્તિ મેળવવાના નાદમાં પડીને ખોટા વ્યવહાર માટે નાણાં ખર્ચવા આ બિનજરૂરી છે. જો નાણાંની સગવડ હોય તો શિક્ષણ અને સ્વાસ્થય માટે દાનનો ધોધ વહેરાવવો અને તમારું કર્તવ્ય પુરું કરો.

(૪) કન્યા વિક્રય બંધ કરો :

આપણા પૂર્વજોને મા લક્ષ્મીનો આદેશ છે કે કન્યા વિક્રય ન કરશો. કન્યાનું દાન કરવાનું હોય. જ્ઞાતિમાં આ અનિષ્ટ વધતું જતું હોય એમ લાગે છે. બાપની મિલકતમાં દીકરીનો ભાગ હોય છે, ત્યારે

બાપ સામે ચાલી દીકરીના પૈસા લઈ લગ્ન કરે આ ન્યાય નથી. કન્યા વિક્રય કરી જે બાપ ખાય કે જમીન ખરીદે તેને શું કહેવું તે વિચારવા જેવું છે. દીકરીને દાતરડું પકડાવવાની સ્થિતિમાં સાસરે મોકલવી એ તેના માટે દંડ છે. તો વિચારો ભાવિ તમારા હાથમાં છે.

(૫) બાળલગ્ન બંધ કરો :

બાળલગ્ન એ ખતરનાક પગલું છે. જ્યારે અક્ષરજ્ઞાન અને વ્યવહાર શીખવાનો બાળક માટે સમય છે ત્યારે તેના ગળામાં ગૃહસ્થાશ્રમનું ધોંસરું નાખીને, ખીલતી કળીઓ કરમાઈ જાય તેવું કૃત્ય કરવાનો આપણને અધિકાર નથી. તેથી વય, વર્તન, અભ્યાસ, વ્યવસાય અને કક્ષા જોઈને જ સમાન સ્થિતિવાળા અને સમાન વિચારવાળા દીકરા-દીકરી પસંદ કરશો, તો તૂટ, તિરાડ, છૂટાછેડા કે આત્મહત્યા જેવા બનાવો નહીં બને. આપણા બાળકો સુખી સંસારજીવન જીવી શકશે અને ભાવિ પેઢી સંસ્કારી અને પુરુષાર્થવાદી બનશે.

આજે જ્ઞાતિમાં દેખાદેખી ચાલી રહી છે. દેખાદેખીમાં વધુ બોજ ઉપાડવો, નાણા ખર્ચવા કે માંગવા જ્ઞાતિના માટે યોગ્ય નથી. તમારા પોતાની સ્થિતિ પ્રમાણે જ યોગ્ય જુદી જુદી વસ્તુઓ દીકરીને આપો. ભરત-ગૂંથણ પાછળ દીકરીનો સમય ન બગાડો. આંખ ન બગડાવો. તેને બદલે દીકરીને શિક્ષણ આપો, વ્યવહારકુશળતા શીખવો. રસોઈ-બાળઉછેર અને ઘર સંભાળવાના પાયાનું શિક્ષણ ઘરમાંજ દીકરીને આપેલ હશે, તો તેનો ઘર-સંસાર અને લગ્નજીવન સફળ થશે.

૬) ભોજન સમારોહ :-

"અતિથિ દેવો ભવ" એ આપણી સંસ્કૃતિ છે. આંગણે આવેલ મહેમાનનું સ્વાગત કરવું એ ફરજ છે. તેમાં પણ ધીમે ધીમે દેખાવ વધતો જ જાય છે. તેમાં અંકુશ લાવવાની જરૂર છે. લગ્નમાં જમણવાર એક ટંક પુરતુ જ છે. આ ઝડપી, વિકસતા જમાનામાં વરોંઠી કરવી યોગ્ય નથી. વરોંઠીનો પણ આગ્રહ છોડો. મરણના કારજ જરૂરી છે, પણ

સમસ્ત જ્ઞાતિ - તેડું કરવું એ આવકાર્ય નથી, યોગ્ય નથી. આ દૂષણને તો જ્ઞાતિ આગેવાનોએ અટકાવવાની જરૂર છે.

આણા-પરિયાણાનો રિવાજ :

નક્કી થયેલ યોગ્ય ઉંમરે લગ્ન કરી, દીકરીને યોગ્ય સમયે આણું વળાવીએ, જેનાથી અનેક પ્રશ્નોનો ઉકેલ આપોઆપ આવી જશે. "દીકરી તો સાસરે જ શોભે" એ ઉક્તિ પ્રમાણે - વેવાઈ-જમાઈની અગવડ-સગવડનો ખ્યાલ કરનાર જ સાચાસગા કહેવાય. આપણી જડતા કે હઠાગ્રહથી અંતે આપણી દીકરીને જ દુઃખ ભોગવવાનો વારો આવે છે એ ધ્યાનમાં લેજો.

હે મારા જ્ઞાતિજનો, તમો વિચારો. તમારો ઉધ્ધાર તમારા પોતાના જ હાથમાં છે તેમજ તમારા પગ ઉપર કુહાડો શા માટે મારો છો ? આત્મીયતા અને પ્રેમથી બધા જ સંબંધોમાં મીઠાશ આવશે. બધા જ્ઞાતિજનો એકબીજા સાથે સારું વર્તન કરો, સારી મીઠાશભરેલી વાણી બોલો-વાપરો અને તમારા સુખમય જીવનમાં દરેક પગલું વિચારીને ભરો. એ મારી તમો સર્વજ્ઞાતિ બંધુઓને પ્રાર્થના છે.

આ શીખ શ્રી વાલજી દાદાએ જનરલ મિટિંગમાં આપી, સર્વોને ભાવવિભોર કર્યા. આશા છે કે આ વાતો અપનાવીને આપણે ભવિષ્યનો ઈતિહાસ સુવર્ણમય બનાવીએ.

-: સંદેશયાત્રા :-

૪૮) શ્રી ખરક જ્ઞાતિ ગૌરવ સંદેશયાત્રા - ઈ.સ. ૨૦૦૧ :-

ખરક જ્ઞાતિના લોહીના સંસ્કારો જ્ઞાત થાય, ઐતિહાસિક ગૌરવવાન ખાનદાનીનો વૈભવ ટકી રહે, સમસ્ત જ્ઞાતિનું ઐક્ય અને આત્મીયતા વધે તેવા શુભ આશયથી સમસ્ત જ્ઞાતિના સ્નેહમિલનો દ્વારા, જ્ઞાતિના ભાઈશ્રી નાથાભાઈ વીરાભાઈ વાયક (ભાદ્રોડવાળા)એ ૨૪ ગામોમાં સ્નેહમિલન આયોજિત કરેલ. ૧૧,૦૦૦ જ્ઞાતિજનોમાં ખરક જ્ઞાતિ ગૌરવ સંદેશ પહોંચાડી, સર્વોને એક બનવા અને નેક બનવા હાકલ કરી હતી. જેને આપણી જ્ઞાતિમાં સારો સહકાર તેમજ પ્રતિસાદ સાંપડ્યો હતો, સ્નેહમિલનના વક્તવ્યનો સાર નીચે પ્રમાણે છે.

-: સંદેશ :-

આપણે સૌ પ્રભુના લાડકા દીકરાઓ છીએ. પરસ્પર ભાવયન્તઃ ના ભાવે એક બીજાએ નજીક આવવું જોઈએ.

આજે માણસ માણસથી આઘો જતો જાય છે. ભૌતિકતા અને ભોગવાદ માણસને ભરખી રહ્યો છે. પરિણામે ભાવમય જીવન ખલાસ થતું જાય છે. માણસને માણસની સાથે નિઃસ્વાર્થ ભાવે જોડવા માટે જ આપણા ઋષિમુનિઓએ આપણને મંદિર, યજ્ઞ, તીર્થયાત્રા અને એકાદશી જેવાં વ્રતો, સાંસ્કૃતિક સાધનો આપ્યા છે; પરંતુ તે દરેકની પાછળનું તત્ત્વજ્ઞાન ભુલાયું છે. તેથી જ જીવન રોળાયું છે.

ભવ = એટલે (મારે) થવું, જો મારે કંઈક થવું હોય તો બીજાના સ્વાર્થ અથવા લાભ-ફાયદાને ધક્કો મારવો જ પડે; પરંતુ ભવ સાથે ભાવ ઊભો કરીએ તો બીજાને પણ કાંઈક થવા દેવો જોઈએ. આ દૃષ્ટિ સાથે દરેકની માગણી છે કે "ભવ સાગરમાંથી પાર કરો પ્રભુ !" બીજાને સુખી કરવામાં અને જોવામાં જ સાચો આનંદ છે. તેમાંજ ઈશ્વરનું સાતત્ય પામી પરસ્પર મળવાથી ભાઈચારો નિર્માણ થાય છે.

આપણી જ્ઞાતિની તેજસ્વી જીવનધારણા હતી અને છે. ખાનદાન જ્ઞાતિ છે.

"ખરક ખેતીમાં રસિયો, મહેમાનમાં મોળો નહીં,
નહીં વણસતી વાત, ખાનદાની તો ખરકની,
જાડાં લુગડાં પહેરતાં, ખાંડીને ખાતા ધાન,
નેવે નમીને ચાલતા પણ કહેવાતા ખાનદાન."

આપણે ખેતી રસપૂર્વક અને ખંતથી કરીએ છીએ. તો વળી મહેમાનની બાબતમાં "અતિથિ દેવોભવ" સાર્થક કરીએ છીએ. આપણી દૃષ્ટિ હંમેશા શુભ (Positive) હોવાથી આપણે ક્યારેય વણસતી વાત કરવામાં રાજી નહીં. "સાદુ જીવન, ને ઉચ્ચ વિચાર" આ ઉક્તિ આપણા જીવનમાં વણાઈ ગયેલ છે. તેથી જ જાડાં લૂગડાં કે નાનાં મકાનોની આપણને ક્યારેય શરમ નહોતી લાગતી. ભૌતિક સુખ-ઉપભોગ પ્રત્યે આસક્તિ નહોતી. આ જ આપણી ખરક જ્ઞાતિની વિશિષ્ટતા છે. જ્ઞાતિમાં પાંચ વિશેષતાઓ છે.

(૧) અસ્મિતાવાન જીવન :-

આપણા પૂર્વજોનુ જીવન અસ્મિતાયુક્ત હતું. કોઈનો તિરસ્કાર સહન ન કરતા, કોઈનો ફેંકેલો ટુકડો ન ઉપાડતા. ઉજજૈનમાં પર્યુષણપર્વના જમણવાર પ્રસંગે - ખરહંકા કહીને બોલાવ્યા ત્યારે અસ્મિતાયુક્ત લોહીના સંસ્કારે તેના જમણના નોતરાનો અસ્વીકાર કર્યો. મને મફતનું ન ખપે, સસ્તુ ન ખપે, મહેનત અને કમાણીથી જ મેળવીશ અને ખાઈશ. આ ધારણા આપણી જ્ઞાતિની છે. આપણો ભાઈ ભલે જમીન વિહોણો હશે, દાડિયું કરીને પેટિયું રળતો હશે, પણ કોઈ સામે હાથ નહીં ફેલાવે, મોઢાથી માંગશે નહીં. ગમે તે સ્થિતિમાં જીવી જાણશે પણ કોઈને દોષ નહીં દે.

(૨) કૃતજ્ઞતાવાન સ્વભાવ :

કૃતજ્ઞતા જીવનમાં લોહીમાં જ વણાયેલ છે. કોઈનો ઉપકાર અને પ્રેમને ભૂલશે નહીં. પ્રભુપર અતૂટ શ્રદ્ધા છે, તેમ કોઈના લીધેલા નાણા અને દીધેલાં કોલથી ક્યારેય મોઢું ફેરવતા નહીં.

(૩) પુરુષાર્થવાદી :

આપણી જ્ઞાતિ માને છે કે "મહેનતે મર્દા, તો મદદે ખુદા" પોતાના બાવડાની તાકાત પર તેને વિશ્વાસ છે, મહેનત કરનાર વર્ગ છે તે પણ હૃદયપૂર્વક - આથી જ આપણી જ્ઞાતિ માટે "ખરક" શબ્દ કાના માતર વગરનો સ્થિર થયો હશે. દરેક શબ્દ બ્રહ્મ છે, તેનો અર્થ હોય જ છે. સંસ્કાર અને ભાવનો નિર્દેશ શબ્દ પાછળ હોય જ છે.

ખ = ખરા - પ્રામાણિક

ર = હૃદયપૂર્વક ભાવવાળા

ક = કર્મ (કામ). અર્થાત્ ખરા હૃદયપૂર્વક પ્રામાણિક પ્રયત્નથી કામ કરનાર - આવા અર્થવાળા એ જ **ખરક**.

(૪) પરોપકારીવૃત્તિ :

ખાનદાનીનો અર્થ = ખાન એટલે ખાધે પીધે સુખી.

દાની = આપવાની વૃત્તિવાળા. આપણા પૂર્વજો ખળામાંથી અનાજ લાવતાં પહેલાં ગામના સુથાર, લુહાર, મોચી, દરજી, સાધુ અને બ્રાહ્મણને ભાગ આપી - બાકી વધેલું અનાજ પોતાના ઘરે લાવતાં. બીજાને દુ:ખી કરવાની વાત તો દૂર રહી. તેઓ બીજાને દુ:ખી જોઈ શકતા ન હતા. તેથી જ સામેથી જરૂરિયાતમંદની સહાય કરવાની વૃત્તિ આપણામાં સમાયેલ છે. આમ, ખાવા અને ખવરાવવાવાળી જ્ઞાતિ છે.

(૫) બુદ્ધિનિષ્ઠા :

આટલી પ્રતિકૂળતા વચ્ચે પણ બુદ્ધિમાં જે ઊતરે તે જ ઉપાડે - તેવો ભાવ હતો. ગાડરિયા પ્રવાહમાં જીવે - તે ખરક નહીં - સમાજમાં ચાર પ્રકારના લોકો હોય છે. બુદ્ધિજીવી, બુદ્ધિશાળી, બુદ્ધિવાદી અને બુદ્ધિનિષ્ઠ.

કેવળ પોતાની આજીવિકા માટે જ બુદ્ધિનો ઉપયોગ કરે તે બુદ્ધિજીવી. જે પોતા માટે બીજાની બુદ્ધિનો ઉપયોગ કરે તે બુદ્ધિશાળી. જે વાદ-વિવાદ માટે બુદ્ધિ ખર્ચે - વાપરે તે બુદ્ધિવાદી. આવા લોકો

પોતે સુખી થતા નથી કે બીજાને સુખી થવા દેતા નથી, તે ભયંકર લોકો છે. સર્વના કલ્યાણ માટે જ વિચારે અને બુદ્ધિમાં ઊતરે તે જ સ્વીકારે તે પ્રમાણે જીવન જીવે તે બુદ્ધિનિષ્ઠ છે.

આપણી જ્ઞાતિ કાળની પરંપરામાં અટવાણી નથી, તેથી કોઈ સંકુચિત વિચારધારામાં બંધાણી નથી. આપણે શ્રી રામ અને શ્રી કૃષ્ણના ઉપાસક છીએ, તેથી વેદ, ઉપનિષદ, ગીતા, રામાયણ અને મહાભારતની પરંપરાને તેમજ સનાતન ધર્મ ભાવનાને માનવાવાળી જ્ઞાતિ રહી છે. અભ્યાસના અભાવે કે અજ્ઞાનતાને લઈને ભલે ઊંડા નહીં ઊતર્યા હોઈશું, પણ અમારા શરીરમાં વૈદિક સંસ્કૃતિનું લોહી ફરે છે, તેથી તો ઉપરોક્ત પાંચ માનવજીવનનાં ઉત્કૃષ્ટ ગુણો આપણામાં જોવા મળે છે.

આમ, આ પાંચ સંસ્કારોને લઈને આપણે ભગવાનના લાડકા દીકરાઓ છીએ. આપણી જ્ઞાતિ પાસે અખૂટ શક્તિ ભરેલી છે. શારીરિક શક્તિ તો છે જ. કુદરતી જીવનશૈલીએ આપણા બાવડામાં બળ આપ્યું છે. વિત્ત શક્તિમાં આપણે સમાજમાં આગવું સ્થાન પ્રાપ્ત કરેલ છે. આપણો કોઈ ભાઈ રોજીરોટી કે રોજગાર વિનાનો નથી. વેપાર ઉદ્યોગમાં આપણે સ્થિર થતા જઈએ છીએ. બુદ્ધિ શક્તિને લીધે આપણી જ્ઞાતિના બાળકો અભ્યાસમાં તેજસ્વી બુદ્ધિના હોવાથી જ ઉત્તમ ડૉક્ટર, એન્જિનિયર, અધિકારી અને શિક્ષક તરીકે સિદ્ધ થયા છીએ. મહેનતુ પ્રજાનાં સંતાનો હોવાથી આપણે આપણામાં રહેલી ત્રિવિધ શક્તિને જાગૃત કરી યોગ્ય રસ્તે ઉપયોગ કરીશું, તો ખાનદાની ટકી રહેશે.

મહાભારતમાં ત્રણ પાત્રો છે :

(૧) દુર્યોધન - જેની તમામ શક્તિ પોતાના સ્વાર્થ માટે જ વાપરી તેથી તે અસુર કહેવાયો.

(૨) કર્ણ - તેણે બદલાની ભાવનાથી પોતાની તમામ શક્તિ વિચાર્યા વગર બીજા માટે વાપરી, દુર્યોધનને સાથ આપતા તેને યશ ન મળ્યો.

(૩) અર્જુન - તેણે પોતાની શક્તિ પ્રભુકાર્યમાં વાપરી.

"કરિષ્યે વચનં તવ" અને તેને ભગવદ્ ગીતામાં "પાંડવાનામ્ ધનંજય" તરીકે સ્થાન પ્રાપ્ત થયું.

આપણી શક્તિનો કોઈ ઉપયોગ ન કરી જાય, કોઈના હાથા ન બની જઈએ તે માટે આપણે જાગૃત રહીશું અને પ્રભુને માટે વાપરવા પ્રેરાશું અર્થાત્ ચારિત્ર્યવાન જીવન બનાવીશું. તો જ સાચા લક્ષ્મીપૂજક - શક્તિપૂજક ગણાશું.

આજે આપણે સંધ્યાકાળ વચ્ચે જીવી રહ્યા છીએ. જૂની અને નવી પેઢીની વિચારધારા વચ્ચે ટકરાવ થવાની શક્યતા છે.

ત્યારે જો આપણે લોહીના સંસ્કારો ભૂલી જઈશું તો ? પ્રકૃતિ, પરિસ્થિતિ અને પુરુષની થપ્પડો ખાવી પડશે. આથી આપણે સૌએ વેદ અને ગીતા માન્ય વિચારો સમજીને, હું કોણ છું ? કોનો છું ? ક્યાંથી આવ્યો ? અને ક્યાં જવાનું છે ? આ મળેલ જીવન કેવું બનાવવાનું છે ? તેનો વિચાર કરીએ; જાગૃત થઈએ અને પરંપરાને યાદ કરીએ. અને અસ્મિતાવાન અને કૃતજ્ઞતાવાન બનીને જીવીએ.

થશે તેટલું કરીશ એમ નહીં પણ "હું કરીશ તેટલું થશે જ" તેમ માનવાવાળો જ સાચો ખરક પુત્ર છે. આપણે સર્વો (તેના માટે) એક બનીશું, નેક બનીશું. આપણે પરમ કૃપાળુ, પરમેશ્વરને પ્રાર્થના કરીએ કે અમારાં સર્વોની કલ્યાણકારી દૃષ્ટિ થાય. અમો સર્વોને કોઈ દુઃખ કે વિપત્તી આવી ન પડે અને બધા જ સર્વ રીતે સર્વ પ્રકારે સુખી થઈએ.

સર્વેઽત્ર સુખિનઃ સન્તુ સર્વે સન્તુ નિરામયાઃ ।
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્ દુઃખ માપ્નુયાત્ ॥

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

-- અસ્તુ --

-: ઉપસંહાર :-

હાલ શ્રી ખરક જ્ઞાતિ મુખ્યત્વે ભાવનગર જિલ્લાના ઘોઘાબારાથી માંડીને મહુવા મોરંગી સુધીના કાંઠાળ પ્રદેશમાંજ વસવાટ કરે છે. આશરે ૭૦-૭૨ ગામોમાંજ વસ્તી ધરાવે છે. આજે તે છેલ્લા ત્રીસેક વર્ષથી ખેતી સિવાય, પશુપાલન, હીરા ઉદ્યોગ, આરી ભરત જેવા સ્વતંત્ર ધંધાઓ તેમજ વિવિધ પ્રકારના વ્યાપારિક ક્ષેત્રોમાં અને નોકરીઓમાં પગપેસારો કરી રહ્યા છે. ગુજરાત તથા દેશના અન્ય સ્થાનોમાં પણ વસતા થઈ સમાજમાં જ્ઞાત થઈને પ્રતિભા-સંપન્નતાથી ઊભરી આવી છે.

સામાજિક રીત-રિવાજો, ખાનપાન અને પહેરવેશ વિગેરેમાં દિન-પ્રતિદિન સુધારો આવતો જાય છે. શિક્ષણક્ષેત્રે હરણફાળ થતાં ૩૫ જેટલા ડૉક્ટરો, શિક્ષણની અન્ય શાખાઓમાં ગ્રેજયુએટ - પોસ્ટગ્રેજ્યુએટની ડિગ્રીઓ પ્રાપ્ત કરેલ છે.

ખડતલ અને મહેનતુ પ્રજાને અન્ય ખાસ રમત-ગમતનો શોખ નથી. ખેતીવાડી અને પશુપાલનમાં મહેનત કરી આર્થિક પ્રગતિ સાધેલ છે. જ્ઞાતિની લોહી શુદ્ધતા જાળવી રાખી છે. જ્ઞાતિના સ્ત્રી-પુરુષ દેખાવે નમણા, મધ્યમ, કાઠાના, ગૌરવર્ણના છે; સ્વભાવે સરળ, કજિયાથી કાયર, સુંવાળી પ્રજા રાજકારણથી અલિપ્ત રહી છે.

કણબી તથા ગુર્જર જાતિઓ સિવાયના વર્ગ સાથે રોટી વ્યવહાર ન હતો. શુદ્ધ શાકાહારી રહ્યા છીએ તેમજ દારૂ - અફીણ અને ગાંજા જેવાં કેફી દ્રવ્યોથી દૂર રહ્યા છીએ. આ એક જ્ઞાતિ માટે પ્રશંસનીય વાત છે. બીડી, તમાકુ જેવું થોડુ અનિષ્ટ ઘૂસેલ છે. જેનો ત્યાગ કરવો ઉચિત છે.

આ પ્રકારની વ્યવહાર શુદ્ધિ, આહાર શુદ્ધિ અને પુરુષાર્થ જેવા ઉમદા ગુણો તથા સંસ્કારિતાને કારણે આજના ભૌતિકવાદ અને

ભોગવાદની લપેટમાં ફસાયા નથી. શિક્ષણક્ષેત્રે અને વ્યાપારક્ષેત્રે પ્રગતિ સાધી છતાં પણ જાતીય શુદ્ધતા અને સંસ્કારિતાને ટકાવી શક્યા છીએ એ ગૌરવની વાત છે.

આવનાર સમયમાં - નવી પેઢીને આપણા આ પેઢી દર પેઢીના સંસ્કારનું ગૌરવ જળવાઈ રહે, માર્ગદર્શન અને પ્રેરણા મળતી રહે. તે શુભ ઉદ્દેશ્યથી "પૂર્વજોની ગૌરવગાથા" પુસ્તકનું પ્રકાશન કરવાનું વિચારેલ છે.

આશા છે કે આપણી યુવા પેઢી અને શિક્ષિત જ્ઞાતિબંધુઓ આ પુસ્તિકાના વિચારો પર વિચાર કરીને આચારમાં લાવવા પ્રયત્નશીલ બને. આ ખરક જ્ઞાતિના મહાન પૂર્વજોનાં ચારિત્રનું સારું પાસું સંભાળી રાખે તેમજ ભવિષ્યમાં જ્ઞાતિ ગૌરવ શોભાવે તેવી શુભેચ્છા સહ પ્રાર્થના.

ઉપરોક્ત શુભેચ્છા લેખકશ્રી ત્થા સંકલનકર્તાશ્રીની છે. આપણે બધા જ્ઞાતિજનો એક થઈએ, નેક થઈએ એ જ પ્રભુને પ્રાર્થના.

જય યોગેશ્વર

નાથાભાઈ વીરાભાઈ વાયક

"ॐ महालक्ष्मी च विद्महे
विष्णुपत्नी च धीमहि
तन्नो लक्ष्मीः प्रचोदयात् ॥"

-- અસ્તુ --

॥ શ્રી કૃષ્ણઃ શરણમ્ મમ્ ॥

-: કાવ્યમાળા :-

શ્રી વાલજીભાઈ ભવાનભાઈ કામળિયા આપણી જ્ઞાતિની "પૂર્વજોની ગૌરવગાથા" ના લેખકશ્રી કવિ હૃદયના પણ છે. તેઓએ પ્રાકૃતભાષામાં અને ગામડીશૈલીમાં અનેક કાવ્યો અને દુહા છંદો લખ્યા છે. તેમને બાળપણથી જ આ પ્રકારનો કાવ્ય બનાવવા અને ગાવાનો અનહદ શોખ હતો. થોડું ભણેલ હોવા છતાં કોઠા સૂઝ અને સમાજ દર્શનના અભ્યાસે તેને કવિ અને લેખક બનાવ્યા છે. તેમના કાવ્ય સંગ્રહમાંથી કેવળ અત્રે જ્ઞાતિજનોને પ્રેરણા અને માર્ગદર્શન માટે આ ૧૪ રત્ન રૂપ કાવ્યોને અહિંયા સંકલિત કરેલ છે.

(૧) ગુરુજીના ચરણમાં

જ્ઞાન ગુરુ તમ "કેશવ", ચરણે નમાવું શીષ,
માયા મોટી મોહીની, તમો ઉગારો ઈશ.
સુખી આ સંસારની, માયા મોટી ઝાળ,
એ માયામાં મોહી ગ્યા, યોગી ભોગી ને બાળ.
કેશવજી કરૂણા કરો, મુંઢમતી (હું) ગમાર,
દોરી લીયો મુજ નાવડી, ઉતારો મને ભવ પાર.
જતિ, સતી ને ભગવતી, ભાંગો મનકી ભ્રાંત,
રોગ ભોગ ઝડપે નહિ, કરુણા કેશવ કાંત.
ઘણા ઓથ અંધારમાં, કરવા દિવ્ય પ્રકાશ,
લેખણ ધરી શુભલક્ષણા, પૂરો મનકી આશ.
શુદ્ધ વાણી દે શારદા, સમરૂં તને સદાય,
જુગદંબા તું જાગતી, સમર્યે ભવ દુઃખ જાય.
કાયા માયા ને કામના, મન બુદ્ધિને મોહ,
કરુણા કેશવ કરીએ, તોડો માયા ને મોહ.

(૨) જય ચામુંડા માં

પરમ પરમ પરમેશ્વરી, પરમગતી પરીયંત,
નવદુર્ગા નારાયણી, આદ્યશક્તિ અનંત.
શત્રુ હણો શત્રુ હણો, દુશ્મનનો વાળો દાટ,
ઈન્દ્રલોકથી ઉતરી, વસુંધરા વસવાટ.
ઉજ્જવળ દંત કડકડે, છુટા વાંકડા કેશ,
સેંથામાં સિંદોર ભર્યા, યોગણ બાળે વેશ.
રાત અંધારી ઘોર છે, શાન્ત વાય સમીર,
રમા રમવા નીસરી, વળી આ બાવન વીર.
ગીતા ગાતી સુંદરી, આવે તોરે ધામ,
સાગર જળને કાંઠડે, કાઠી કોરા ગામ.
કળયુગમાં કાળ તણા, કરીયાં કપરાં કામ,
સ્થાપન કીધું કોટડા, સવંત સોળમાં ધામ.
જીવદયાના જતનથી, પડ્યો પૂર્ણ પ્રકાશ,
ચામુંડા જગ જોગટી, હેતે જોડુ વાલજી હાથ.

(૩) શ્રી કૃષ્ણ ચરિત્ર

યમુના કાઠે ઉછર્યો, જનમ્યો જંજીર મહી,
ગૌચારી ગોપાલ તે, જગે જાણ્યા નહી.
પરમગતી પરમેશ્વરા, પાંડવ તારણહાર,
ધજા ધરમની બાંધવા, કર્યો દૈત્ય (કૌરવ) સંહાર.
પાંચાલી પત્ય રાખવા, પૂર્યાચીર અનેક,
સાગર કાંઠે શામળા, પૂરી પાળી ટેક.
સાગર ગાગરમાં ભરી, પરીયા તાર્યા પ્રચંડ,
પ્રભાસ કેરે પીપળે, કૃષ્ણ થયા નિર્વણ.

(૪) વહેવાર નીતિ દર્પણ

(રાગ - લલિતની છાંયા)

સજ્જન સુણજો વાક્ય વેદનાં,
વહેવાર નીતિને મુળ ભેદના.

વિદ્યા વિનય કદી સદ્‌ભાગ્યથી મળે,
મન તણા બધા મેલા નીકળે.

વ્યય પછી કરો વિવેક વાણીએ,
સદ્‌બુદ્ધિથી સદા સુપંથ જાણીએ.

વચનથી વધે વેરીઓ ઘણા,
વચનથી વધે હેતુઓ આપણા.

મધુર વાક્યથી મિત્રતા વધે,
કઠોરતા થકી વૈરતો વધે.

સત્ય બોલવું નમ્રતા થકી,
તોલ થાય છે કુળજાતની નક્કી.

વિના પ્રયોજને બહું બોલવું નહીં,
સમય જો મળે સત્ય ચૂકવું નહીં.

અલ્પ રાખજો અભિમાન જાતનું,
રૂપરંગનું નહિ પણ સુકુળ ને રીતનું.

અવિનાશે અર્પીયા સુખ સમૃદ્ધિ ઘણા,
દુઃખ કાપજો તમે દર્દીઓ તણા.

વાલજી કહે દિવ્યજ્યોતિ એ,
ગર્વ છોડીને જ્ઞાન ગોતીએ.

(૫) પછી શું ?

(રાગ - ગઝલ)

તસ્કરો ત્રાસ આપીને ખજાનો ખુબ લુંટી ગયા,
પછીએ ! પાપની લક્ષ્મી કદી પાછી મળે તો શું ?
ઉઠી ગ્યા આત્મવિશ્વાસો વહી ગ્યાં પ્રેમનાં ઝરણાં,
થઈ જયા હૃદયની ધાતો પછી વાતો કર્યાથી શું ?
છલીલો મારતી ગંગા પતિતના પાપ ધોનારી,
નથી જ્યાં આત્મશ્રદ્ધા વળે એ નીર નાયે શું ?
ગાયત્રી જ્ઞાનની ગંગા જીભેથી જાપ ના કીધો,
જનોઈની જોડ લટકાવી કદી બ્રાહ્મણ બન્યા તો શું ?
નિર્દોષનો દોષ ટાંકીને ભયંકર ભૂલ જ્યાં કીધી,
મૂકીને મોકળું મોઢું કદી ડુસ્કાં ભર્યાથી શું ?
દુઃખીની દાદ કંઈ સુણી હૃદયમાં નમ્રતા ના'વી,
પટ્ટાળાં પાઘડાં બાંધી કદી મોટા બન્યા તો શું ?
ભૂખ્યાનો સાદ સાંભળવા દિલાસો દુઃખનો દેવા,
ગરીબનાં લોહી ચૂસીને ઘણી લક્ષ્મી મળે તો શું ?
વિલાસી વૈભવો માણ્યા માનવતા મે'લ પરવારી,
વિવેકે "વાલજી" કહે છે જગતમાં જીવવાથી શું ?

(૬) રહી પણ.... ના... રહી

પિત્રાય નો પડદો હતો પત્ય રાખવા પોતાતણી,
અચ્છી વધારી આબરૂ ધીરાણ જ્યાં ધનનું કરી.
પત્યું કામ પોતા તણું ઉદ્ધત જવાબ આપતા,
રહી ઉઘરાણી આકરી બાકી રહી પણ ના રહી.
દીકરી તણા લૈ દોકડા ધન માલને ભેગાં કરી,
જીવ્યો ઘણું એ જગતમાં બેફામ માનવની ઘડી.
પિતા થયો નહી તેહનો પતિ થઈ પૂંજ્યા કરી,
લોભી તણીએ જિંદગી (કદી) બાકી રહી પણ ના રહી.

વેઠી ઉંઘ ઉજાગરા જ્યાં સુખ શાન્તિ ના મળી,
દિલ પ્યારકાં ને પોષવા જંજાળ જીવનમાં કરી.
દિન રાત જપતો જાપ જેના પ્રભુ પ્રેમદાને પરહરિ,
ચુક પડ્યે છુટો કર્યો અંતે કરી પણ નોકરી.
મોહ બંધન પાસમાં વાતો કરી વૈરાગની,
કીર્તિ કમાવા દાન દીધાં માનની પરવા કરી.
ફેક્યાં તે બંડલ બહારથી ભાષણો ભૂંડા કરી,
સદાય પોષ્યો સ્વાર્થને સેવા કરી પણ ના કરી રહી.

(૭) માયાનો છપ્પો

માયા મોટી ઝાળ જગતમાં સૌથી મોટી
રાય રંક ને બાળ ભલાને ગૈ'છે ભેટી
માયા મોટી ખાણ ખનીજો ખૂબ ખીલાવે
માયા મોટા વહાણ સાગર મધ્ય ડોલાવે
માયા ને વશ માનુની ને મહાપુરૂષની બાંયે વળગી
કહે વાલજી સત્ય શંકરથી રહી નહિ અળગી
માયા મોટો મદ અલ્લડ કે જ્ઞાની જનને
મૂરખનો શું વાંક શૂરા પણ ચાહે ધનને
માયા બહું રંગ સંતસતીએ સૌને વળગી
સાને ચૈત્યા તોય ભરતથી રહીનૈ અળગી
નજર દેખી નીત્ય માયાના મનમાં આવે
કહે વાલજી સત્ય તપસ્વીના તનને ડોલાવે
માયાનો છે ત્રાસ ત્રિભુવન ત્રણ ગુણારી
નારદ શારદ શેષ મયુરધ્વજ દેવ મુરારી
ચેતન ચેત્યા તોય બે સાર્યા બાંયે પકડી
વેદી, ભેદી ભોગ ભૂલાવ્યા જોગી જકડી
માયાથી રચ્યું બ્રહ્માંડ બ્રહ્માએ રૂડી રીત
કહે વાલજી સત્ય ચતુર સાંભળો લગાવી ચિત્ત.

(૮) અમીર (ગઝલ)

શ્રીમંતી કે ગરીબીની કરે નહિ લેશ પણ પરવા,
વિનય ને નમ્રતાવાળો (એ) અમીરી આત્મ જુદો છે.
હરે છે પારકાં દુઃખો તજીને અપના સુખો,
દયાને દીનતા વાળો (એ) અમીરી આત્મ જુદો છે.
કદી ધનવાન બન જાવે સમૃદ્ધિ સાયબી પાવે,
(પણ) ગરીબી ખ્યાલ અપનાવે (એ) અમીરી આત્મ જુદો છે.
મટી ધનવાન એ કરમે કદી કંગાલ બન જાવે,
અનીતિ અંગમાં ના'વે (એ) અમીરી આત્મ જુદો છે.
સુખોમાં નમ્ર થઈ ફરતો દુઃખોમાં ધૈર્યને ધારે,
'મળે' તેમાંજ મન વાળે (એ) અમીરી આત્મ જુદો છે.
'કટુ' કુવાક્ય ઉચ્ચારી કરે (કોઈ) અપમાન ભારી,
સહે તે શિલતાવાળો (એ) અમીરી આત્મ જુદો છે.

(૯) છતે નેત્રે અંધ છે

શાણા સુણો ને વિનંતી વ્હેવારના એ ફંદ છે,
જાણ્યા વિનાના જગતમાં છતે નેત્રે અંધ છે.
દીકરી દેવાય નહીં વર-ઘર જોયા વિના,
તે છતાં નહી જોવે તે છતે નેત્રે અંધ છે.
પાસે ધન મળે નહીં વેપાર જબરો આદરે,
શાહવટ શાખા ગુમાવે તે છતે નેત્રે અંધ છે.
જીણવટ જાતી રહી ક્રોધ દિલમાં આવીયો,
બોલી બગાડે બે ઘડીમાં તે છતે નેત્રે અંધ છે.
માળા તો કરમાં ધરી ભાવથી ભક્તિ કરી,
તોય હણ્યો નહીં કાળને તે છતે નેત્રે અંધ છે.
કર જોડી વદતો વાલજી વાકેફ થાજો વીરલા,
વ્યવહારમાં શાણા થજો છેલ્લી મારી અર્જ છે.

(૧૦) ગાંધીજી

ભારત ભૂમિ માતનો ખરો એક સંતાન,
યુગ યુગ ગાથા જગતમાં ઝાજા મળશે માન.
પીર પટાળો પાંચમો પરશુંનો અવતાર,
પહેરી બંડી પોતડી નીકળ્યો ઘરની બહાર.
હિમાળો હલકું દીએ ડોલાવ્યા દીગ પાળ,
લાઠી લઈને રણે ચડ્યો ભગાડ્યા ભુપાળ.
ધીંગા ને ધમરોળીયા લુટી લીધી શાન,
કલમે જીત્યા કોયડા ધ્રુજાવ્યા ધનપાળ.
સગપણમાં તારે શામળો રાખનહારો રામ,
અવિચળ નામ એના રહે ગાંધી ગામો ગામ.

(૧૧) ગરીબી (ગઝલ)

શ્રીમંતો સુણજો વાણી "માનવતા" ખૂબ છે મોંઘી,
શ્રીમંતી ખૂબ સસ્તી છે ગરીબી ખ્યાલમાં લેજો.
ગરીબની બેન બેટીની શ્રીમંતો લાજ લુંટાવે,
સમયના અંધ એવાઓ ગરીબી ખ્યાલમાં લેજો.
ગરીબનો વાંક નહી જેવો છતાં સંતાપશે ચૌરે,
અસીલી કોરટે કરતાં ગરીબી ખ્યાલમાં ના'વે.
વકીલી કોરટો એવી સદા એ થઈ શ્રીમંતોની,
હરામી માલ ખાઓને ગરીબી ખ્યાલમાં ના'વે.
શ્રીમંતો ચૌકે બેસી પંચાતો પારકી ખોળે,
શેખીની રંજના કરતા ગરીબી ખ્યાલમાં ના'વે.
ગરીબ કંઈ વાત ઉચ્ચારે શ્રીમંતો બોલતા આડું,
ભલાને ભોંય ખોતરાવે ગરીબી ખ્યાલમાં ના'વે.
કરજોડી 'વાલજી' વદતો નથી કુકર્મીની હદ તો,
વાણીથી વૈર ઉપજાવે ગરીબી ખ્યાલમાં ના'વે.

(૧૨) કંઈ નથી
(રાગ-કવાલી)

કંઈ નથી રે કંઈ નથી ! સંસારમાં સાર કંઈ નથી
જનમ્યું જન જીવે નહીં મુવા પછી માટીમાં ભળે
તેજમાં જઈ તેજ ભળીયું શાંતિ નથી તો કંઈ નથી
કંઈ નથી રે...

અન્નનાં ભર્યા કોઠારીયા ધનની ભરી છે કોટડી
જાહોજલાલી જગતમાં સંતતી નથી તો કંઈ નથી
કંઈ નથી રે...

મિષ્ટાન મેવા તો મળે ખાવા પીવાને ખેલણા
પણ લઘુ વયનાં બાળને માતા નથી તો કંઈ નથી
કંઈ નથી રે...

પુષ્પો ખીલ્યાં ભલી ભાતનાં ગુલાબને ગોટા તણા
સોના સમાં એ હો ભલે સુગંધ નથી તો કંઈ નથી
કંઈ નથી રે...

યૌવન ભલે હો ખીલતું મુળચંદ્રની કાંતિ સમું
સંસારીયો ના સુખમાં શ્યામા (પત્નિ) નથી તો કંઈ નથી
કંઈ નથી રે...

ધન ધાન્ય દૌલત સૌ મળે વૈભવો બધા આવી મળે
કાયા સુકોમળ કોમળી નેત્રો નથી તો કંઈ નથી
કંઈ નથી રે...

ઉંચા મંદીર માળીયા પુત્રને પરિવાર હો
કરજોડી કહે વાલજી કિર્તી નથી તો કંઈ નથી
કંઈ નથી રે...

(૧૩) સાસરે જતી દીકરીને શીખ
(રાગ - ઘોળ)

હાથે કંકણ બેની હેમનાં, માથે ભમ્મરીયાળો મોડ રે
દીકરીયું દેવી ડાયાં થઈ રહેજો રે
શીર ઉપર બેની ઓઢો ચુંદડી, કાંબીને કડલાંની જોડ રે
દીકરીયું દેવી ડાયાં થઈ રહેજો રે
પરણી પરઠીને બેની સાસરીયે ચાલ્યા, વીરો વળાવવાને જાય રે
દીકરીયું...
વળાવતા વીરોજી કહે છે સુણો વાતલડી, હૈયે તે હંમેશ રાખજો રે
દીકરીયું...
સાસુ સસરાના વેણમાં વરતજો, પરણ્યાંના કીધાં પાણી પીજો રે
દીકરીયું...
જેઠ સુણતા બેની જીણેરા બોલજો, જેઠાણી વાદ નવ વદજો રે
દીકરીયું...
દેરીડા સાથે બેની હસીયે ને બોલીયે, પણ દલડાની વાત ન કહેજો રે
દીકરીયું...
દેરાણી દેખતાં ન શણગાર સજવા, નાની તે બેન ગણી લેજો રે
દીકરીયું...
નાની નણંદલડીને લાડ છે લડાવજો, સારી શિખામણ આપજો રે
દીકરીયું...
સસરાની સામાં બેની ધીરેરા ચાલજો, ચાલતા તરી માગ દેજો રે
દીકરીયું...
બેટા બેટીને બેની ગાળ્ય ન દેજો, માવતરની આબરૂમાં રહેજો રે
દીકરીયું...
વડસાસુડી ને વેવાય ને માંડવે, મોટેરા થઈ ને ન મ્હાલજો રે
દીકરીયું...

આપ વીતી તો બેની કોઈને ન કહેજો, પર વીતી કાને ન ધરજો રે
દીકરીયું...
આંગણે આવ્યાને બેની આવકાર દેજો, સાસરવાસ ને સુધારજો રે
દીકરીયું...
સંધ્યા ટાણે બેની સેંથા ન પુરજો, ગાળ્યા વિના પાણી ન પીવડાવશો
દીકરીયું...
સગા સંબંધી સાથે હળી મળીને રહેજો, કડવું કુટુંબને ન કહેજો રે
દીકરીયું...
હાથે કરીને બેની દેવાય તો દેજો, સાસરીયે બેની સમજીને રહેજો રે
દીકરીયું...
જ્ઞાતે ખરક છે આ કામળિયા કુળનો, વાલજી કહે જીભે જશ લેજો રે
દીકરીયું...

(૧૪) એકાંત બુરુ છે

વાલા કહું વહેવારમાં સૌ સાનમાં સમજી જશો
એકાન્ત બુરી ચીજ છે એકાન્તવાસે નહી જશો.
યોગી ભૂલ્યા ભોગી ભૂલ્યા રંકને રોગી ભૂલ્યા
ભૂલ્યા પટાપટ ભલભલા ડાહ્યા દિવાના બની ગયા
લીસી પથારી પ્રેમની રસ્તા ઉપરની જાણજો
કૈક તપસી ગયા લપસી ચાલતાં સંભાળજો
એકાન્તમાં અવગણ ઘણાં કર્મ કાળા ને ગણો
ભલુ ચાહો જો આપનું તો એકાન્ત વાસે નહી જશો
યુવાની તો છે દિવાની શાણા ઘણા સમજી ગયા
જેણે જુવાની ને જાળવી તેહ જગતને જીતી ગયા
યોગી પુરુષ જેને ચહે એકાન્ત એવી ગોતજો
કૃત્ય કરવા પાપનાં એકાન્ત વાસે નહી જશો
ઝેરી ફળોનું ઝાડવું પત્ર ઝેરી બીજ છે
વાલજી વાણી વદે કે એકાન્ત બુરી ચીજ છે.

અભિવ્યક્તિ .....

પ્રિય નાથાભાઈ વાયક,

આપના દ્વારા સંકલિત "પૂર્વજોની ગૌરવગાથા" પુસ્તક મેં બે વખત અક્ષરશઃ વાંચ્યું છે. અત્યંત આનંદીત થયો છું.

સાહિત્યકાર સૌમ્ય બુદ્ધિવાળો અને લેખક લાક્ષણિક બુદ્ધિવાળો, બન્ને મળે ત્યારે મુંગા શબ્દોને પણ વાચા મળે છે.

મારી ગામઠી ભાષામાં લખાયેલ ૫૦૦ પાનાની "પૂર્વ જ્યોત" ને **ગાગર માં સાગર** ની જેમ પ્રત્યેક મુદ્દાઓને સમાવી લઈ આપે જે "પૂર્વજોની ગૌરવગાથા" તૈયાર કરી છે, તે બદલ આપને ધન્યવાદ... આ શબ્દ વાસ્તવિકતાથી મારા આત્માના ઉંડાણમાંથી પ્રગટ થયા છે.

આપે મારા આડા-અવળા લખાણમાંથી જરૂરી સુધારા-વધારા કરી, ઝીણવટથી યોગ્ય સ્થળે યોગ્ય પ્રસંગોને મુંકી, સહૃદયતાથી મહેનત દ્વારા આપણી જ્ઞાતિનું ગૌરવ નિર્માણ કરવાના હિતાર્થે, સુંદર સંકલન કરી, "પૂર્વજોની ગૌરવગાથા" આપના દિલ નો રંગ ચડાવીને જ્ઞાતિજનો વચ્ચે મુકેલ છે જે ભવિષ્યની પેઢીને પ્રેરણા અને ગૌરવસ્પદ બની રહેશે.

ફ્રાન્ચ લેખક બનાર્ડ શૉ ને કોઈ સામયિકે પ્રશ્ન કર્યો હતો કે શિક્ષિત કોણ ? જેનો જવાબ તેમણે વિચાર કરીને સુંદર આપેલ, કે જે શબ્દ ની યોગ્ય કિંમત કરી શકે છે અને શબ્દોને વાચા આપી શકે તે શિક્ષિત. માણસના હૃદયમાં જ્યારે ભાવ અને સત્યનું યોગ્ય સિંચન થયેલ હોય ત્યારે જ વાણી શબ્દોમાં અંક્તિ થાય છે આપની આજ પ્રકારના ભાવથી નિર્માણ કરાયેલ પ્રશંસનીય કૃતિ માટે હૃદયના ધન્યવાદ.

આપના જ્ઞાતિસંદેશના વક્તવ્યમાં નિર્દેશ કરાયેલ પ્રમાણે માણસ એટલું સમજે કે હું કોણ છું ? મારે શું કરવાનું છે ? અને હું શું કરી રહ્યો છું ? તો જીવન સાફલ્ય થાય. આ બાબતે આપણી જ્ઞાતિજનો આત્મનિરીક્ષણ કરી વિચારતા થાય તો પણ ઘણું !

સંસ્કાર દુકાનેથી દામ ખર્ચીને મળતા નથી એતો મા-બાપ ના સંસ્કારોથી અને મહાપુરૂષના આશિર્વાદથી જ પ્રાપ્ત થાય છે.

મારા કવિ હૃદયમાંથી આપના પ્રત્યેની કૃતજ્ઞતાભાવે કાવ્ય સરવાણી સરી પડેલ છે. જેને સહર્ષ સ્વિકારશો.

પરદુ:ખ ભંજન પરગજુ, પ્રભુભજન પર પ્રેમ,
મીઠી વાણીને મયુર ગુણ, 'ઈ નાથા તારા નેમ.
જગ જન્મી જશ જાળવ્યો, એ મનુષ્ય દહેના મૂલ્ય,
"નાથા" નામ નારાયણ તણું, બીજુ ધુળની ધુળ
ભૂમી છોડી 'ભાણા' તણી, કર્યો તૃષ્ણા નો ત્યાગ,
નહી દ્વેષ કે રાગ, ધન્ય વારસ એ વીરલ તણા.
ભળી ગયા ભૂતકાળમાં, જેની રહી અમીરી યાદ
વો મીટ્ટીસે મીલ ગયા, જેની વાતુ રહી ગૈ' વાલજી.

એજ લી. વાલજીભાઈ કામળિયાના જય યોગેશ્વર
રાણીવાડા, તા. મહુવા, જી. ભાવનગર.

ભાવગીત-૧

આ જિંદગીના ચોપડામાં સરવાળો માંડજો,
મનને મહેતાજી કરી કામે લગાડજો..... આ જિંદગી

આજ સુધી જીવ્યા છો કેટલું ને કેવું ?
કેટલી કમાણી કરી કેટલું છે દેવું ?
કાઢી સરવૈયું કોઈ સંતને બતાવજો..... આ જિંદગી

કેટલી સુધારી વૃત્તિ કેટલી બગાડી ?
ક્યાં પાટે ચાલી રહી જિંદગીની ગાડી ?
પ્રભુપંથ પામવાને પાટા બદલાવજો..... આ જિંદગી

જમા ને ઉધાર તણો કાઢજો તફાવત,
કેટલી પ્રભુના નામે કરી છે બનાવટ,
એક એક પાનું ચિંતનથી ચકાશજો..... આ જિંદગી

ગીતાની વાત કહો કેટલી પચાવી ?
કેટલી કુટેવ કાઢી કેટલી છે બચાવી ?
સ્વાધ્યાયથી જીવનને સુંદર બનાવજો..... આ જિંદગી

ભાવ અને ભક્તિમાં મસ્ત બની રાચજો,
એક એક ગામડે ગીતાને પહોંચાડજો,
કામ કરી પ્રભુના દિલને હલાવજો..... આ જિંદગી

ભાવગીત-૨

કેમ ભુલાય નામ ભગવાનનું રે !
મને આનંદ થાય નામ બોલતા રે !
મારે હૈયે હરખ નવ માય.....કેમ ભુલાય
જેણે મુજને આ સૃષ્ટિમાં મોકલ્યો રે,
વળી દીધો મનુષ્ય અવતાર.....કેમ ભુલાય
ગર્ભમાંહી જેણે સંભાળીયો રે,
ભર્યું દુધ માતાને સ્તન.....કેમ ભુલાય
મને બુદ્ધિને બળ બહું આપિયાં રે,
કીધો સૃષ્ટિ માંહી મને શ્રેષ્ઠ.....કેમ ભુલાય
મારે માટે તો પુષ્પો ખિલાવયા રે,
કીધી વહેતી વર્ષાની ધાર.....કેમ ભુલાય
મારે માટે પવન પ્રભુ મોકલે રે,
ધરતી પેટે ઉગાડે છે અન્ન.....કેમ ભુલાય
ખાઈ-પીને નિરાંતે હું ઉંઘતો રે,
મારૂ ખાધેલું પચાવે જે અન્ન.....કેમ ભુલાય
મારા જીવનની દોરી જેના હાથમાં રે,
કરતો લોહી તણો અભિષેક.....કેમ ભુલાય
સારી સૃષ્ટિ ને જે સંભાળતો રે,
કરે સેવા સૌની દિન રાત.....કેમ ભુલાય
રામ કૃષ્ણ કે શિવ તમે બોલજો રે,
નામ કેરો મહિમાં છે અપાર.....કેમ ભુલાય

ત્રિકાલ સંધ્યાના શ્લોક

પ્રાતઃ કાલ બોલવાના શ્લોકો

કરાગ્રે વસતે લક્ષ્મીઃ કરમૂલે સરસ્વતી ।
કરમધ્યે તુ ગોવિંદઃ પ્રભાતે કરદર્શનમ્ ॥
સમુદ્રવસને દેવિ ! પર્વતસ્તન મંડલે ।
વિષ્ણુપત્નિ ! નમસ્તુભ્યં પાદસ્પર્શ ક્ષમસ્વ મે ॥
વસુદેવસુતં દેવં કંસચાણૂર મર્દનમ્ ।
દેવકીપરમાનંદં કૃષ્ણં વંદે જગદ્ગુરૂમ્ ॥

ભોજન સમયે બોલવાના શ્લોકો

યજ્ઞશિષ્ટાશિનઃ સન્તો મુચ્યન્તે સર્વકિલ્બિષૈઃ ।
ભુંજતે તે ત્વઘં પાપા યે પચન્ત્યાત્મકારણાત્ ॥
યત્કરોષિ યદશ્નાસિ યજ્જુહોષિ દદાસિયત્ ।
યત્તપસ્યસિ કૌન્તેય તત્કુરુષ્વ મદર્પણમ્ ॥
અહં વૈશ્વાનરો ભૂત્વા પ્રાણિનાં દેહમાશ્રિતઃ ।
પ્રાણાપાનસમાયુક્તઃ પચામ્યન્નં ચતુર્વિધમ્ ॥
ૐ સહ નાવવતુ સહ નૌ ભુનકતુ, સહ વીર્ય કરવા વહૈ ।
તેજસ્વી નાવધીતમસ્તુ, મા વિદ્વિષાવહૈ ॥
ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

સુતા સમયે બોલવાના શ્લોક

કૃષ્ણાય વાસુદેવાય હરયે પરમાત્મને ।
પ્રણતઃ ક્લેશનાશાય ગોવિંદાય નમો નમઃ ॥
કરચરણકૃતં વાકકાયજં કર્મજં વા,
શ્રવણનયનજં વા માનસં વાપરાધમ્ ।
વિહિતમવિહિતં વા સર્વમતેત્ ક્ષમસ્વ,
જય જય કરૂણાબ્ધે શ્રી મહાદેવ શંભો ॥
ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વં મમ દેવ દેવ ॥

પ્રેરિત : પ.પૂ.પાંડુરંગ શાસ્ત્રી આઠવલે